MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૯-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોનાઃ વિશ્વમાં ૨૭ હજારથી વધુ લોકોના મોતઃ છ લાખથી વધુ લોકો સંક્રમિત

3 વડાપ્રધાનએ કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલી નર્સને ફોન કરી કામગીરીને બિરદાવી

8 લોકડાઉનથી રાજ્ય સરકારની તિજોરીને ૩થી ૪ હજાર કરોડના નુકસાનની શક્યતા

11 નર્મદા પોલીસની સેવાકીય કામગીરી : નર્મદા ટ્રાફિક પીએસઆઇ ગલચરની સેવાકીય કામગીરી જોવા મળી

રાજ્યમાં કોરોના રોગી લોકલ ટ્રાન્સમિશન પ્રક્રિયા શરૂ થઈઃ આરોગ્ય સચિવનો ધડાકો

ગુજરાત ચેતઃ ૫ એપ્રિલ સુધી કોરોનાના કેસ વધશે

અમદાવાદમાં વધુ એક મહિલાના મોત સાથે રાજ્યમાં મૃત્યુઆંક ૪ થયો,વધુ છ કેસો પોઝિટિવ આવતા આંકડો ૫૪એ પહોંચ્યો,સરકારની લોકોને અપીલ,પોતાના ઘરોમાં જ રહો,અમદાવાદમાં સૌથી વધુ ૨૧ કેસ

ગાંધીનગર

દેશમાં ફેલાયેલી મહામારી કોરોના વાઇરસ રોગચાળાના પોઝીટીવ કેસોની સંખ્યા અન્ય કેટલાક રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ચિંતાજનક રીતે વધી રહી હોય તેમ આજે વધુ ૬ પોઝીટીવ કેસો બહાર આવતાં રાજ્યમાં કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યા ૫૦ને પાર કરીને ૫૩ પર પહોંચી ગઇ છે. અને ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશનની એટલે કે ઝડપથી રોગ ફેલાવવાની પ્રક્રિયા અને રાજ્યમાં ઇફ્ક્યુબેશન પરિયડ્સ ચાલુ હોવાથી કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઇ શકે છે. આગામી ૫ એપ્રિલ સુધી કેસમાં વધારો થાય તેવી સંભાવના છે. હાલ રાજ્યમાં લોકલ ટ્રાન્સમિશન કેસો વધ્યા છે. જે તબીબોના મતે ત્રીજા

અનુ. પાના નં. 3 પર

ગુજરાતમાં કોરોનીની તપાસ માટે ૪ કરોડનું સર્વેલન્સ પૂર્ણ કરાયું

દિલ્હીથી પર્સનલ પ્રોટેક્ટિવલ ઈક્વિપમેન્ટ્સ, માસ્કનો જથ્થો દિલ્હીથી લાવવામાં આવી રહ્યો છે એમ કહીને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે,રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે એ માટે આરોગ્ય સેનાનીઓ દ્વારા હોમ ટુ હોમ અને ટેલિફોનિક સર્વેલન્સ-ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે ૪ કરોડથી વધુ નાગરિકોને આવરી લેવાયા છે અને જેમાં તાવ, ઉધરસ કે અન્ય લક્ષણો જણાય તો સામેથી સંપર્ક કરીને તેમને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

કોરોના વાયરસના પોઝિટિવ કેસો

અમદાવાદ	૨૧
વડોદરા	૮
સુરત	૭
ગાંધીનગર	૭
કચ્છ	૧
રાજકોટ	૮
ભાવનગર	૧
મહેસાણા	૧
મૃત્યુ	૩
કુલ	૫૪

સંક્રમિતોની સંખ્યા ૧ લાખને પાર,વિશ્વમાં સૌથી વધુ અમેરિકામાં

કોરોનાથી અમેરિકામાં હાહાકાર, એક જ દિવસમાં ૩૪૫ મોત, ૧૮ હજાર નવા કેસ

ઈટલીમાં કોરોના વાયરસ સામે જંગ લડતા ૫૧ ડોક્ટરના મોત

વોશિંગ્ટન

કોરોના વાઈરસે ઈટલી અને સ્પેનમાં કહેર મચાવ્યા બાદ હવે અમેરિકામાં વિનાશક બની ગયો છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસની ચપેટમાં આવીને ૩૪૫ લોકોના મોત નીપજ્યા છે જ્યારે અહીં ૧૮૦૦૦ નવા કેસ સામે આવ્યા છે. અમેરિકામાં દર મિનિટે લગભગ ૧૩ કોરોનાના નવા દર્દી સામે આવી રહ્યા છે.

અમેરિકામાં કોરોના સંક્રમિત કુલ દર્દીઓની સંખ્યા ૧૦૦૦૦૦ને પાર કરી ગઈ છે. અમેરિકાએ કોરોના કેસમાં ચીન, ઈટલી અને સ્પેનને પાછળ છોડી દીધા છે.

જહોન હૉપકિંસ યુનિવર્સિટીનો જ ટ્રેકર જણાવે છે કે અમેરિકામાં હવે દુનિયાના સૌથી વધારે દર્દી છે. આ ટ્રેકર અનુસાર અમેરિકામાં તાજેતરના આંકડા અનુસાર ૧,૦૪,૦૦૭ કોરોનાના દર્દી છે જ્યારે અહીં અત્યાર સુધી ૧૬૯૩ લોકોના મોત થઈ ચૂક્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ફેડરલ (આંતરિક બાબતોમાં સ્વતંત્ર) અધિકારી વાયરસના સંક્રમણના આધારે કાઉન્ટિઓ (તાલુકા કે વહીવટી વિભાગ)ને શ્રેણીબદ્ધ કરવા માટે નવી માર્ગદર્શિકા તૈયાર કરી રહ્યા છે. જેના કારણે કોરોનાને ખતરાને પગલે રાષ્ટ્રવ્યાપી આદેશોમાં છૂટ આપી શકાય.

રાજ્યોના ગવર્નરોને પત્ર લખીને ટ્રમ્પે કહ્યું છે કે નવા આદેશોથી રાજ્યનો સ્થાનિક નેતાઓને સામાજિક મેળાવડાથી દૂર રહેવા તેમજ અન્ય ઉપાયોને કાયમ રાખવા તેમને વધારવા કે છૂટ આપવાના અધિકારો મળશે. રાજ્ય તેમજ નગર પાલિકાઓ પાસે જરૂર લાગે ત્યારે પ્રતિબંધ લગાવવાનો અધિકાર હશે.

ઈટાલીના ડોક્ટર એસોશિયેશને શુક્રવાર સાંજે જણાવ્યું હતું કે કોરોનાથી સંક્રમિત થયા બાદ અત્યાર સુધીમાં ૫૧ ડોક્ટર્સના મોત થયા છે. રિપોર્ટ અનુસાર ગુરૂવારથી શુક્રવાર દરમિયાન ઈટાલીમાં ૯૬૯ લોકોના મોત થયા. કુલ મોતનો આંકડો ૯૧૩૪ થઈ ચુક્યો છે. સંક્રમણના કુલ કેસ અને મૃત્યુઆંકની દ્રષ્ટિએ ચીન અમેરિકા, ઈટાલી બાદ ત્રીજા ક્રમ પર છે. સ્પેનમાં પણ વધુ ૫૬૯ મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૯૩૪ થયો છે. સ્પેનમાં આજે ૬,૨૭૩ નવા કેસ નોંધાયા છે અને કુલ મૃત્યુ આંક ૫૬૯ વધીને ૪,૯૩૪ થયો છે.

ટ્રમ્પે ૨ ટ્રિલિયન ડોલરના રાહત પેકેજને મંજૂરી આપી

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ૨ ટ્રિલિયન ડોલરના રાહત પેકેજને મંજૂરી આપી છે. આ રાહત પેકેજ અમેરિકન અર્થવ્યવસ્થાને થયેલા નુકસાનની ભરપાઇ કરશે. લોકોને આ પેકેજમાંથી બેરોજગારી ભથ્થું પણ આપવામાં આવશે. આ અત્યાર સુધીનું સૌથી મોટી રાહત પેકેજ છે.

કેરલમાં વાયરસથી પ્રથમ મોત,સૌથી વધુ પોઝિટિવ કેસો મહારાષ્ટ્રમાં ૧૮૦

કોરાનાનો ડરઃ દેશમાં ૨૦ના મોત,પોઝિટિવ કેસ ૯૦૦ને પાર

રેલ્વેએ ટ્રેનના ડબ્બાને જ આઇસોલેશન કોચના રૂપમાં ફેરવવાનું શરૂ કર્યુ,કેરળમાં એક જ દિવસમાં સૌથી વધુ ૩૯ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી

દેશમાં નોવલ કોરોના વાયરસથી કેરળમાં સૌપ્રથમ મૃત્યુ થયું છે. કેરળના ૬૯ વર્ષના વૃદ્ધે કોરોના વાયરસને પગલે દમ તોડ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ અત્યાર સુધીમાં દેશમાં કોરોના સંક્રમિત લોકોનો આંકડો ૯૦૦ થયો છે. મહારાષ્ટ્રમાં કુલ ૧૮૦ દર્દીઓ કોરોના પોઝિટિવ છે જે દેશમાં તમામ રાજ્યોની તુલનાએ સૌથી વધુ છે.

રેલવેએ ટ્રેનના ડબ્બાને જ આઈસોલેશન કોચના રૂપમાં બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં ૬ બર્થ વાળા ભાગમાંથી એક બાજુમાંથી મિડિલ બર્થ અને સામે વાળા ત્રણેય બર્થ કાઢી દેવાયા છે. આના એક ભાગમાં એક દર્દીને રાખવામાં આવશે. આનાથી દરેક દર્દી વચ્ચે પૂરતું અંતર રહેશે. સીડીઓ પમ હટાવી દેવાઈ છે અને બાથરૂમ વાળા ભાગમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

કેરળમાં થયેલા મોતને પગલે કોરોનાથી મૃત્યુઆંક ૨૦ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસના કારણે કેરલમાં એક દિવસમાં ૩૯ કેસ સામે આવ્યા છે. જેમાં

અનુ. પાના નં. 3 પર

ડોર્નિયર વિમાનથી પૂણે લવાયા ૬૦ ટેસ્ટિંગ સેમ્પલ

ભારતીય નૌસેના, શુક્રવાર રાતે ડોર્નિયર વિમાનથી કોરોના વાયરસ ટેસ્ટિંગ માટે ૬૦ સેમ્પલ લઈને પૂણે પહોંચી છે. આને INS હંસા એર સ્ટેશન (ગોવા) થી લાવવામાં આવ્યા છે. ગોવા સ્વાસ્થ્ય વિભાગ પોતે આને લઈને પૂણે પહોંચ્યા હતા.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

ઇટાલી,સ્પેન,ફ્રાન્સમાં જ ૧૬ હજારથી વધુ લોકો મોતને ભેટ્યા

કોરોનાઃ વિશ્વમાં ૨૭ હજારથી વધુ લોકોના મોતઃ છ લાખથી વધુ લોકો સંક્રમિત

છ લાખ પોઝિટિવ કેસમાં ત્રણ લાખથી વધારે યુરોપમાં, ફ્રાન્સ સરકારે લોકડાઉનને ૧૫ એપ્રિલ સુધી વધાર્યુ


રોમ/મેડ્રિડ

કોરોના વાઈરસે વિશ્વભરના મોટાભાગના દેશોને ભરડામાં લીધા છે. વિશ્વભરમાં અત્યાર સુધીમાં પોઝિટિવ કેસની સંખ્યા છ લાખે પહોંચી ગઈ છે.તેમાં ત્રણ લાખથી વધારે કેસ યુરોપમાં છે. વિશ્વભરમાં મૃત્યાઆંક ૨૭૩૬૫ થયો છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૩૩ હજાર ૩૦૦ લોકને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમેરિકાની અંદર કોરોના વાઈરસના ૧ લાખ ૪ હજાર ૨૦૫ કેસ નોંધાયા છે. અહીં મૃત્યુઆંક ૧૭૦૦થી વધી ગયા છે. ઈટાલીમાં ૮૬૪૯૮ કેસ નોંધાયા છે. અહી મૃત્યુઆંક ૯૧૩૪ થયો છે. અમેરિકાએ કોરોના વાઈરસ પ્રભાવિત દેશોને આ મહામારી સામે લડવા માટે ૧૭૪ મિલિયન ડોલરની સહાય કરવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત ભારતને ૨.૯ મિલિયન ડોલર (૨૧.૭ કરોડ રૂપિયા)ની મદદ આપવામાં આવશે. બીજી તરફ ઈટાલી, સ્પેન અને ફ્રાન્સમાં ૧૬૨૬૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ આંકડો વિશ્વમાં થયેલા કુલ મોતના ૬૦ % છે. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ મુજબ યુરોપમાં પોઝિટિવ કેસની સંખ્યા ત્રણ લાખથી વધારે છે. ફ્રાન્સ સરકારે લોકડાઉનને ૧૫ એપ્રિલ સુધી વધાર્યુ છે.

ઈટાલીમાં કોરોના વાઈરસના કેસ ૮૬૪૯૮ થઈ છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ અહીં એક દિવસમાં ૯૬૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સાથેજ અત્યાર સુધીમાં ૯૧૩૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. ૨૪ કલાકમાં ૫૮૯ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. શુક્રવારે અહીં ૪૪૦૧ લોકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. હાલ અહીં ૩૭૩૨ લોકો આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. ૩ એપ્રિલ સુધી શાળાઓ બંધ રહેશે તેવી જાહેરાત કરવામાં આવી છે.બીજી તરફ સ્પેનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૭૩ લોકોના મોત થયા છે. અહીં મૃત્યુઆંક ૫૧૩૮ થયો છે.

તુર્કીએ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ બંધ કરી

તુર્કીના રાષ્ટ્રપતિ રેજેપ તૈયપ એર્દોઆને તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને કેન્સલ કરવાનો નિર્ણય કર્યો છે. અહીં ૨૪ કલાકમાં ૧૭ લોકોના મોત થયા છે. કુલ કેસની સંખ્યા ૫૬૯૮ અને મૃત્યુઆંક ૯૨ થયો છે.



કોરોના વાયરસના કહેરને પહોંચી વળવા માટે સમગ્ર વિશ્વમાં પ્રયાસો ચાલી રહ્યા છે. ભારત સહિતના ૧૨ ડઝનથી પણ વધારે દેશોમાં સંપૂર્ણ પણે લોકડાઉન છે. ત્યારે ભારતના લોકો લોકોડાઉનમાં પણ ઘરની બહાર કોઈને કોઈ બહાને નીકળી રહ્યા છે. ત્યારે લોકોને જાગૃત કરવા માટે ચેન્નાઈના એક કલાકારે પોલીસ સાથે મળી કોરોનાની પેટનનું હેલ્મેટ બનાવ્યું છે. લોકોને જાગૃત કરવા માટે ચેન્નાઈના કલાકાર ગૌતમે એક અનોખો પ્રયોગ કર્યો છે. તેમણે 'કોરોના હેલ્મેટ' બનાવ્યું છે. પોલીસ આ હેલ્મેટ પહેલી લોકોને જાગૃત કરી રહીછે. ગૌતમ કહે છે કે પોલીસ ૨૪ કલાક કામ કરી રહી છે. ત્યારે લોકો આ બાબતને ગંભીરતાથી નથી જોઈ રહ્યા. હું પોલીસ માટે કંઈક કરવા માંગચો હતો. એટલા માટે આ હેલ્મેટ તૈયાર કર્યુ છે.

ફોરેક્સ રિઝર્વ ઘટીને ૪૬૯.૯૦૯ અબજ ડોલર થઈ

વિદેશી હૂંડિયામણમાં પણ કોરોના વાયરસઃ ૨૦૦૮ પછીનો સૌથી મોટો ઘટાડો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થાની હાલત ખરાબ થઈ રહી છે. ભારતીય વિદેશી વિનિમય ભંડાર (ફોરેક્સ રિઝર્વ) પર પણ વાયરસની અસર થઈ છે. રિઝર્વ બેંકના છેલ્લા આંકડા દર્શાવે છે કે ૨૦ માર્ચના રોજ પૂરા થતાં સપ્તાહમાં, દેશના વિદેશી હૂંડિયામણનો ભંડાર ૧૧.૯૮ અબજ ડોલર ઘટીને ૪૬૯.૯૦૯ અબજ ડોલર થઈ ગયો છે. ૨૦૦૮ પછીનો આ સૌથી મોટો ઘટાડો છે. છેલ્લા છ મહિનામાં પ્રથમ વખત, ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો થયો છે. આ પહેલા ૨૦સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પૂરા થયેલા સમાહમાં વિદેશી હૂંડિયામણમાં ઘટાડો થયો હતો. તે સમયે તે ૩૮.૮ અબજ ડોલર ઘટીને ૪૨૮.૫૮ અબજ ડોલરનું હતું. જોકે ૬ માર્ચના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં દેશના વિદેશી વિનિમય ભંડારમાં ૫.૬૯ અબજ ડોલર વધીને ૪૮૭.૨૩ અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોચી ગઈ હતી

હકીકતમાં, ઝડપથી ફેલાતા કોરોના વાયરસ વિશેની અનિશ્ચિતતા વચ્ચે, વિદેશી રોકાણકારોનો વિશ્વાસ ઓછો થયો છે અને આવી સ્થિતિમાં નાણાંની ઉપાડમાં વધારો થયો છે. આને કારણે ૨૩ માર્ચે રૂપિયાનું મુલ્ય ડોલર દીઠ ૭૬.૧૫ની સર્વાધિક નીચી સપાટીને સ્પર્શ્યો હતો. જો કે, કોરોના વાયરસની આર્થિક અસરોને ઘટાડવા માટે સરકાર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં શુક્રવારે ડોલર સામે રૂપિયો ૨૭ પૈસાની મજબૂતી સાથે ૭૪.૮૯ ની સપાટીએ બંધ રહ્યો હતો.

સિંગાપોરમાં નજીક ઉભા રહેનાર કે અડીને બેસનારને જેલ અને દંડ

સિંગાપોર

સિંગાપોર સરકારે કોરોના વાઈરસનો રોગચાળો વધુ ફેલાતો રોકવા માટે લોકોનો જાહેરમાં શારીરિક સંપર્ક ઘટાડવા જેલની સજા અને દંડની જાહેરાત કરી હતી. સિંગાપોરમાં બાર્સ અને સિનેમાગૃહો સહિતના સાર્વજનિક સ્થળો બધં કરાવાયા છે તેમ જ મોટા કાર્યક્રમોના આયોજન પર પ્રતિબધં મુકાયો છે.

વિશ્વ્વભરમાં કોરોના વાઈરસનો રોગચાળો ફેલાતો રોકવા માટે લોકોને શારીરિક સંપર્ક ટાળવાની સૂચના અપાઈ રહી છે. સિંગાપોરના નવા કાયદા મુજબ લોકો જાહેરમાં ઈરાદાપૂર્વક એક મીટર કરતાં ઓછા અંતરે કતારમાં ઊભા હશે અથવા સીટ પર બેઠા હશે તો તેઓને છ મહિના સુધીની જેલ અને વધુમાં વધુ સિંગાપોરના ૧૦,૦૦૦ ડોલર (અમેરિકાના અંદાજે ૭,૦૦૦ ડોલર) સુધીનો દંડ કરાશે.

સિંગાપોરમાં વ્યાપારીઓને પણ ગ્રાહકો એકબીજાથી એક મીટરનું અંતર રાખે એનું ધ્યાન રાખવા સૂચના અપાઈ છે અને જો તેઓ તેનું પાલન નહિ કરે તો તેઓને પણ જેલની સજા અને દંડ કરાશે. સિંગાપોરમાં કોરોના વાઈરસના અંદાજે ૬૮૩ દરદી છે અને ઓછામાં ઓછા બે દરદી મૃત્યુ પામ્યા છે, પરંતુ જનતાનો એકબીજાની સાથે શારીરિક સંપર્ક ટાળવાના કડક નિયમને લીધે તેને પોતાને ત્યાં હજી સંપૂર્ણ લોકડાઉન કરવાની જર નથી પડી.

ચીન પાસે સુરક્ષા સમિતિની અધ્યક્ષતા છે, જે ૩૧ માર્ચે પૂર્ણ થશે

કોરોના મહામારી પર યુએન સમિતિમાં અત્યાર સુધી એક પણ બેઠક નથી થઈ

ન્યૂયોર્ક

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના મહામારી પર ચર્ચા કરવા માટે અત્યાર સુધી કોઈ બેઠક નક્કી કરવામાં આવી નથી. બીજી તરફ વિશ્વસ્તરે કોરોના મહામારીના પાંચ લાખથી વધુ કેસ સામે આવી ચૂક્યા છે અને ૨૪ હજારથી વધુ લોકો માર્યા ગયા છે.

રસપ્રદ બાબત એ છે કે વર્તમાન સમયમાં સુરક્ષા પરિષદની અધ્યક્ષતા ચીન કરી રહ્યુ છે. અત્યાર સુધી વિશ્વસ્તરે સંયુક્ત રાષ્ટ્રના ૭૮ કર્મચારીઓ પણ કોરોના વાયરસના લપેટામાં આવી ચૂક્યા છે.

ચીનની ૧૫ દેશોની પરિષદની અધ્યક્ષતા ૩૧ માર્ચે સમાપ્ત થાય છે અને કોરોના વાયરસ મહામારી પર ચર્ચા કરવા માટે સુરક્ષા સમિતિની કાર્યસૂચીમાં કોઈ બેઠક સામેલ નથી.

સુરક્ષા સમિતિએ સંયુક્ત રાષ્ટ્રમાં ચીનના રાજદૂતના નેતૃત્વમાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સ કરી અને લીબિયામાં સહયોગ મિશન પર ચર્ચા કરી. બેઠક પછી સંયુક્ત રાષ્ટ્રએ ચીની મિશન દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવ્યુ કે સમિતિના સભ્યોએ લીબિયામાંમ કોરોના વાયરસ મહામારી પર સંભવિત પ્રભાવો પર ચિંતા જાહેર કરી અને તાત્કાલિક પગલા લેવા અપીલ કરી હતી. આ સમગ્ર નિવેદનમાં કોરોના જેવી મહામારી વિશે માત્ર આ જ વર્ણન કરાયુ હતું.

કોરોના સામે લડવા અમેરિકાની ભારતને ૨૯ લાખ ડોલરની સહાય

વોશિંગ્ટન/ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ સામેની લડાઈઃ અમેરિકાએ ભારત માટે ૨૯ લાખ ડોલરની નાણાકીય સહાય જાહેર કરી. અન્ય દેશોને ૧૭ કરોડ ૪૦ ડોલરની સહાયતા કરશે.

ભયાનક કોરોના વાઈરસ સામે લડવા માટે અમેરિકાએ દુનિયાના ઘણા દેશોને પોતાના તરફથી નાણાકીય સહાય જાહેર કરી છે. ભારતને એ ૨૯ લાખ ડોલરની સહાય કરશે.

કુલ ૬૪ દેશો માટે અમેરિકાએ ૧૭ કરોડ ૪૦ લાખ ડોલરની સહાયતા જાહેર કરી છે. અમેરિકાએ ગયા ફેબ્રુઆરીએ જાહેર કરેલી ૧૦ કરોડ ડોલરની સહાયતાની ઉપરાંતની આ સહાયતા છે. જે દેશો કોરોના વાઈરસ રોગચાળાના સૌથી વધારે જોખમમાં મૂકાઈ ગયા છે ખાસ એમને માટે આ ભંડોળ છે.

અમેરિકી વિદેશ મંત્રાલયે કહ્યું છે કે લેબોરેટરી સિસ્ટમ્સ તૈયાર કરવા, કોરોનાનાં કેસ શોધવા માટેની તપાસ યંત્રણાને એક્ટિવેટ કરવા તથા પ્રતિસાદ અને સજ્જતા માટે સપોર્ટ ટેકનિકલ નિષ્ણાતો પૂરા પાડવા માટે ભારત સરકારને મદદરૂપ થવા માટે અમેરિકા ૨૯ લાખ ડોલર પૂરા પાડશે.

અમેરિકાએ કોરોના વાઈરસ સામે લડવા માટે શ્રીલંકાને ૧૩ લાખ ડોલર, નેપાળને ૧૮ લાખ ડોલર, બાંગ્લાદેશને ૩૪ લાખ ડોલર અને અફઘાનિસ્તાનને ૫૦ લાખ ડોલરની સહાયતા જાહેર કરી છે.

યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના નાયબ વહીવટકાર બોની ગ્લિકે કહ્યું કે છેલ્લા અનેક દાયકાઓથી અમેરિકા દુનિયાના દેશોને જાહેર આરોગ્યની સંભાળ લેવા માટે આર્થિક મદદ કરતું આવ્યું છે. આમ કરીને અમેરિકાએ અનેક લોકોનાં જાન બચાવ્યા છે, અનેક લોકોને રક્ષણ પૂરું પાડ્યું છે, આરોગ્ય સંસ્થાઓનું નિર્માણ કરાવ્યું છે અને સમાજો તથા દેશોની સ્થિરતા જાળવવામાં મદદ કરી છે.

વાયરસની ઉત્પત્તિ અને તેના સંક્રમણને સમજવામાં મદદ મળશે

વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસની પ્રથમ તસ્વીર ખેંચી

ન્યુ દિલ્હી

નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીના શોધકર્તાઓએ ભારતમાં કોરોનાવાઈરસની પહેલી તસવીર જાહેર કરી છે. વૈજ્ઞાનિકોએ ટ્રાન્સમિશન ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ ઈમેજિંગ દ્વારા નવા કોરોનાવાઈરસની તસવીર લીધી છે. દેશમાં કોરોનાવાઈરસનો પહેલો મામલો ૩૦ જાન્યુઆરીએ સામે આવ્યો હતો. આ તસવીર તે સમયે લેવામાં આવી છે. જોકે, મહિલાને વુહાનથી ભારત આવ્યાં પછી જ કોરોનાની જાણ થઈ હતી.

ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચ પ્રમાણે, ચાઈનીઝ મહિલાના ગળાના સેમ્પલને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપથી જોયા બાદ તસવીર સામે આવી છે. નવા કોરોનાવાઈરસની તસવીર મેર્સ અને સાર્સથી મળતી આવે છે. કોરોનાવાઈરસની ચારેય બાજુ એક ક્રાઉનની રચના છે, જેના કારણે તેને કોરોના નામ આપવામાં આવ્યું છે. લેટિનમાં ક્રાઉનનો અર્થ કોરોના થાય છે.

આઈસીએમઆરના પૂર્વ ડાયરેક્ટર જનરલ ડો. નિર્મલ ગાંગુલી પ્રમાણે, આ તસવીર ખૂબ જ જટિલ છે, જે આનુવાંશિક દ્રષ્ટિએ કોરોનાવાઈરસની ઉત્પત્તિ અને તેના વિકાસ સાથે જોડાયેલી અનેક મુખ્ય વાતો સમજવામાં મદદ કરશે. આ વાઈરસ જાનવરોમાંથી મનુષ્ય સુધી કેવી રીતે પહોંચ્યો તે તસવીરોનો અભ્યાસ કર્યા બાદ જાણવા મળશે. રિસર્ચના પરિણામ વાઈરસ વિરૂદ્ધ વેક્સીન અને દવા તૈયાર કરવામાં મુખ્ય રોલ નિભાવશે.

સમગ્ર દેશમાં લૉકડાઉન છતાં બેંકોનું વિલીનીકરણ થશે

ન્યુ દિલ્હી

સરકારે કહ્યું છે કે, બેંકોનું વિલયની યોજના હાલ પાટા પર છે અને એક એપ્રિલથી તેના પર અમલ શરૂ થઈ જશે. હાલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લૉકડાઉનની સ્થિતી બની છે તેમ છતાં પણ આ બેંકોને વિલય કરવામાં આવશે. આપને જણાવી દઈએ કે, કેન્દ્રીય મંત્રીમંડળે આ મહિનાની શરૂઆતમાં જ સાર્વજનિક ક્ષેત્રની ૧૦ બેંકોનું મર્જ ચાર બેંકમાં કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

આ અંગે જયારે નાણાપ્રધાન નિર્મલા સીતારમણ સાથે વાત કરવામાં આવી તો, તેમણે જણાવ્યું હતું કે, બેંકોના મર્જની પ્રક્રિયાની કોઈ સમયસીમા વધારવામાં આવી નથી. બેંકના મામલાઓના સચિવ દેવાશીષ પાંડાએ જણાવ્યું હતું કે, વિલયની પ્રક્રિયા પર હાલ કામ ચાલુ છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, બેંકીંગ ક્ષેત્ર કોરોનાની મહામારીના પડકારને પાર પાડી લેશે.

પ્રસ્તાવ મુજબ જોઈએ તો, ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યૂનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાનું મર્જ પંજાબ નેશનલ બેંકમાં, સિંડિકેટ બેંકનું કેનેરા બેંકમાં, આંધ્રા બેંક અને કોર્પોરેશન બેંકનું યૂનિયન બેંક ઓફ ઈન્ડિયામાં અને અલ્હાબાદ બેંકનું ઈન્ડિયન બેંકમાં મર્જ થશે. આ મર્જ બાદ દેશમાં સાત મોટી બેંક થઈ જશે અને પાંચ જ નાની બેંક રહેશે. વર્ષ ૨૦૧૭માં સાર્વજનિક ક્ષેત્રની ૨૭ બેંકો હતી.

બ્રાઝીલના રાષ્ટ્રપતિનું વિવાદાસ્પદ નિવેદન

માફ કરજો કોરોનાથી અમુક લોકો મરશે, પણ અમે ફેક્ટરી બંધ ન કરી શકીએ



બ્રાઝિલ

બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલોનસરોએ શુક્રવાર રાત્રે કોરોના વાઈરસને લઈને દેશને સંબોધન કહ્યું હતું. તેમણે કહ્યું કે માફ કરજો કારણ કે અમુક લોકો મરશે જ. માર્ગ અકસ્માતમાં લોકોના મોત થાય તો શું કાર ફેક્ટરી બંધ થઈ જાય છે? બ્રાઝીલની અર્થવ્યવસ્થાના પાવર હાઉસ સમાન સાઓ પાઉલોમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. બ્રાઝીલમાં સૌથી વધારે કેસ અને મૃત્યુઆંક આ રાજ્યમાંજ નોંધાયો છે. બ્રાઝીલના સાઓ પાઉલોમાં ૧૨૩૩ કેસ સામે આવ્યા છે અને ૬૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમારે એ જોવાની જરૂર છે કે અહીં શું થઈ રહ્યું છે. અહીં રાજકીય હીતો માટે મોતના આંકડા સાથે કોઈ રમત રમાઈ રહી છે.

બ્રાઝીલના રાષ્ટ્રપતિ બોલોનસરોએ કોરોના વાઈરસથી થયેલા મોતના આંકડા ઉપર શંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું હતું કે મને શંકા છે કે રાજકીય લાભ ખાટવા માટે કેસને વધારીને બતાવવામાં આવી રહ્યા છે. બોલસોનારો પોતાના વિવાદાસ્પદ નિવેદનને લઈને ન માત્ર બ્રાઝીલમાં પરંતુ વિશ્વભરમાં જાણીતા છે. તેમણે કહ્યું કે તેમને સાઓ પાઉલો રાજ્યમાં સામે આવેલા કેસ પર વિશ્વાસ નથી. તમણે ગવર્નર દ્વારા આપવામાં આવેલા નિવેદનનોની નંદા કરી અને કોરોના વાઈરસને સામાન્ય તાવની બીમારી ગણાવી.

ભાડૂતો પાસેથી આ મહિને ભાડું માગ્યું તો એક વર્ષની જેલ થશેઃ નોએડા ડીએમનો આદેશ

ન્યુ દિલ્હી

ગ્રેડર નોએડાથી પલાયન કરી રહેલા લોકોને રોકવા માટે ગૌતમબુદ્ધ નગરના ડીએમએ મોટો નિર્ણય લીધો છે. તેમણે દરેક મકાન માલિકોને આદેશ આપ્યો છે કે કોઈ પણ મકાનમાલિક આગામી એક મહિના સુધી કોઈ ભાડૂત પાસેથી ભાડુ માંગે નહીં. જો કોઈ મકાનમાલિક આ આદેશનું ઉલ્લંઘન કરશે તો તેને એક વર્ષની જેલ થઈ શકે છે.

૨૧ દિવસના લોકડાઉનના કારણે મજૂરો અને ફેક્ટરીમાં કામ કરતા કામદારો અત્યારે તેમના મૂળ નિવાસસ્થાને પરત ફરી રહ્યા છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કે લોકડાઉનના કારણે કામકાજ બંધ થઈ ગયું છે અને તેઓ ભાડુ આપી શકે તેવી સ્થિતિમાં નથી. આ પરિસ્થિતિમાં ઘણા મકાનમાલિકો તેમને ઘરેથી બહાર પણ કાઢી રહ્યા છે. તેના લીધે લોકો પલાયન કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં આ નિર્ણય ડીએમ બીએન સિંહ દ્વારા લેવામાં આવ્યો છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ મામલે કોઈને ફરિયાદ દાખલ કરવી હોય તો ઈન્ટિગ્રેટેડ કન્ટ્રોલ રૂમના નંબર -૦૧૨૦-૨૫૪૪૭૦૦ પર કરી શકે છે.



વડાપ્રધાનએ કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલી નર્સને ફોન કરી કામગીરીને બિરદાવી

ન્યુ દિલ્હી

કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલા ડોક્ટરો અને નર્સોને દેશ સલામ કરી રહ્યો છે.સાથે સાથે પીએમ મોદી પણ તેમની સાથે ફોન પર વાત કરીને તેમનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.

મહારાષ્ટ્રની નાયડૂ ગર્વમેન્ટ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલા નર્સ છાયાને કદાચ કલ્પના પણ નહી હોય કે પીએમ મોદી નો ફોન તેમને આવી શકે છે. તેમણે જ્યારે ફોન ઉઠાવ્યો ત્યારે સામેથી અવાજ આવ્યો હતો કે, નમસ્તે સિસ્ટર છાયા હું નરેન્દ્ર મોદી વાત કરી રહ્યો છું, તમે કેમ છો..

જેના પર સિસ્ટર છાયાએ કહ્યુ હતુ કે, હું સારી છું સર...એ પછી પીએમ મોદીએ તેમને પૂછ્યુ હતુ કે, તમે તમારા પરિવારને કેવી રીતે આશ્વાસશન આપી શક્યા ..કારણકે તમે કેટલાય દિવસોથી દર્દીઓની સારવાર કરી રહ્યા છો તો પરિવારને પણ તમારી ચિંતા હશે.તેનો જવાબ આપતા સિસ્ટર છાયાએ કહ્યુહ તુ કે, હા ચિંતા તો થાય પણ કામ પણ કરવુ પડશે સર ...

પીએમ મોદીએ સિસ્ટરને પૂછ્યુ હતુ કે, નવા દર્દીઓ આવતા હશે ત્યારે તેઓ ડરેલા રહેતા હશેને ...તેના જવાબમાં સિસ્ટરે કહ્યુ હતુ કે, હા તેમને જ્યારે એડમિટ કરવામાં આવે છે ત્યારે તેઓ ડરેલા હોય છે પણ અમે તેમની સાથે વાત કરીને કહીએ છે કે, ગભરાતા નહી. આ હોસ્પિટલમાંથી સાત દર્દીઓ સારા થઈને ગયા છે. અમે વાત કરીએ છે તો તેમને સારુ લાગે છે

પીએમ મોદીએ તેમને પૂછ્યુ હતુ કે, દર્દીના પરિવારજનો નારાજ થતા હશે તો સિસ્ટરે જવાબ આપ્યો હતો કે, ના તેમને તો અંદર આવવા નથી દેતા.

પીએમ મોદીએ તેમને કહ્યુ હતુ કે, દેશભરમાં સારવાર કરી રહેલા ડોક્ટરો અને નર્સો માટે તમારો શું સંદેશ છે ત્યારે સિસ્ટરે કહ્યુ હતુ કે, એટલુ કહેજો કે ડરને કા નહી...કામ કરને કા.. દેશને જીતાડવાનો છે.

કોરોના સામે જંગ જીત્યુ હોલિવૂડ કપલઃ સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યુ

ન્યૂયોર્ક

હોલીવુડ સ્ટાર ટૉમ હેંક્સે આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું હતું કે તે અને તેની પત્ની રીટા વિલ્સન કોરોના પોઝીટીવ છે. તે બાદથી જ સોશિયલ મીડિયા પર તેમના ફેન્સ ઘણાં પરેશાન હતાં અને તેના માટે પોસ્ટ કરી રહ્યાં હતા. પરંતુ હવે ટૉમ હેંક્સ અને રીટા વિલ્સનને પસંદ કરનારાઓ માટે એક ખુશખબર સામે આવી છે.

હકીકતમાં જણાવી દઈએ કે ટૉમ હેંક્સ અને રીટા વિલ્સન એવા પહેલા સેલેબ્રિટી હતાં જે કોરોના વાયરસની ઝપેટમાં આવ્યાં હતાં. આ ખબર સામે આવતાં જ તે બંનેની સારવાર શરૂ કરી દેવામાં આવી હતી અને હવે જાણવા મળી રહ્યું છે કે તેઓ સ્વસ્થ છે અને અમેરિકાના લૉસ એન્જેલેસ પરત ફર્યા છે. જણાવી દઈએ કે ટૉમ અને રીટાની સારવાર ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી હતી. ૬૩ વર્ષીય ટૉમે પોતે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં શુટિંગ દરમિયાન તેઓ આ વાયરસની ઝપેટમાં આવી ગયા છે અને તે બાદ તેમને જબરદસ્ત ઠંડી લાગવા લાગી અને શરીર પર રેશેઝ પડવા જેની સમસ્યા થવા લાગી.

કમલનાથની પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેલ પત્રકાર વિરૂદ્ધ કેસ દાખલ

ભોપાલ

ભોપાલમાં શાસકીય આદેશોના ઉલ્લંઘન કરવાના ગુના હેઠળ એક પત્રકાર વિરૂદ્ધ કેસ દાખલ કરાયો છે. તેની પર ગુના સંખ્યા ૬૭/૨૦ કલમ ૧૮૮, ૨૬૯, ૨૭૦ IPC હેઠળ ગુનો નોંધાયો છે. સંબંધિત પત્રકાર પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની પ્રેસ કોન્ફરન્સમાં પણ ગયા હતા. બાદમાં તેમને કોરોના પોઝિટીવ મેળવવામાં આવ્યા છે.

બેલ્જિયમમાં બિલાડીને કોરોના વાયરસ થયો..!!

બેલ્જિયમ

બેલ્જિયમમાં એક બિલાડીને કોરોના વાયરસને ચેપ લાગ્યાનો પ્રથમ મામલો સામે આવ્યો છે. બિલાડીને તેણી માલકણથી કોરોનાનો ચેપ લાગ્યો છે. બેલ્જિયમના સ્વાસ્થ્ય વિભાગે આ વાતની પુષ્ટિ કરી છે. ડેઇલી મેઇલના રિપોર્ટ પ્રમાણે બિલાડીનો કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

એક અઠવાડિયા પહેલા જ બિલાડીમાં કોરોના જેવા લક્ષણો જોવા મળ્યા હતા. આ પ્રથમ કિસ્સો છે જ્યારે કોઈ બિલાડીને કોરોના થયો છે. આ પહેલા હોંગકોંગમાં એક કૂતરાને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો.

કોરોના સામેના જગંમાં મદદ માટે કાર કંપની મારુતિ બનાવશે વેન્ટિલેટર અને માસ્ક

ન્યુ દિલ્હી

કોરોના સામે લડવા માટે હવે કંપનીઓને પણ કામે લગાડવામાં આવી રહી છે. દેશની ટોચની કાર કંપની મારુતી સુઝુકી ઈન્ડિયા લિમિટેડે કંપનીમાં માસ્ક અને વેન્ટિલેટર બનાવવા માટે કેટલીક બીજી કંપનીઓ સાથે જોડાણ ક્યુ છે. હવે કંપનીએ દર મહિને ૧૦૦૦૦ વેન્ટિલેટર બનાવવાની જાહેરાત કરી છે. કંપની પોતાના સપ્લાયરો અને વેન્ડરોની પણ મદદ લેશે.

કંપનીનુ કહેવુ છે કે, જેવી સરકારની મંજૂરી મળશે કે તરત જ ઉત્પાદન શુ કરી દેવામાં આવશે.આ માસ્ક હરિયાણા તેમજ કેન્દ્ર સરકારને પૂરા પાડવામાં આવશે. કંપનીએ આ જવાબદારી પોતાની સબસિડરી કંપની કૃષ્ણા મારુતિને સોંપી દીધી છે. સરકારને કંપની ૨૦ લાખ માસ્ક બનાવીને મફતમાં આપશે. તેની સાથે સાથે કોરોનાની સારવાર વખતે પહેરાતા પ્રોટેક્ટિવ ગીયર બનાવવા માટે પણ કંપનીએ તૈયારી બતાવી છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સપાના દિગ્ગજ નેતા બેની પ્રસાદ વર્માનું નિધન

ન્યુ દિલ્હી

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતા બેની પ્રસાદ વર્માનું લખનઉ ખાતે નિધન થયું છે. તે લાંબા સમયથી બીમાર હતા. બેની પ્રસાદ સમાજવાદી પાર્ટીના સંસ્થાપક અને દેશના દિગ્ગજ નેતાએમાં સામેલ હતા. બેની પ્રસાદ વર્મા સમાજવાદી પાર્ટી તરફથી રાજ્યસભાના સાંસદ હતા.

બેની પ્રસાદ વર્મા ઉત્તર પ્રદેશાના કુર્મી સમાજના સર્વમાન્ય નેતા માનવામાં આવતા હતા.યૂપીએ ૨ સરકારમાં તે કેન્દ્રીય મંત્રી હતા. તેના અવસાનના સમાચારથી બારાબંકી જનપદમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

સમાજવાદી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ નરેશ ઉત્તમ પટેલે બેની પ્રસાદના મોત પર દુખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા, રાજ્યસભાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી બેની પ્રસાદજી અને અમારા બધાના પ્રિય બાબુજી જીનું નિધન કદી ન પુરાઈ તેવી ક્ષતી છે. તેમના પરિવાર પ્રત્યે સંવેદના.

બેની પ્રસાદ વર્માનો જન્મ ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૧ ના રોજ ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાનાં સિરોલીમાં થયો હતો. તેમના પિતાનું નામ મોહનલાલ વર્મા અને માતાનું નામ રામકલી વર્મા હતું. બેની પ્રસાદના લગ્ન ૧૯૫૬માં માલતી દેવી સાથે થયા હતા. તેમને ત્રણ પુત્ર અને ૨ પુત્રીઓ છે.



દેશમાં આજે લૉકડાઉનનો ચોથો દિવસ છે. વહીવટી તંત્ર અને પોલીસના અનેક પ્રયાસો છતાં મજૂરો અને રોજનું કમાય રોજ ખાતા લોકોનું પલાયન ચાલુ જ છે. શહેરોમાં વસતા અને રોજીરોટી કમાતા લોકોનું જીવન મુશ્કેલીમાં મુકાયું છે. ત્યારે આવા અસંખ્ય લોકો હાલ રસ્તામાં ચાલતા, માથે પોટલા નાખી, કાંખમાં છોકરા તેડી નિકળ્યા છે. આ દર્દનાક તસ્વીરોએ સૌ કોઈને વિચારવા મજબૂર કર્યા છે, કે, ભલા આમનો તે શું વાંક ? દિલ્હીના ગાઝિપુરમાં પલાયન કરી રહેલા લોકોની ભીડ જામી ગઈ છે. દિલ્હી યુપી બોર્ડર પર બેરિકેડીંગ કડક હોવાના કારણે લોકોને બોર્ડર પર જ ઉભા રહી વહીવટી તંત્ર અને પોલીસની સામે લાચાર નજરે જોવા સિવાય કોઈ રસ્તો નથી, પોતાના ઘર તરફ જવાની રાહ જોયા સિવાય કોઈ જ વિકલ્પ નથી.

ગુજરાત ચેતે
પહેલા પાનાનું ચાલું

તબક્કામાં ખૂબ જ ખતરનાક કહી સકાય.

દરમ્યાનમાં આજે ગુજરાતમાં કોરોના વાયરસથી વધુ એક મહિલાનું મોત નિપજ્યું છે. જે એસવીપી હોસ્પિટલમાં દાખલ હતી. મહિલા ડાયાબિટીસ અને બ્લડ પ્રેસરથી પીડિત હતી. કોરોના વાઈરસથી અમદાવાદમાં મૃત્યુ આંક ૨ થયો છે જ્યારે રાજ્યમાં કોરોનાના કારણે મોતનો આંક ૪ પર પહોંચ્યો છે.

ગુજરાતના આરોગ્ય સચિવ જયંતી રવિએ આજે પત્રકાર પરિષદમાં ગુજરાતમાં કોરોનીની તાજા સ્થિતિ અંગેની માહિતી આપતાં ગુજરાતના લોકોને ફરીથી સાવચેત કર્યા હતા અને આ રોગા ચેપથી બચવા લોકડાઉનના સમયગાળામાં ઘરમાં જ રહેવાની ભારપૂર્વકની ચેતવણી આપી તેમનું કહેવું છે કે, રાજ્યના તમામ નાગરિકોએ લોકડાઉનનો વ્યવસ્થિત અને સંપૂર્ણ અમલ કરવાની ખાસ જરૂર છે. બહુ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવાનું રાખો. ગુજરાતમાં આજથી ઈફ્લુબેશન પીરિયડ્સ ચાલુ હોવાથી કેસ વધવાની પુરી શક્યતા છે. દરમ્યાન, મધ્ય ગુજરાતના આણંદ જિલ્લામાં કલમ ૧૪૪ ના ભંગ અંગેની ૧૩૫ ફરિયાદ નોંધાઈ છે તો, પોલીસે ૧૯૫ લોકોની ધરપકડ કરી છે. એક ચિંતાજનક બનાવમાં જીવતા બોંબ સમાન રાજકોટમાં કોરોનાને કારણે ક્વોરોન્ટાઈન કરાયેલી એટલે કે અલગ રખાયેલી એક યુવતી ભાગી જતા તેની ફરિયાદ થઈ છે. આ યુવતી જેના સંપર્કમાં આવે તેને પણ કોરોના થવાની શકયતા છે.

તેમણે રાજયમાં ઈક્વુબેશન પરિયડ્સ (ખતરનાક તબક્કો) ચાલુ હોવાથી કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઈ શકે છે. આગામી ૫ એપ્રિલ સુધી કેસમાં વધારો થાય તેવી સંભાવના છે. હાલ રાજયમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યા છે. આમ ખુદ સરકાર જ જ્યારે કહી રહી છે કે ૫ એપ્રિસ સુધી કેસો વધવાની શક્યતા છે ત્યારે સરકારે તો સજાગતા રાખીને હોસ્પિટલોમાં તેની તૈયારીઓ રાખી છે. તેમ છતાં લોકોએ લોકડાઉનનો અમલ કરીને ઘરની બહાર નિકળવાનું ટાળવુ જોઈએ., એમ પણ સરકારી સૂત્રોએ કહ્યું હતું.

જયંતિ રવિએ એમ પણ કહ્યું કે, હજુ ૫ એપ્રિલ સુધી કેસ વધવાની પુરી સંભાવના છે. ત્યારે હાલમાં ૯૯૩ સેમ્પલમાંથી ૯૩૮ નેગેટિવ આવ્યા છે જે એક સારા સમાચાર પણ છે ગુજરાતમાં ૮૦૦૦થી વધુ વેન્ટિલેટર્સ હાલ ઉપલબ્ધ છે. તેમજ ગુજરાતમાં N95 માસ્કની અછત નથી.

ગુજરાત બહારથી આવેલા લોકો અંગે તેમણે કહ્યું કે, ૨૨ તારીખીથી ફલાઈટ બંધ છે પરંતુ એ પહેલા ઘણા લોકો ગુજરાતમાં આવ્યા હતા. તેથી આગામી ૧૦-૧૪ દિવસમાં કેસમાં વધારો થઈ શકે છે. હાલ કુલ ૧૯,૩૪૦ લોકો ક્વોરોન્ટાઈનમાં છે અને ક્વોરોન્ટાઈનનો સમય પૂરો થવાથી આ સંખ્યા ઘટશે. જોકે સરકારી ક્વોરોન્ટાઈનના કેસોમાં વધારો થયો છે. ૬૫૭ લોકોને સરકારી ક્વોરોન્ટાઈનમાં રાખવા પડ્યા છે.ગુજરાત રાજ્યમાં વધુ ૬ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજયમાં કોરોના સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા ૫૩ પહોંચી ગઈ છે. જ્યારે કોરોનાના કારણે અત્યાર સુધીમાં કુલ ૩ લોકોના મોત નીપજ્યાં છે. આરોગ્ય અગ્ર સચિવે આ અંગે માહિતી આપતા જણાવ્યું છેકે. અમદાવાદમાં ૩, વડોદરા, ગાંધીનગર અને મહેસાણા ૧-૧ નવા કેસ નોંધાયા છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. અમદાવાદમાં ૧૮, વડોદરામાં ૯, રાજકોટમાં ૮, ગાંધીનગરમાં ૮, સુરત ૭ જ્યારે કચ્છ, ભાવનગર અને મહેસાણામાં ૧-૧ કેસ નોંધાયા છે.

કોરોનાનો ડર
પહેલા પાનાનું ચાલું

કાસરગોડ જિલ્લામાં ૩૪ નવા કેસ આવ્યા છે. જ્યારે ત્રિસુર અને કોઝિકુડમાં એક એક જ્યારે કાસરગોડમાં ૨ નવા મામલા સામે આવ્યા છે. આમ આવી રીતે રાજ્યમાં કોરોના પીડિતની સંખ્યા ૧૬૪ થઈ છે. જે વચ્ચે રાજ્યમાં કોરોના દર્દીનું પ્રથમ મૃત્યુ થયુ છે. ઉલ્લેખનીય છે કે, કેરલ રાજ્યમાં ૧ લાખથી પણ વધારે લોકોને પોતાના ઘરમાં ક્વારન્ટાઈન કરાઈ રહ્યા છે. જે વચ્ચે આજે એક વ્યક્તિનું મોત થતા સરકારની ચિંતામાં વધારો થયો છે.

મહારાષ્ટ્રમાં પાંચ, ગુજરાતમાં ત્રણ, કર્ણાટકમાં બે, મધ્ય પ્રદેશમાંબે સહિત તમિલનાડુ, બિહાર, પંજાબ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર તેમજ હિમાચલ પ્રદેશમાં એક-એક દર્દીના મોત થયા છે. સરકારી ડેટા મુજબ દેશમાં સક્રિય કોરોના કેસનો આંક ૯૦૦ પર પહોંચી ગયો છે. ૭૮ લોકોનું નિદાન થયું છે અથવા તેમને રજા અપાઈ છે તેમજ એક કેસ સ્થળાંતરિત થયો છે. ૯૦૦ કેસમાં ૪૭ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર બાદ કેરળ ૧૭૩ કોરોના કેસ સાથે બીજું સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. જ્યાં આઠ વિદેશી નાગરિકોને કોરોના હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું. કર્ણાટકમાં ૫૫, તેલંગાણામાં ૪૮ કેસ છે. જ્યારે રાજસ્થાનમાં કેસની સંખ્યા ૪૮ છે જેમાં બે વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૫૩ કેસ પોઝિટિવ છે. ૨૪ કલાકમાં રાજ્યમાં નવ નવા કેસ સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૪૫ કેસ તેમજ દિલ્હીમાં એક વિદેશી નાગરિક સહિત ૩૯ કેસ નોંધાયા છે.

પંજાબમાં કોવિડ ૧૯ના ૩૮ કેસ થયા છે જ્યારે હરિયાણામાં ૧૪ વિદેશીઓ સહિત ૩૩ કેસ થયા છે. તમિલનાડુમાં ૩૮, મધ્યપ્રદેશમાં ૩૦, જમ્મુ અને કાશ્મીરમાં ૧૮, પશ્ચિમ બંગાળમાં ૧૫, આંધ્ર પ્રદેશમાં ૧૪ અને લદ્દાખમાં ૧૩ કેસ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ બિહારમાં નવ કેસ, ચંદીગઢમાં સાત, છત્તીસગઢમાં છ, ઉત્તરાખંડમાં એક વિદેશી સહિત પાંચ કેસ સામે આવ્યા છે. હિમાચલ અને ઓડિશામાં ત્રણ-ત્રણ કેસ છે.

મજૂર પગપાળા જ પોતાના પરિવાર સાથે વતન પાછા ફરી રહ્યા છે. આ કેસને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં માગ કરવામાં આવી છે કે કોર્ટ વહીવટીતંત્રને આદેશ આપે કે આ લોકોને દરેક જગ્યાએ શેલ્ટર હોમમાં રાખીને તમામ સુવિધાઓ આપવામાં આવે.

ચાઈનીઝ સેન્ટર ઓફ ડિસીઝ કંટ્રોલનો રિપોર્ટ

મહિલાઓ કરતાં પુરુષોમાં કોરોના સંક્રમણનું જોખમ વધારે,૭૦ ટકા પુરુષો મૃત્યુ પામ્યા

૮૦ હજાર સક્રમિતો પર રિસર્ચ કરવામાં આવ્યું, તેમાં ૨.૮ ટકા પુરુષો જ્યારે ૧.૭ ટકા મહિલાઓ મૃત્યુ પામી

બેઇજિંગ

ચીનના વુહાનમાં ફેલાયેલા કોરોના વાઈરસે સમગ્રે દુનિયાને પોતાની ઝપેટમા લીધું છે. ચાઈનીઝ સેન્ટર ઓફ ડિસીઝ કંટ્રોલનો એક રિપોર્ટ સામે આવ્યો છે. તેના અનુસાર, કોરોનાનું જોખમ મહિલાઓ કરતાં પુરુષોમાં કોરોનાનું જોખમ વધારે હોય છે. સંક્રમણનો ભોગ સૌથી વધારે પુરુષો થાય છે. મૃત્યુની સંખ્યા પણ મહિલાઓ કરતાં પુરુષોની વધારે છે. વૈજ્ઞાનિકોએ ઈટલી, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈરાન, અને સાઉથ કોરિયાના જે ૮૮ હજાર સંક્રમિત હતા તેમના પર રિસર્ચ કર્યું. તેમાં ૨.૮ ટકા પુરુષો અને ૧.૭ ટકા મહિલાઓના મોત થયા છે. જ્યારે ૦.૨ ટકા બાળકો મૃત્યુ પામ્યા હતા. ઈટાલીની નેશનલ હેલ્થ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, દેશમાં કુલ સંક્રમિતમાંથી ૬૦ ટકા પુરુષો છે. સંક્રમણથી મૃત્યુ પામનાર ૭૦ ટકાથી વધારે સંખ્યા પુરુષોની હતી. સાઉથ કોરિયામાં પણ આવી જ પરિસ્થિતિ છે. અહીં પણ સંક્રમણથી ૫૪ ટકા પુરુષોના મોત થયા હતા. ચીનમાં ૬૮ ટકા પુરુષોના કોરોનાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ઈરાનાં સ૬૪ ટકા પુરુષો કોરોનાથી સંક્રમિત છે.

આ રિપોર્ટ યુએસમાં રજૂ કરવામાં આવ્યો છે. વ્હાઈટ હાઉસમાં કોરોના વાઈરસ રિસ્પોન્સ કો-ઓર્ડીનેટર ડો. ડેબ્રોહ બ્રિક્સે જણાવ્યું કે, સંક્રમણની અસર બધા પર થાય છે. જો કે, જેની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે, તેમના પર વધારે અસર થાય છે. મહિલાઓ અને બાળકોની સરખામણીએ પુરુષો સિગારેટ, દારૂ અને ડ્રગ્સનું સેવન વધારે કરે છે. તેનાથી તેમનામાં રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે, તેથી કોઈપણ વાઈરસની અસર આવા લોકો પર જલ્દી થાય છે. ચાઈનીઝ સેન્ટર ઓફ ડિસીઝ કંટ્રોલના ડિરેક્ટર જયોર્જ એફ ગાઓના જણાવ્યા પ્રમાણે, ધૂમ્રપાન કરવાથી ફેફસાંને નુકસાન થાય છે. એક આંકડા પ્રમાણે, ૫૨ ટકા પુરુષો અને માત્ર ૧૨ ટકા મહિલાઓ ધૂમ્રપાન કરે છે. તેની પણ નોંધપાત્ર અસર પડે છે. બ્રિટન યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગલિયાના પ્રોફેસર પોલ હંટરના જણાવ્યા પ્રમાણે, મહિલાઓમાં આંતરિક રીતે પુરુષો કરતા વધારે રોગપ્રતિકારક શક્તિ હોય છે. મહિલાઓમાં ઓટો-ઈમ્યૂન ડિસીઝનું વધુ જોખમ વધારે હોય છે. મહિલાઓ ફ્લૂની રસી માટે વધુ સારી એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, સૌથી વધારે જોખમ વૃદ્ધોને હોય છે. હાયપરટેન્શન અને હૃદયની બીમારી હોય તેવા વૃદ્ધો માટે આ વાઈરસ ખૂબ જ જોખમી છે. ફેબ્રુઆરીના મધ્ય સુધી આ વાઈરસના ૪૪૭૦૦ કેસોમાંથી ૮૦ ટકાથી વધુ ૬૦ વર્ષની ઉંમરના લોકોના હતા. તે ઉપરાંત અડધા કેસ ૭૦ વર્ષથી વધુની ઉંમરના લોકોના હતા. ૮૦ વર્ષથી વધુ ઉંમરના ચેપગ્રસ્ત દર્દીઓમાં ૧૫ ટકા લોકો મૃત્યુ પામ્યા છે.

વડાપ્રધાન મોદીએ મમતા બેનર્જી સાથે વાત કરી તેમના વખાણ કર્યા

કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળમાં ૧૦ હજાર કોવિડ-૧૯ ટેસ્ટ કિટ મોકલી

કોલકાત્તા

કોરોના વાઈરસ સામે દેશની ૨૧ દિવસની લડાઈ વચ્ચે શુક્રવારે સાંજે વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે ફોન પર વાત કરી હતી. બંને વચ્ચે ૧૦ મિનિટ સુધી વાત થઈ હતી. મોદીએ કોવિડ-૧૯નું ઈન્ફેક્શન રોકવા માટે રાજ્ય સરકારની કામગીરીના વખાણ કર્યા હતા.

મમતાના અંગત સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોદીએ મમતા સાથેની વાતચીતમાં રાજ્યની સ્થિતિ જાણી હતી. વડાપ્રધાનની વાતચીત પછી ગૃહ મંત્રી અમિત શાહ, વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ મમતા સાથે વાતચીત કરી હતી અને રાજ્યની સ્થિતિ વિશે માહિતી મેળવી હતી. બંગાળ સરકારના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકારે કોરોના વાઈરસના ઈન્ફેક્શનનો ટેસ્ટ કરવા માટે રાજ્યમાં ૧૦,૦૦૦ ટેસ્ટ કિટ મોકલી છે. કિટને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી દ્વારા મોકલવામાં આવી છે અને શુક્રવારે તેને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોલેરા એન્ડ એન્ટરિક ડિસીસ ની વાયરોલોજી લેબમાં રાખવામાં આવી છે. થોડા દિવસ પહેલાં મમતા બેનરજીએ રાજ્યમાં ટેસ્ટ કિટની અછતની વાત કરી હતી. મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોશિયલ મીડિયા દ્વારા ફેક ન્યૂઝ ફેલાવનાર લોકોને ચેતવણી આપી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, કોરોના વાઈરસ સાથે જોડાયેલી ખોટી માહિતી શેર કરનારને દંડ ભરવો પડશે. આવા લોકો સામે કડક પગલાં લેવામાં આવશે અને તેમણે આ ગુનાની કિંમત ચૂકવવી પડશે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ફિક્સ ડિપોઝીટના વ્યાજદરમાં ઘટાડો કર્યો

મુંબઈ

લોકડાઉન વચ્ચે દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ઘર અથવા કાર લોનના વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. પરંતુ સાથે જ ફિક્સ ડિપોઝીટ પરના વ્યાજ દરમાં પણ ઘટાડો કર્યો છે. આનો અર્થ એ છે કે જો તમે જીમ્મેં ફિક્સ ડિપોઝીટ જમા કરવો છે, તો તમને હવે પહેલાં કરતાં ઓછું વ્યાજ મળશે. અહીં, તમને જણાવી દઈએ કે દેશમાં પરંપરાગત, સલામત અને નિશ્ચિત વ્યાજની આવક માટે એફડીનો મોટા પાયે રોકાણ કરવામાં આવે છે. બેંકે ૨ કરોડ રૂપિયાથી નીચેના રિટેલ એફડી પરના વ્યાજ દરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. નવા વ્યાજ દરો ૨૮ માર્ચથી લાગુ થશે. એક મહિનાની અંદર આ બીજી વખત છે જ્યારે સ્ટેટ બેંક દ્વારા એફડી પરના વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે.

તંત્રી લેખ

ઘરે ઘરે રાહત પહોંચે

ભારત સહિત સમગ્ર દુનિયાના દેશોમાં સરકારોની સામે હવે અનેક પ્રકારના પડકારો આવી ગયા છે. એક રીતે ખુબ પહેલાથી ખાનગી ક્ષેત્રની તરફ વધી ગયેલા આરોગ્ય અને તબીબી માળખાના આદાર પર વિશાળ વસ્તીની કોરોના સાથે સંબંધિત તપાસ કરાવવાની બાબત એક મોટી આફત સમાન બની રહી છે. મોટી સંખ્યામાં લોકોની સારવાર કરવાની બાબત પણ ખાનગી ક્ષેત્રે મુશ્કેલ બની રહી છે. સરકારી ખજાનામાંથી જંગી રકમ હાલમાં ખર્ચ કરવાની ફરજ પડી રહી છે. દેશમાં કોઈ પણ કામ વગર ઘરમાં બેસી ગયેલા કરોડો લોકોને ઓછામાં ઓછા ત્રણ ચાર મહિના સુધી જીવિત રાખવાની બાબત પણ પડકારરૂપ બની ગઈ છે. ત્રીજી બાબત એ છે કે આધુનિક ઈતિહાસમાં સૌથી મોટી મંદી ૨૦૦૮ કરતા પણ મોટી મંદી આવનાર છે. વર્ષ ૧૯૨૯માં મહામંદીનો દોર આવ્યો હતો. આ વખતે તે મહામંદી કરતા પણ વધારે મોટી મંદીના સંકેત છે. જેથી તેના માટે પણ તમામ તૈયારી રાખવી પડશે. મહામારી અને કોરોનાના કારણે બચી ગયેલા લોકો આવનાર દિવસોમાં કોઈ બેરોજગારી અને ભુખમરાના કારણે શિકાર ન થાય તે માટે પ્રયાસો કરવાની જરૂર દેખાઈ રહી છે. આશરે તમામ દેશોની સરકારોએ આ ત્રણ લક્ષ્યાંકોને ધ્યાનમાં લઈને વિશાળ રાહત પેકેજની જાહેરાતો કરવાની શરૂઆત કરી દીધી છે. જો કે મોટા ભાગના દેશોમાં ખજાનામાં પહેલાથી જ નાણાં નથી. અમેરિકામાં ૨૨૦૦ અબજ ડોલરના ઐતિહાસિક પેકેજને મંજુરી આપવામાં આવ્યા બાદ ભારત સરકારે પણ પેન્શન મેળવતા વરિષ્ઠ લોકો, એકલી ઘર ચલાવનાર મહિલાઓ, દિવ્યાંગો, અને ગ્રામીણ મજદુરોથી લઈને ખેડુતો, કંપની કર્મચારીઓ તેમજ પોતે સહાયતા મેળવતા ગ્રુપો સુધીના લોકો માટે એક લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાની એવી યોજના જાહેર કરી છે જેના કારણે ત્રણ મહિના સુધી તેમના ખાતામાં સીધી રકમ જમા કરવામાં આવશે અથવા તો પોતાની રકમ એડવાન્સમાં ઉપાડીને તેઓ પરિવારના ખર્ચને ચલાવી શકે છે. સંકટની ઘડીમાં લોકોને સરકારી મદદ કરવાની વાત કરવામાં સરળતા પડે છે. જો કે વ્યવહારમાં આ બાબતને અમલી કરવાની બાબત ખુબ મુશ્કેલ હોય છે. સીધી રીતે નાણાં ખાતામાં ટ્રાન્સફર કરવાની બાબત સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા માટે સૌથી ઉપયોગી વિકલ્પ તરીકે છે. જ્યારે પણ કઠોર નિયંત્રણ માટેની વાત કરવામાં આવે છે ત્યારે કેટલાક લોકો બિનજરૂરીરીતે મેદાનમાં આવી જાય છે. કેટલાક એવા દાખલા બેસાડી દેવાની જરૂર છે કે જેના કારણે લોકોના ખાતામાં આવેલી રકમ ઉપાડવા માટે પણ જે લોકો પરેશાની ઉભી કરી રહ્યા છે તેમને સજા થઈ શકે છે. તમામ ઘર સુધી સહાયતા પહોંચે તેની ખાતરી કરવાની જરૂર દેખાઈ રહી છે. હાલમાં કોઈ વ્યક્તિ કહી શકવાની સ્થિતીમાં નથી કે ઘરે બેસી જવા માટે મજબુર થયેલા લોકોના ગુજારા તમામ ઉપાય બાદ પણ થઈ શકશે કે કેમ. તેમના પરિવારના નાના મોટા લોકોની બિમારી પણ દુર થઈ શકશે કે કેમ. સ્થિતી સામાન્ય ક્યારે બનશે તે બાબત હાલમાં કોઈ કરી શકે તેમ નથી. હાલમાં ધારા ધોરણને પાળવાની જરૂર દેખાઈ રહી છે. સાથે સાથે સરકારોને લોકોની જરૂરિયાતો તરફ ધ્યાન આપવાની જરૂર છે.

કોરોનાને લઈને માનવતા હવે સંકટમાં છે ત્યારે એક પછી એક મોટા પડકારો આવ્યા

રોગપ્રતિકારક ક્ષમતા જેમની મજબુત છે તેમને કોઈ અસર નથી...

અમીરોની બિમારી ગરીબો પર ભારે

કોરોના વાયરસની લપેટમાં આવી ચુકેલા લોકોની તપાસ દરમિયાન એક બાબત તો સપાટી પર આવી છે કે જે લોકોની રોગપ્રતિકારક ક્ષમતા મજબુત છે તે લોકોને કોરોના વાયરસની કોઈ અસર થઈ રહી નથી. આ પ્રકારના લોકોના શરીર કોરોના જેવા વાયરસની સામે લડવામાં સક્ષમ છે. આવા લોકો પર કોઈ અસર થઈ રહી નથી. એર કન્ડીશનમાં રહેવાના કારણે અમારા શરીર અનુકુળતા પ્રત્યે સજાગ રહેતા નથી. શરીરને હમેંશા એક પ્રકારના તાપમાનમાં રહેવાની ટેવ પડી જાય છે. જેના કારણે શરીર બહારના ફેરફારોને સહન કરવાની ક્ષમતા ગુમાવી દે છે. અમારા શરીરની રોગપ્રતિકારક ક્ષમતા ખતમ થઈ જાય છે. સામાન્ય પાણીમાં ખુબ વધારે ખનિજ લવણોની સાથે સાથે અશુદ્ધિઓ પણ રહે છે. જેને અમારા શરીર સહન કરે છે. શરીરના સહન કરવાની ક્ષમતાના કારણે અમારા રોગ પ્રતિકારક ક્ષમતા તંત્ર શાનદાર રીતે કામ કરે છે. જ્યારે અમે મિનરલ વોટર પીવા લાગી જઈએછીએ ત્યારે તેમાં મિનરલ તો નિકળી જાય છે. સાથે સાથે કેટલીક અશુદ્ધિ પણ હોતી નથી. જેના કારણે આ જળ માત્ર પ્રવાહી એચઓટુ હોય છે. સાથે સાથે તેના ડીડીએસ સ્તરને ખુબ ઓછા કરી દેવામાં આવે છે જેના કારણે શરીર માટે તે હાનિકારક હોય છે. સાથે સાથે તે રોગ પ્રતિકારક ક્ષમતાને ખતમ કરી નાંખે છે. તાપમાં ન નિકળવાની બાબત આધુનિક માનવ સમાજમાં એક ફેશન સમાન છે. તાપમાં નિકળવાથી સ્કીન કાળી ન પડી જાય તેવી ગણતરી કરવામાં આવે છે. આ જ કારણસર લોકો તાપમાં બહાર જતા ખચકાટ અનુભવ કરે છે. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે સુર્યની રોશની અમારા માટે કોઈ દવાથી કમ નથી. સુર્યની રોશન શરીર માટે વરદાન સમાન છે. અમારા હાડકાને મજબુત કરવાની સાથે સાથે શરીર પર લાગેલા જર્મ, બેક્ટિરિયા, ફંગસ જેવી ચીજો તાપના સંપર્કમાં આવતાની સાથે જ પોતે જ નષ્ટ થઈ જાય છે. સ્કીન મજબુત બને છે. સાથે સાથે રોગપ્રતિકારક ક્ષમતા વધી




મજબુત રોગપ્રતિકારક ક્ષમતા ધરાવનાર વ્યક્તિના શરીર આ વાયરસની સામે લડવા માટે પૂર્ણ રીતે તૈયાર છે : ઈમ્યુનિટી પાવર જરૂરી છે

જાય છે. જે વ્યક્તિ સામાન્ય જીવન જીવે છે, નિયમિત ભોજન કરે છે, એર કન્ડીશનમાં રહેતા નથી, તાપમાં શ્રમ કરે છે. મિનરલ વોટરની જગ્યાએ સામાન્ય જળનો ઉપયોગ કરે છે આવી વ્યક્તીઓમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધારે રહે છે. તેમની રોગપ્રતિકારક ક્ષમતા વધારે સારી રીતે કામ કરે છે જેથી બિમારી દુર દુર સુધી રહે છે. સારી રોગ પ્રતિકારક ક્ષમતા ધરાવતી વ્યક્તિને કોરોના વાયરસ કોઈ નુકસાન કરી શકે તેમ નથી. ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસની સારવાર હજુ શક્ય બની નથી. દુનિયાના દેશો દવા શોધવાની પ્રક્રિયામાં લાગેલા છે. જો કે હજુ સુધી સફળતા મળી નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે કોરોના વાયરસના સકંજામાં આવી ચુકેલા એવા લોકો જ હવે સ્વસ્થ થઈ રહ્યા છે જેમની રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત છે. તમામ નિષ્ણાંતો કહે છે કે અમારા શરીરમાં રહેલી રોગ પ્રતિકારક ક્ષમતા પોતે શરીરમાં રહીને વાયરસને પરાજિત કરે છે. શરીરને સ્વસ્થ કરી દે છે. નિષ્ણાંત લોકો તો અહીં સુધી દાવો કરી રહ્યા છે કે આ વાયરસનો ખતરો એવા લોકોને વધારે છે જે લોકો નિયમિત રીતે એસીમાં રહે છે. ક્યારેય પણ તાપમાં નિકળતા નથી. મિનરલ વોટર પિતા રહે છે. આવી સ્થિતીમાં રહેવાના કારણે તેઓ પોતાની રોગ પ્રતિકારક ક્ષમતાને બિલકુલ ખતમ કરી નાંખે છે. કારણ કે તેની દવા હજુ શોધાઈ નથી. જેથી કમજોર રોગ પ્રતિકારક ક્ષમતા ધરાવતી વ્યક્તિ તેના સકંજામાં આવી ગયા બાદ પોતાને બચાવી શકતી નથી.ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસનો કહેર દુનિયાના ૧૯૯ દેશોમાં જારી છે. આના કારણે હજુ સુધી ૨૭૩૪૩ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૫૯૭૨૬૭ કેસો નોંધાયેલા છે. હજારોની સંખ્યામાં દર્દી દરેક દેશોમાં હજુ ગંભીર હાલતમાં છે. સ્થિતીમાં હાલ સુધારો થાય તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. ભારતમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારે થઈ રહ્યો છે. કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાલત ખરાબ થયેલી છે. દરરોજ નવા નવા કેસો અને મોતના આંકડા આવી રહ્યા છે. હજુ સુધી કોઈ દેશને આ ખતરનાક સ્વરૂપ ધારણ કરી ચુકેલા કોરોના વાયરસને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. તમામ દેશ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતી બિલકુલ બેકાબુ બનેલી છે. કોરોના સામે લડવા માટે સૌથી પહેલી જરૂરિયાત શરીરની રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત રહે તે છે. કોરોનાના કારણે હાહાકાર મચેલો છે ત્યારે તેની સામે લડવા માટે કેટલીક સાવધાની રાખવામાં આવે તો તેની સામે જંગને જીતી શકાય છે. જો કે આધુનિક સમયમાં લોકો વધારે પ્રમાણમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધે તેવી ચીજો ખાવાના બદલે ફાસ્ટ ફુડ પર જોર રાખે છે. જેથી તે અમીરોની બિમારી હવે ગરીબો પર ભારે પડી રહી છે.

લેપ્રોસ્કોપિક સર્જરીમાં ટાંકા પણ ઓછા લેવા પડે છે કારણ કે...

દુરબીનથી સર્જરીમાં ફાસ્ટ રિકવરી

આધુનિક સમયમાં દુરબીનથી સર્જરી કરવાની પ્રક્રિયા તબીબો દ્વારા વધારે અપનાવવામાં આવી રહી છે. આ પ્રક્રિયામાં સર્જીર બાદ રિકવરી વધારે ઝડપી બની જાય છે. સાથે સાથે વીપલ સર્જરીમાં બ્લડની જરૂર પણ ઓછી પડે છે. કેમરા, બે અન્ય નજીવા હોલથી સર્જરી કરવામાં આવે છે. સાધનની મદદથી પેટની અંદરની મુવમેન્ટ પર નજર રાખવામાં આવે છે. આના ભાગરૂપે ટાંકા પણ ૮૦ ટકા ઓછા લાગે છે. ઈન્ફેક્શનનો ખતરો પણ ૯૦ ટકા સુધી ઓછો રહે છે. ૨૦-૪૦ ટાંકાના બદલે પાંચ છ ટાંકામાં જ વીપલ સર્જરી કરી લેવામાં આવે છે. ઓમન સર્જરીની તુલનામાં લેપ્રોસ્કોપિક સર્જરી અથવા તો દુરબીન મારફતે કરવામાં આવતી સર્જરી હવે વધારે થઈ રહી છે. તેને વધારે સુરક્ષિત અને પિડાવગરની ગણવામાં આવે છે. તેમાં દર્દીને પરેશાની પણ ઓછી રહે છે. સામાન્ય રીતે તે ૨૪તી ૭૩ કલાકમાં જ તે ફરીથી ચાલવા લાગી જાય છે. હાર્ટ, બ્રેઈનથી લઈને હવે ફેફસા, કિડની જે રોગમાં લેપ્રોસ્કોપી સર્જરી કરવામાં આવે છે. આનાથી એપેન્ડિક્સ, હર્નિયાની સાથે મોટા અને નાના આંતરડાના ઓપરેશન પણ સામેલ છે. તેમાં સામાન્ય રીતે લોહીની જરૂર પણ ઓછી પડે છે. ઓપન સર્જરીની તુલનામાં દર્દીની રિકવરી વધારે ઝડપથી થાય છે. આ પ્રકારની સર્જરીમાં દર્દીને બે ત્રણ દિવસમાં રજા આપી દેવામાં આવે છે. ત્યારબાદ તેને પિડા નાશક દવા પણ પ્રમાણમાં ઓછી લેવી પડે છે. ૦.૫ સેમીમાં ચીરો મારવામાં આવે છે અને ઓછામાં ઓછા ટાંકા લેવામાં આવે છે. લેપ્રોસ્કોપી સર્જરી પણ દર્દીને અનેસ્થીસિયા આપીને કરવામાં આવે છે. દર્દીને બેભાન કરી દેવામાં આવ્યા



ઓપન સર્જરીની તુલનામાં ઈન્ફેક્શનનો ખતરો ૯૦ ટકા ઓછો રહે છે અને દર્દી ત્રણ ચાર દિવસમાં કામ કરવા લાગી જાય છે

બાદ રોગીની નાભીમાં પોર્ટથી હોલ કરીને કાર્બન ડાઈ ઓક્સાઈડ ગેસ ભરવામાં આવે છે. જેના કારણે રોગીના પેટ ફુલી જાય છે. બીજા ત્રણ છેદની મદદથી હાઈ રેઝ્યુલેશન કેમેરા અને બે અન્ય હોલથ સર્જરી સાધન મુકવામાં આવે છે. કંસોલની મદદથી તબીબો પેટની અંદર મોનિટરિંગ મારફતે તમામ મુવમેન્ટ પર નજર રાખે છે. એવા હિસ્સાને કાપીને નિકાળી લેવામાં આવે છે જે બિમારીના કારણ તરીકે રહે છે. તેમાં રોગીના પેટ પર એકથી ૦.૫ સેમીનો ગોલ ચીરો મારવામાં આવે છે. ઓપરેશન બાદ બે ચાર ટાંકા મારી દેવામાં આવે છે. દર્દીને ભાનમાં આવ્યા બાદ રૂમમાં શિફ્ટ કરવામાં આવે છે. પહેલા પાઈલ્સ અને ફેફસામાં તકલીફ ઉભી થવાની સ્થિતીમાં ઓપન સર્જરી કરવામાં આવતી હતી. હવે પાઈલ્સમાં સ્ટેપલ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં પાઈન્સને સ્પેપલર સર્જરી સાધનથી ઓપરેટ કરીને કાઢી નાંખવામાં આવે છે. આવી જ રીતે છાતી, ફેફસા અને હાર્ટ સાથે સંબંધિત પરેશાની રહેવાની સ્થિતીમાં મિનિમલ ઈનવેસિવ સર્જરી કરવામાં આવે છે. જેમાં નાના નામ હોલ કરીને સર્જરી કરી બિમારીને દુર કરવામાં આવે છે. ઓપન સર્જરીમાં ઈન્ફેક્શનો ખતરો વધારે રહે છે. આમાં આ ખતરો ૯૦ ટકા સુધી ઘટી જાય છે. આંતરડાન સર્જર અને સેપ્સિસની સ્થિતીમાં ઈન્ફેક્શનનો ખતરો રહે છે. આમાં ટાંકા પણ ૮૦ ટકા ઓછા લાગે છે. ઓપન સર્જરીમાં પાંચથી ૧૫ ઈંચ સુધી ચીરો મારવામાં આવે છે. રોગીને ૩પથી ૩૦ દિવસ સુધી આરામ કરવાની જરૂર હોય છે. સરકારી હોસ્ટિપલમાં ફ્રી અને ખાનગી હોસ્પિટલમાં સરકારી યોજના હેઠળ આવવાની સ્થિતીમાં ખર્ચ નહીવત રહે છ. રોગીને પાંચથી ૧૫ દિવસના બદલે ૭૩ કલાકમાં હોસ્પિટલમાંથી રજા મળી જાય છે. સર્જરી બાદ દર્દી ચારથી પાંચ દિવસમાં નોકરી પર જઈ શકે છે. ઓપન સર્જરીની સ્થિતીમાં લાંબા સમય સુધી દર્દીને દવા લેવી અને સાવચેતી રાખવા માટેની જરૂર હોય છે. લેપ્રોસ્કોપિક સર્જરીથી મોટા મોટા ઓપરેશન પણ હવે કરવામાં આવી રહ્યા છે.આવનાર સમયમાં નવી નવી ટેકનોલોજી ઉપયોગમાં આવી શકે છે.

ઉચ્ચ શિક્ષણને સમાવેશી કરવાની તાકીદની જરૂર

વધુ ફેલોશીપ સ્કીમની જરૂર

શિક્ષણને અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણને સમાવેશી બનાવવા માટે યુવતિઓ, દલિતો, આદિવાસીઓ માટે સરકારને ખાસ યોજનાઓ અમવી કરવાની જરૂર છે. સાથે સાથે ફેલોશીપ શરૂ કરવાની પણ જરૂરિયાત દેખાઈ રહી છે. કેટલીક ફેલોશીપ પહેલાથી જ ચાલી રહી છે. તેમાં વધુ વધારો કરવાની પણ જરૂરિયાત દેખાઈ રહી છે. સાથે સાથે કેટલાક જટિલ પ્રશ્નોને ઉકેલવા પણ પડશે. જે સમાજને પરેશાન કરે છે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સમાજના તમામ વર્ગની એક સમાન હિસ્સેદારી રહે તેની ખાતરી કરવા માટેના પ્રયાસ પણ જરૂરી બની ગયા છે. દેશના વિકાસમાં તમામ લોકો એક સમાન રીતે ભૂમિકા અદા કરી શકે તે પ્રકારનુ વાતાવરણ સ્થાપિત કરવાની જરૂર દેખાઈ રહી છે. એક પ્રશ્ન શિક્ષણના ઉપયોગને લઈને પણ છે. વર્તમાનમાં બજાર અને મુડીના પ્રભાવમાં શિક્ષણ માત્ર ડિગ્રી તરીકે છે. શિક્ષિત લોકોને રોજગારીની સુવિધા ઉપલબ્ધ થઈ રહી નથી. સાથે સાથે સમાજના વિકાસમાં પણ આ પ્રકારના શિક્ષણની કોઈ ભૂમિકા રહેલી નથી. શિક્ષણ સામાજિક પરિવર્તનના માધ્યમ તરીકે એ વખતે જ સાબિત થઈ શકે છે જ્યારે તેના શિખવા સાથે પણ સંબંધ રહેલા હોય છે. પાઠ્યક્રમ સમાજના ઉપયોગમાં આવી શકે તે પ્રકારના હોવા જોઈએ. શિક્ષણ માટે સામાજિક ઉપયોગિતા નક્કી કરવાની દિશામાં પણ પહેલ થવી જોઈએ.દેશના વિકાસમાં શિક્ષણ કામ લાગે તે દિશામાં શિક્ષણને લઈ જવા પર ધ્યાન આપવાની તાકીદની જરૂર છે.

કોરોનાના દોર વચ્ચે આવી દવા ઘાતક બની શકે

સલાહ વગર દવા લેવી ઘાતક

વિશ્વના ૧૯૯ દેશોની સાથે સાથે ભારતમાં પણ કોરોના વાયરસે હવે સકંજો મજબુત કર્યો છે. દેશમાં તેની સામે લડવા માટે લોકડાઉનની જાહેરાત કરવામાં આવેલી છે. આવી સ્થિતીમાં સામાન્ય શરદી, તાવ અને અન્ય રોગના કેસમાં તબીબોની સલાહ વગર દવા લેવાની બાબત ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. તમામ નિષ્ણાંતો હાલમાં ખાસ સલાહ આપી રહ્યા છે. હાલમાં લોકડાઉન છે ત્યારે લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે નિષ્ણાંતોની જરૂરી સલાહ વગર કોઈ પણ દવા જાતે લઈ લેવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેની અનેક આડ અસર પણ થઈ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઈફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઈ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઈ ઈલાજ




નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કોઈ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઈ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઈ લે છે. પરંતુ આવી દવા જાતે લઈ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઈ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઈક્રોબાઈલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે. અલબત્ત એન્ટીબાયોટિક્સ બેક્ટિરિયા, પેરાસાઈટ જેવા માઈક્રો ઓર્ગેનિઝમને ટાર્ગેટ બનાવે છે. પરંતુ વાઈરસ સામે તે દવાઓ અસરકારક હોતી નથી. નિષ્ણાંત લોકોનું કહેવુ છે કે નિષ્ણાંત તબીબો દ્વારા લખવામાં આવેલી દવા જ લેવામાં આવે તે જરૂરી છે. ચોક્કસ ઓન્ટીબાયોટિક્સ જે ઉપલબ્ધ છે તે ચોક્કસ ઓર્ગનમાં ચોક્કસ બેક્ટિરિયા પર પ્રહાર કરે છે. તબીબો મોટા ભાગે ચકાસણી કર્યા બાદ દવા નક્કી કરે છે જેથી આ દવા યોગ્ય પ્રમાણમાં હોય છે.તાજેતરમાં કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આડેધડ દવા લેવાથી ખતરો ઉભો થઈ શકે છે. શરીરને નુકસાન પણ થઈ શકે છે.

અનુષ્કા શર્માએ પતિ વિરાટ કોહલીના વાળ કાપ્યા...!!

મુંબઇ

ભારતમાં કોરોના વાઇરસને કારણે લોકડાઉન ચાલી રહ્યું છે. લોકો ઘરમાં જ સેફ રહીને સમય પસાર કરી રહ્યા છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ આ સમયનો ભરપૂર ઉપયોગ કર્યો છે. અનુષ્કા શર્માએ સોશિયલ મીડિયા પર એક વીડિયો અપલોડ કર્યો છે જેમાં તે વિરાટ કોહલીના વાળ કાપી રહી છે.



વીડિયોમાં કોહલી બોલે છે કે, જુઓ ઘરે રહેવાથી શું થાય છે. કિચન સીઝરથી હેરકટ થાય છે. વીડિયોમાં અનુષ્કા બોલે છે કે આ નવો લુક છે જે મેં બનાવ્યો છે એટલે વિરાટ કહે છે કે હા આ સુંદર છે. બ્યુટીફુલ હેરકટ ડન બાય માય વાઈફ.

વિરાટ અનુષ્કાએ અગાઉ વીડિયો શેર કરીને લોકોને ઘરે રહેવા આપીલ કરી હતી. લોકોને સરકારના નિયમોનું પાલન કરી જાગૃત નાગરિક બનવા આગ્રહ કર્યો હતો. અનુષ્કાએ ઘરે રહીને પિતાના જન્મદિવસ પર કેક પણ બનાવી હતી.

શિલ્પા શેટ્ટી હાથમાં ઝાડૂ પકડીને બગીચાનો કચરો સાફ કરતી નજરે પડી..!!



મુંબઇ

હાલ સોશિયલ મીડિયા પર સેલેબ્સ પોતાના ઘરના કામ કેવી રીતે કરે છે તેના અલગ અલગ વીડિયો પોસ્ટ કરીને બતાવી રહ્યા છે. લોકડાઉનના સમય પછી સેલેબ્સે તેના પર્સનલ કર્મચારીઓને પણ છુટ્ટી આપી દીધી છે. અને ઘરના કામ પોતે જ કરી રહ્યા છે. હાલમાં જ કેટરીના કૈફ વાસણ માંજતી તસવીરો શેર કરી હતી. અને લોકોને વાસણ કેમ માંજવા તે પણ શીખવ્યું હતું. તો અદા શર્માએ પણ સૂર્યનમસ્કાર અને કસરત કરતા કરતા પોતું કેવી રીતે કરવું તે બતાવ્યું હતું. હવે ઘર સફાઈમાં શિલ્પા શેટ્ટી પણ જોડાઈ ગઇ છે. શિલ્પા શેટ્ટી હાથમાં ઝાડૂ પકડીને બગીચાનો કચરો સાફ કરતી નજરે પડી હતી. તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

કોરોના વાયરસના કારણે પૂરા દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન છે. સરકારે સલાહ આપી છે કે લોકો ઘરે જ રહે અને સુરક્ષિત રહે. આજ કારણે શિલ્પા શેટ્ટીના ઘરે પર કોઇ સરવેન્ટ નથી આવી શકતા. અને તેના કારણે તે ઘરનું કામ પોતે જ કરે છે. આ વીડિયો શેર કરતા શિલ્પા કહ્યું કે ખરેખરમાં આજ દિવસ સુધી મને કામમાં મદદ કરનાર મારા તમામ કામવાળા અને કર્મચારીઓ જે મારા ઘરને ઘર બનાવે છે તેમની હું આભારી છું. હું વિચારી પણ નથી શકતી કે તેમના વિના મારુ શું થાત, આ વીડિયો શિલ્પાએ ઇન્સ્ટાગ્રામ પર મૂક્યો છે. અને તેમાં તે પોતાના બગીચાની સફાઇ અને ઝાડ-છોડને પાણીનો છટંકાવ કરતી નજરે પડે છે. સાથે જ તેણે પોતાના તમામ વકર્સ માટે ભાવુક પોસ્ટ પણ લખી છે. અને આભાર વ્યક્ત કર્યો છે.

દેશની સ્થિતિ જોતાં એવું લાગે છે ઇમરજન્સી લાગુ કરવી જોઇએઃ રિશી કપૂર



મુંબઇ

કોરોના વાઇરસના કારણે દેશભરમાં અત્યાર સુધીમાં હજારો લોકોનાં મોત નીપજ્યાં છે. કોરોનાને ફેલાતો રોકવા માટે ભારતમાં ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કરાયું છે. કોઈ કારણ વિના બહાર ફરવા નીકળી પડતા લોકો વિરુદ્ધ કડકાઈથી પગલાં લેવામાં આવી રહ્યા છે. જોકે, એવી પણ વીડિયો ક્લિપ્સ આવી રહી છે કે જેમાં લોકો પોલીસની સાથે લડાઈ કરી રહ્યા છે. રિશી કપૂરે આ વાતથી ગુસ્સે થઈને ટ્વિટર પર લખ્યું હતું કે, 'પ્રિય ભારતીયો. આપણા દેશમાં ઇમરજન્સી લાગુ કરવી જ રહી. જુઓને દેશભરમાં શું થઈ રહ્યું છે.

અમે સમયસર ન્યૂઝીલેન્ડથી પરત ફર્યા નહિ તો..: રવિ શાસ્ત્રી

મુંબઇ

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, "અત્યારે મળેલો બ્રેક ભારતીય ક્રિકેટ માટે સારી વસ્તુ છે. ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝના અંતે ટીમનો માનસિક થાક આપણે સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. તેમજ ફિઝિકલ ફિટનેસ અને ઈજાની સમસ્યા પણ સામે આવી રહી હતી. અમે છેલ્લા ૧૦ મહિનાથી સતત રમી રહ્યા હતા અને હવે તેની અસર થઈ રહી હતી. હું અને મારો સપોર્ટ સ્ટાફ ૨૩ મેના રોજ વર્લ્ડ કપ માટે ઇંગ્લેન્ડ રવાના થયા હતા. ત્યારથી લઈને અત્યારસુધીમાં અમે માત્ર ૧૦-૧૧ દિવસ ઘરે રહ્યા હતા." શાસ્ત્રીએ માઈકલ એથર્ટન, નાસિર હુસેન અને રોબ કી સાથે સ્કાય સ્પોર્ટ્સ પોડકાસ્ટ દરમિયાન આ વાત કરી હતી.



જ્યારે દક્ષિણ આફ્રિકા સામેની બીજી વનડે રદ્દ થઈ ત્યારે ખબર હતી કે કંઈક થશે અને લોકડાઉનનું પગલું જરૂરી હતું. પ્લેયર્સને ન્યૂઝીલેન્ડ સીરિઝથી આ અંગે આઈડિયા હતો. તે ટૂરના અંતે જે રીતે ફ્લાઇટ્સ સિંગાપુરથી આવી રહી હતી, જઇ રહી હતી, તેના પરથી અંદાજો આવી ગયો હતો. મને લાગે છે કે અમે ઇન્ડિયા ટાઈમ પર પાછા ફર્યા. ત્યારે ન્યૂઝીલેન્ડમાં માત્ર ૨ કેસ હતા, અત્યારે ૩૦૦થી વધુ છે. અમે ભારત પાછા ફર્યા ત્યારે જ એરપોર્ટ પર સ્ક્રીનીંગની શરૂઆત થઈ હતી અને લોકોનો ટેસ્ટ થઈ રહ્યો હતો.

ઈમાદ વસીમ હાર્દિક પંડ્યા કરતાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડરઃ બ્રેડ હોગ

સિડની

હાર્દિક પંડ્યા એશિયાનાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાં ગણાય છે. ઘણી વાર તેની તુલના આ સમયગાળાનાં સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સની સાથે કરવામાં આવે છે, પરંતુ ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન બોલરને લાગે છે કે હાર્દિક કરતા વધુ સારા ઓલરાઉન્ડર પાકિસ્તાનમાં હાજર છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર બ્રેડ હોગને લાગે છે કે પાકિસ્તાનના ક્રિકેટર ઈમાદ વસીમ ભારતનાં સ્ટાર ખેલાડી હાર્દિક પંડ્યા કરતા વધુ સારો ઓલરાઉન્ડર છે.



જ્યારે એક ચાહકે તેને વસીમ અને પંડ્યા વચ્ચે વધુ સારા ઓલરાઉન્ડરની પસંદગી કરવાનું કહ્યું ત્યારે હોગે સોશિયલ મીડિયા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. ૩૧ વર્ષીય વસિમે અત્યાર સુધીમાં ૫૩ વનડે અને ૪૩ ટી-૨૦ મેચ રમી છે અને પાકિસ્તાન તરફથી તેની ટેસ્ટ ડેબ્યૂ હજુ બાકી છે. તેણે બે ફોર્મેટમાં અનુક્રમે ૯૫૨ અને ૨૫૭ રન બનાવ્યા છે જ્યારે તેણે બંને ફોર્મેટમાં ૪૨ વિકેટ લીધી છે.

જોકે, હોગે કહ્યું કે વસીમ તેમના મતે વધુ સારો ઓલરાઉન્ડર છે, તેમણે ઉમેર્યું કે, પંડ્યા લાંબી ઈજા બાદ તેની યોગ્યતા સાબિત કરવા માટે ઉત્સુક રહેશે અને 'પહેલા કરતા વધારે સારું' કરશે.

એરોન ફિન્ચને ભૂવનેશ્વરની બોલિંગથી ડર લાગે છે...!!



મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના લિમિટેડ ઓવર્સની ક્રિકેટ ટીમનો કેપ્ટન એરોન ફિન્ચ અન્ય ક્રિકેટર્સની જેમ કોરોના વાયરસની મહામારીના કારણે ઘરમાં જ સમય વિતાવી રહ્યો છે. આ દરમિયાન તેણે શુક્રવારે પોતાના ફેન્સ સાથે ટ્વીટર પર સવાલ-જવાબનું સેશન કર્યું હતું. જેમાં ફેન્સે તેને કેટલાક સવાલો પૂછ્યા હતા. આ દરમિયાન એક ટ્વિટર યુઝરે ભુવનેશ્વર કુમારની બોલિંગ પર ફિન્ચનું શું માનવું છે તેમ સવાલ પૂછ્યો હતો.

આ સવાલનો ફિન્ચે જે જવાબ આપ્યો તે સાંભળીને ફેન્સ પણ દંગ રહી ગયા. ફિન્ચે કહ્યું, મને કોઈ આઈડિયા નહોતો કે શું કરવું. મારે દૂર નહોતું જવું જોઈતું. તેના બીજા જ બોલ પર હું આઉટ થઈ ગયો.. તે ઓવરનો છેલ્લો બોલ હતો. ફિન્ચે ટ્વીટના અંતમાં એન્ગ્રીવાળું ઈમોજી પણ મૂક્યું હતું.

પાછલા વર્ષે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ભારતના પ્રવાસે આવી હતી. તે દરમિયાન વન-ડે સીરિઝની ત્રીજી અને અંતિમ મેચમાં ભુવીએ એરોન ફિન્ચને આઉટ કર્યો હતો. ભુવનેશ્વરે પોતાની બોલિંગથી સમગ્ર સીરિઝ દરમિયાન અરોન ફિન્ચને પરેશાન કર્યો હતો.

કોરોના વાયરસની સામે રવિન્દ્ર જાડેજાએ અનોખા અંદાજમાં લોકોને કર્યા જાગૃત



રાજકોટ

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા કોરોના વાયરસથી થતાં મૃત્યુની સંખ્યા ઝડપથી વધી રહી છે. ભારતમાં આ વધુ ન ફેલાય તે માટે, પીએમ નરેન્દ્ર મોદીને આખા દેશને ૨૧ દિવસ માટે લોકડાઉન કર્યો છે. કોરોના વાયરસને કારણે આઈપીએલ અને ઓલિમ્પિક્સ સહિતની અનેક રમતોની ઈવેન્ટ્સને પણ મોકૂફ રાખવામાં આવી છે. લોકોને ખતરનાક કોરોના વાયરસથી વાકેફ કરવા ભારતના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ એક વીડિયો શેર કર્યો છે.

જાડેજાએ ઓસ્ટ્રેલિયાની સામેની મેચનો એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે કાંગારૂ બેટ્સમેન ઉસ્માન ખ્વાજાને તેજ થ્રો પર રનઆઉટ કર્યો હતો. આ વીડિયો દ્વારા તેણે પોતાના ચાહકોને સલામત રહેવા અને ઘરે રહેવા વિનંતી કરી છે. તેમણે ચાહકોને સલાહ આપી કે તેઓ રનઆઉટ ન થાય. જાડેજાએ લખ્યું છે કે સલામત રહો, ઘરે જ રહો. રન આઉટ ન થતા. જણાવી દઈએ કે આ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ગયા વર્ષે એડિલેડ ઓવલ ગ્રાઉન્ડ પર રમાઈ હતી. આમાં જાડેજાએ ખ્વાજાને ડાયરેક્ટ થ્રો ફેંકીને આઉટ કર્યો હતો. બાદમાં તે રનઆઉટ મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો.

દરેક નેતાઓએ રાહત ફંડમાં ૧૦ કરોડ રૂપિયાનું દાન કરવું જોઈએ : કમાલ આર ખાન

મુંબઇ

કોરોના વાયરસના કેસોની સંખ્યા ભારતમાં વધી રહી છે. ત્યારે ગરીબ દર્દીઓની મદદ કરવા માટે બોલિવૂડના અનેક જાણીતા સ્ટાર્સ સામે આવ્યા છે. રીતિક રોશનથી લઈને કપિલ શર્મા અને પ્રભાસ જેવા દિગ્ગજ સ્ટાર્સે કરોડો રૂપિયા દાનની વાત કરી છે. ત્યારે આ તમામ બોલીવૂડ સ્ટારની આ વાતના વખાણ કરતા બોલીવૂડના વિવાદીત એક્ટર કમાલ આર ખાને દેશના નેતાઓ પર નિશાન સાધ્યુ છે. કોરોના વાયરસને લઈને એક ટ્વીટ કરીને કમાલે આ વાત જ લોકો સામે મૂકી છે.




કમાલે આર ખાને પોતાની ટ્વિટમાં કહ્યું કે દેશના દરેક નેતાએ રાહત કોષમાં ઓછામાં ઓછા ૧૦ કરોડ રૂપિયાનું દાન આપવું જોઈએ. તેમની પાસે આજે જે કંઇ પણ છે તે જનતાના કારણે જ છે. કેઆરકે પોતાના ટ્વિટના માધ્યમથી નેતાઓને કોરોના વાયરસ સામેની લડાઈમાં ફંડ આપવાની વાત કરી છે.

કેઆરકેનું આ ટ્વિટ હાલ તો સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહ્યું છે. લોકો આ ટ્વીટ પર પોતાની રાય પણ આપી રહ્યા છે. આ ટ્વિટમાં કમાલ ખાને કહ્યું છે કે "દરેક રાજનેતાએ ઓછામાં ઓછા ૧૦ કરોડ રૂપિયા કોવિડ ૧૯ સામેની લડતમાં દાનમાં આપવા જોઈએ, કારણ કે જે તેમની પાસે છે તે બધુ જનતાનું જ તો છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ સામાજીક મુદ્દા પર કમાલ ખાન ખુલ્લા મનથી પોતાના વિચારો મૂકતા આવ્યા છે. વધુમાં તેમના ટ્વિટ હંમેશા વિવાદો સર્જતા રહે છે. ત્યારે તેમના આ ટ્વિટથી સોશિયલ મીડિયામાં ચર્ચા ચાલી રહી છે.

માત્ર તમારી પાસે જ દેશને બચાવવાની તાકાત છેઃ માનુષી છિલ્લરની લોકોને અપીલ



મુંબઇ

મહામારી કોરોના વાઇરસને ફેલાવતો અટકાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસ માટે લોકડાઉનનો આદેશ આપ્યો છે. લોકોને ઘરે રહી સાવચેતી રાખવા માટે સેલેબ્સ વીડિયો શેર કરીને જાગૃતિ ફેલાવી રહ્યા છે. પૂર્વ મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે પણ એક વીડિયો શેર કર્યો છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરના આગ્રહથી માનુષીએ હરિયાણાના લોકોને ઘરે જ રહેવાનો અનુરોધ કરતો વીડિયો પોસ્ટ કર્યો છે.

માનુષીએ વીડિયોમાં કહ્યું કે, આપણે સૌ જાણીએ છીએ કે કોરોના વાઇરસે આપણને સંકટ સમયમાં ધકેલી દીધા છે. આપણે સાથે મળીને આનો સામનો કરવાનો રહેશે. જવાબદાર બનીએ. હું ઘરે જ રહું છું અને મારા માટે અને મારા પરિવારની સુરક્ષા માટે સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરી રહી છું. તમે પણ ઘરે જ રહો અને સેલ્ફ આઈસોલેટ રહો. કોરોના વાઇરસથી બચીને જિંદગી બચાવવાનો આ એકમાત્ર ઉપાય છે. માત્ર તમારી પાસે જ દેશને બચાવવાની શક્તિ છે. જવાબદાર બનો, એક એવા નાગરિક બનો જેના પર ભારત નિર્ભર કરે છે.

કોરોના વાયરસની બોગસ દવા વેચવા મામલે 'આયરન મેન-૨'ના એક્ટરની ધરપકડ

મુંબઇ

કોરોના વાયરસને કારણે હજારો લોકોના મોત થયા છે. દુનિયાભરના વૈજ્ઞાનિક આ જીવલેણ વાયરસની દવા શોધી રહ્યા છે. ત્યાંજ હોલીવૂડ એક્ટર કીથ લોરેંસ મિડિલબ્રૂકની કોરોનાની બોગસ દવા વેચવા મામલે ધરપકડ કરવામાં આવી છે. કીથ હિટ એક્શન ફિલ્મ 'આયરન મેન-૨'માં જોવા મળ્યા હતા.




મીડિયા રિપોર્ટ્સ મુજબ, એક્ટર પર ક્વોન્ટમ પ્રીવેન્શન સીવી નામની કંપની માટે ખોટી રીતે રોકાણકારોને જોડવાનો આરોપ છે. ૨૫ માર્ચે લોસ એન્જિલમાં એફબીઆઈએ એક ગુપ્ત ઓપરેશન હાથ ધરીને કીથની ધરપકડ કરી હતી. એફબીઆઈએ અંડરકવર એજન્ટને રોકાણકાર તરીકે કીથ પાસે મોકલ્યો હતો અને દવાના પેકેટની સાથે કીથની ધરપકડ કરી લીધી હતી.

એક્ટરે જણાવ્યું હતું કે, તેઓ બાસ્કેટબોલ સ્ટાર ઈરવિન જોનસન કંપનીના બોર્ડ ડિરેક્ટર્સમાં સામેલ છે. જો કે ઈરવિને તપાસ અધિકારીઓએને જણાવ્યું છે કે, તેમના કીથની કંપની સાથે કોઈ લેવા-દેવા નથી. ત્યાંજ યુએસ એટર્ની નિક હૈનોએ લોકોને આવા પ્રકારની છેતરપિંડથી બચવાની અપીલ કરી છે.

પરિણીતી મારી બાયોપિક ન કરી શકેઃ સાનિયા મિર્ઝા

મુંબઇ

ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાએ જણાવ્યું હતું કે તેની બાયોપિકના રાઈટ્સ પ્રોડ્યુસર રોની સ્ક્રુવાલાને વેચવામાં આવ્યા છે. સાથે જ તે આ ફિલ્મમાં કોને પોતાના રોલમાં જોવા ઇચ્છે છે એવા એક્ટર્સ વિશે પણ તેણે જણાવ્યું હતું. આ પહેલાં સાનિયાએ જણાવ્યું હતું કે, તેની ફ્રેન્ડ પરિણીતી ચોપરાએ આ બાયોપિકમાં તેનો રોલ પ્લે કરવો જોઈએ.



જોકે હવે સાનિયાએ કહ્યું હતું કે પરી સાઈના નહેવાલની બાયોપિક કરી રહી હોવાથી તે મારી બાયોપિક ન કરી શકે. એટલે મારા ખ્યાલ મુજબ તે હવે આઉટ ઓફ પિક્ચર છે. અનેક અમેઝિંગ એક્ટર્સ છે અને મને ખાતરી છે કે તેઓ મારા રોલને ન્યાય આપી શકે. એના વિશે વધારે પૂછવામાં આવતા તેણે કહ્યું હતું કે, આલિયા ભટ્ટ, અનુષ્કા શર્મા, દીપિકા પાદુકોણ, સારા અલી ખાન. ઘણો બધો આધાર સ્ક્રિપ્ટ પર રહેલો છે. ઘણી બધી બાબતો સંકળાયેલી હોય છે. અત્યારે તો અમે ડિરેક્ટરની શોધ કરી રહ્યા છે.

પ્રિયંકા ચોપરા-નિક જોનાસ ફેમિલી પ્લાનિંગ કરી રહ્યા છે..!!

મુંબઇ

બોલિવૂડના તમામ દિગ્ગજ સ્ટાર કોરોના વાયરસના કારણે હાલ સેલ્ફ આઈસોલેશનમાં છે. દુનિયાભરમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. તેવામાં ઈન્ટરનેશન સ્ટાર તેવી પ્રિયંકા ચોપરા અને તેના પતિ નિક જોનાસ પણ હાલ આઈસોલેશનમાં છે. અમેરિકામાં પ્રિયંકા અને નિક એકબીજાના લગ્ન પર ક્વોલિટી ટાઈમ આપી રહ્યા છે. ત્યારે તેમના ફેમિલી પ્લાનિંગની વાતો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

હાલમાં જ પ્રિયંકા ચોપરા અને નિકનો એક રોમાન્ટિક વીડિયો બહાર આવ્યો હતો. જેમાં લાઈવ વીડિયોમાં પ્રિયંકા અને નિક એકબીજાને કિસ કરવા લાગે છે. તે પછી આ આઈસોલેશનના સમયમાં શું તે ફેમિલી પ્લાનિંગનું વિચારી રહ્યા છે કે કેમ? તે ચર્ચાએ જોર પકડ્યું છે. એક છપાયેલી ખબર મુજબ ફેમિલી પ્લાનિંગ મામલે પ્રિયંકા હવે તેમને સ્પષ્ટતા આપી છે.

પ્રિયંકાએ આ અંગ જણાવ્યું છે કે તે હાલ પોતાના વર્ક કમિટમેન્ટ્સમાં ખૂબ જ વ્યસ્ત છે. જો કે તેમણે એ વાત પણ સ્વીકારી કે ફેમિલી હોવું પણ જરૂરી છે. તેણે કહ્યું કે જ્યારે ભગવાન ઇચ્છશે અને યોગ્ય સમય હશે તો બધી વસ્તુઓ બરાબર રીતે થઈ જશે.

વાપી નજીક રેલવે બ્રિજ પર ૨ મહિલાઓના ટ્રેન અકસ્માતમાં મોત

ગાંધીનગર

એક તરફ સમગ્ર દેશમાં કોરોનાના કહેર સામે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે વહેલી સવારે વાપી નજીક દમણગંગા નદી પર રેલવે બ્રિજ પર પસાર થતી ૨ મહિલાઓ ગુડ્સ ટ્રેનમાં આવી જતા કમકમાટી ભર્યા મોત થયા છે. વાપીમાં વાપી રેલવે સ્ટેશનથી દક્ષિણ દિશામાં દમણગંગા નદીના બ્રિજ પર બનાવવામાં આવેલા રેલવે બ્રિજ પર વહેલી સવારે ૫ વાગ્યે ૨ મહિલાઓ માલગાડીમાં આવી જતા મોતને ભેટી હતી. બન્ને મહિલાઓના મૃત્યુ અંગે પ્રાથમિક માહિતી મુજબ રેલવે બ્રિજ પરથી આ મહિલાઓ પસાર થતી હતી તે સમયે સામેથી ધસમસતી આવતી માલગાડીના અડફેટે આવી ગઈ હતી. જેમાં બન્ને મહિલાઓના કરુણ મોત નિપજ્યા હતાં. ટ્રેનમાં મોતને ભેટેલી મહિલામાં એક મહિલાનો મૃતદેહ બ્રિજ પરથી નીચે પટકાયો હતો. મહિલાઓના મોત અંગે વધુ મળતી વિગત મુજબ આ મહિલાઓ આસપાસના વિસ્તારમાં મજૂરી કામ અર્થે પોતાના પરિવાર સાથે સ્થાઈ થઈ હતી અને લોકડાઉનના પગલે પોતાના વતન તરફ જવા માટે આ રેલવે બ્રિજ પર ચાલતા નીકળ્યા હતા તે સમયે આ ઘટના ઘટી હતી. જો કે તેમના નામ કે સરનામાંની વધુ વિગતો મેળવા વાપી ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે.

તાપી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે હાથ ધરાયો

વ્યારા

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન (WHO) દ્વારા "કોરોના"ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. જેની ગંભીરતા જોતાં, તેના સંક્રમણને નાથવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે તાપી જિલ્લામાં પણ સંબંધિત વિભાગો દ્વારા રાતદિવસ જુદી જુદી કામગીરી હાથ ધરીને પ્રજાજનોના સ્વાસ્થ્યની કાળજી લેવામાં આવી રહી છે.

આ સંદર્ભે રાજ્ય સરકારના દિશા નિર્દેશ અનુસાર તાપી જિલ્લામાં કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના વડપણ હેઠળ જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલ દ્વારા મળેલી વિગતો અનુસાર, "કોરોના"ને પગલે તાપી જીલ્લામાં ગત તા.૨૩મી માર્ચથી ડોર ટુ ડોર સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આજદિન સુધી ૭,૭૮,૮૦૩ (૮૯.૯૮ ટકા) લોકોના સ્ક્રીનિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના તમામ અધિકારી/કર્મચારીઓ દ્વારા આ મહામારીના સંક્રમણને અટકાવવા માટે એક લક્ષ નિર્ધાર સાથે હાથ ધરાયેલી આ કામગીરીમાં ફિમેલ હેલ્થ વર્કર,મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર, આંગણવાડી વર્કર, આશા બહેનો,આર.બી.એસ.કે. સ્ટાફ સહિતની આરોગ્ય સેના દ્વારા, ગામે ગામ એકે એક ઘર ફરીને પ્રજાજનોમાં શરદી, ખાંસી, તાવ, સ્વાસ લેવામાં તકલીફ જેવી બાબતોની પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ કામગીરી સાથે જોડાયેલા આરોગ્ય કર્મચારીઓને "કોરોના"ના સંક્રમણ બાબતની વિસ્તૃત જાણકારી, તેની ગંભીરતા વિગેરે બાબતોની સમજ સાથે વિશેસ સૂચના અને માર્ગદર્શન પૂરું પાડી તેમને તાલિમબદ્ધ પણ કરવામાં આવ્યા છે.

જિલ્લા બહાર કે રાજ્ય બહાર તથા છેક વિદેશથી આવતા વ્યક્તિઓની વિસ્તૃત ટ્રાવેલ હિસ્ટ્રી મેળવવા સાથે આ કામગીરીનું રોજે રોજ ટેકો મોબાઈલ એપ્લીકેશન દ્વારા રિર્પોટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. ડોર ટુ ડોર સર્વેની આ કામગિરિની સાથે સાથે,આંતરરાજ્ય સરહદ ધરાવતા તાપી જિલ્લાના સરહદી વિસ્તારોમાથી આવતા-જતાં વ્યક્તિઓનું પણ સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે, એમ ડો. હર્ષદ પટેલે વધુમાં જણાવ્યુ છે.

કોરોના વાયરસ સામે સાવચેતીના પગલાંરૂપે ખારવેલ ગ્રામ પંચાયત વિસ્તારમાં સેનેટાઈઝેશન કરાયું

વલસાડ

નોવેલ કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે વલસાડ જિલ્લાના અનેક વિસ્તારોમાં સાવચેતીના પગલાં લેવામાં આવી રહયા છે. જે અંતર્ગત ધરમપુર તાલુકાના ખારવેલ ગ્રામ પંચાયત વિસ્તારમાં ગામની ત્રણ હજાર જેટલી જનસંખ્યાને નોવેલ કોરોના વાઈરસથી સુરક્ષિત રાખવા માટે ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ અગ્રણીઓ સાથે ચર્ચા-વિચારણા કરી ગામના યુવાનોના સહયોગથી તાલુકા હેલ્થ કચેરીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક મેડીકલ સ્ટોરમાંથી દવા મેળવીને અંદાજે રૂા.ત્રીસ હજારના ખર્ચે સમગ્ર ગામમાં દવાનો છંટકાવ બે તબક્કામાં કરવામાં કરી સંપૂર્ણ ગામને સેનિટાઈઝ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ફળિયાઓમાં અને જાહેર રસ્તા ઉપર જ્યારે બીજા તબક્કામાં ઘરે-ઘરે દવાનો છંટકાવ કરાયો છે. આ કામગીરીમાં ગ્રામજનોનો પણ સંપૂર્ણ સહકાર મળ્યો હતો.



ખારવેલ ગામના સરપંચ જણાવે છે કે, કોરોના અંગે જનજાગૃતિ માટે માઈક પ્રચાર, બેનરો લગાવવા ઉપરાંત ગામના વોટસએપ ગ્રૂપ દ્વારા પણ સમયાંતરે જાણકારી આપવામાં આવી રહી છે. ગામમાં કોઈપણ સ્થળે લોકો એકત્ર ન થાય તેની તકેદારી રાખવામાં આવે છે. ગામના મંદિરમાં સમૂહ આરતી બંધ કરવામાં આવી છે, લગ્ન, ચાંદલા જેવા સામાજિક પ્રસંગો પણ હાલ પૂરતા મોકૂફ રાખવામાં આવ્યા છે. અનિવાર્ય સંજોગોમાં ગામની બહાર જનાર વ્યક્તિઓ તેમજ દૂધ મંડળીમાં દૂધ ભરવા માટે આવતા સભાસદો માટે માસ્કની વ્યવસ્થા કરવામાં આવી છે. દૂધ મંડળીમાં તેમજ કરિયાણા અને આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો ઉપર એક મીટરનું અંતર જળવાઈ રહે તે માટે કુંડાળા કરવામાં આવ્યા છે અને તેમાં ગ્રામજનો પણ સહયોગ આપી રહયા છે. આ ઉપરાંત વધારે ચીજવસ્તુઓ લેનારા ગ્રાહકો ગામના વેપારીઓએ પોતાના વોટસએપ નંબર ઉપર જરૂરી ચીજવસ્તુઓનું લીસ્ટ મંગાવે છે અને તે સામાન તૈયાર કરી ફોન કરી અથવા વોટસએપથી જાણ કરવામાં આવે છે, જેથી દુકાન ઉપર ભીડ પણ ઓછી થાય છે અને સામાન પણ સરળતાથી મળી રહે છે. ગામમાં સ્વચ્છતા જાળવવા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જાહેરમાં થૂંકવા તેમજ કચરો નાંખવા ઉપર ૫૦૦ રૂપિયાના દંડનું પ્રયોજન કરાયું છે. ગામનો એક વ્યક્તિ કે જે બીજી ફેબ્રુઆરીએ ચીનથી જ્યારે એક વ્યક્તિ કેરાલાથી અહીં પરત આવ્યો હતો. આ બન્ને વ્યક્તિઓની આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ તબીબી ચકાસણી કરવામાં આવી હતી, જેનો રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો.

રાજ્ય આરોગ્ય મંત્રી દ્વારા રૂ. ૧૦ લાખનું અનુદાન

સુરત

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ઉભી થયેલી પરિસ્થિતિમાં સુરતવાસીઓને વધારાની આરોગ્ય સુવિધા આપવા માટે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી દ્વારા ધારાસભ્ય તરીકે રાજ્ય સરકાર તરફથી ફાળવવામાં આવતી વર્ષ ૨૦૧૯-૨૦/૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી સુરત મહાનગરપાલિકાની હોસ્પિટલોમાં આરોગ્ય સંસાધનો માટે રૂ.૧૦ લાખનું વિશેષ અનુદાન આપ્યું છે. કોરોના વાઈસર સામે લડવા મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલમાં આરોગ્ય વિષયક અદ્યતન મશીનો, સાધનો, આરોગ્ય વિષયક દવાઓ, કન્ઝુએબલ સામગ્રી જેવી સુવિધાઓ માટે આ અનુદાન ઉપયોગી બની રહેશે.

કાચી ખાદ્ય સામગ્રી કોમ્યુનિટી હોલમાં જમા કરાવી શકાશે

દાતાઓ તથા સેવા ભાવી સંસ્થાઓ માટે સુચના

સુરત

કોરોના વાઈરસની વર્તમાન સ્થિતિમાં લોકડાઉન શરૂ છે, ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરિયાતમંદોની મદદ અર્થે લોકડાઉનના ૨૧ દિવસ દરમિયાન જરૂરિયાતમંદોને ભોજન પૂરૂ પાડવામાં આવશે. સુરતની કોઈ પણ સેવાભાવી સંસ્થા અને નાગરિકો સેવાકીય પ્રવૃત્તિ કરવા ઈચ્છતા હોય તો મહાનગરપાલિકાની આ પહેલમાં જોડાઈ શકશે. શહેરની સેવાભાવી સંસ્થાઓ જરૂરી કાચી ખાદ્ય સામગ્રી જેવીકે અનાજ, ચોખા, તેલ અને કઠોળ (૧૦ કિ.ગ્રા.ચોખા,૨ કિ.ગ્રા. તુવેરની દાળ,૫ કિ.ગ્રા.ઘઉંનો લોટ,૨ કિ.ગ્રા.તેલ,૨ કિ.ગ્રા. બટાકા,૧ કિ.ગ્રા.કાંદા) શહેરના વિવિધ કોમ્યુનિટી હોલમાં જમા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં તમામ શહેરીજનો, સેવાભાવી સંસ્થાઓ સ્થાનિક તંત્ર દ્વારા થતી કામગીરીમાં મદદરૂપ થવા આગળ આવે, તેમજ ૨૧ દિવસના લોકડાઉનમાં સહુને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવામાં સુરત મહાનગરપાલિકાને શક્ય તેટલા સહાયરૂપ થવાની અપીલ પણ કરવામાં આવી છે.

એકલા રહેતા નિઃસહાય વૃદ્ધો માટે વિના મુલ્યે ભોજન સેવા

સેવાભાવી સંસ્થાઓના સહયોગથી ઘેર બેઠા ભોજન સેવા પૂરી પડાશે

સુરત

રાજ્ય સરકારે કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્યના મહાનગરોમાં એકલા વસવાટ કરતા નિઃસહાય વૃદ્ધ વડિલોને અને નિરાધાર વ્યકિતઓને ઘેર બેઠા વિનામૂલ્યે ભોજન મળી રહે તેવી અનોખી માનવીય પહેલ કરી છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં ઘરે એકલા રહેતા હોય અને ટિફિન મંગાવી ભોજન કરતા હોય તેવા નિઃસહાય વૃદ્ધ વડિલોને અને નિરાધાર વ્યકિતઓને પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં ઘરે બેઠા વિનામૂલ્યે ભોજન સેવા આ મહાનગરોના શહેરી સત્તાતંત્ર દ્વારા સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી પૂરી પાડવામાં આવશે.

સુરત શહેર માટે પણ આ વ્યવસ્થા માટે સંકલન અને ભોજન વ્યવસ્થા માટે અધિકારીઓની નિયુકિત પણ કરવામાં આવી છે. જેમાં શ્રી આર. સી. પટેલ, મો.૯૮૨૪૩૪૫૫૬૦ નો સંપર્ક સાધી શકાશે. વૃદ્ધ નિઃસહાય વડિલોને ભોજન સિવાય જીવનજરૂરી ચીજવસ્તુઓની જરૂરિયાત પણ ઘરે બેઠા પૂરી પાડવામાં આવશે તેમ જિલ્લા કલેકટરશ્રી ધવલ પટેલ દ્વારા જણાવાયું છે.

રાજકોટમાં હોમ ક્વોરન્ટાઈન કરાયેલી યુવતી ફરાર, ફરિયાદ દાખલ

રાજકોટ

ગુજરાતમાં કોરોના વાઈરસને કારણે લોકોમાં લૉકડાઉનની સ્થિતિ લોકો ધીરે-ધીરે સમજી રહ્યાં છે, ત્યારે રાજકોટમાં અમેરિકાના શિકાગોથી આવેલી યુવતીને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવી હતી. આ યુવતી અમીનમાર્ગ પર આવેલ કિંગ્સ હાઈટ્સમાં આવેલા તેના ઘરમાંથી ફરાર થઈ હોવાની માહિતી મળી રહી છે.

આ યુવતી વિરૂદ્ધ માલવીયા નગરમાં આઈપીસી ૨૬૯,૨૭૦,૨૭૧,૧૮૮ તેમજ એપિડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ-૩ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. હાલ પોલીસ આ ફરાર યુવતીને શોધી રહી છે. આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ, રાજકોટમાંથી ૧૧ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાંથી ૮ નેગેટિવ અને ૩ પોઝિટિવ રિપોર્ટ આવ્યા હતા. ૩ પોઝિટિવ કેસ આવ્યા તેમાં ગુરુવારે દુબઈથી આવેલા યુવાનના મિત્રનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના પત્નીનો રિપોર્ટ પણ પોઝિટિવ જાહેર થયો છે. આ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. તે બન્ને પણ દુબઈથી આવેલા યુવાનના મિત્ર જ છે. આમ દુબઈથી પરત રાજકોટ આવી યુવાને ચાર વ્યક્તિઓને ચેપ લગાડ્યો છે.

સુરત પોલીસની સરાહનીય પહેલ

મકાન માલિક ભાડું માંગશે તો સુરત પોલીસ મધ્યસ્થી કરશે

સુરત

સુરતમાં કોરોના વાઈરસને લઈને સુરત રોજગાર બંધ રહેતા લોકો વતન તરફ હિજરત શરૂ કરી છે ત્યારે સુરતમાંથી દરોજ મોટી સંખ્યામાં લોકો શહેર છોડીને જવા લાગ્યા છે ત્યારે લોકો આવક ન હોવાને લઈને ભાડાના મકાનમાં ભાડું ભરવું પડે તે માટે લોકો વતન તરફ નીકળી પડ્યા છે ત્યારે લોકો ને અટકાવવા માટે સુરત પોલીસ આગળ આવી છે અને મકાન માલિક ભાડું માંગે તો પોલીસ કરશે મધ્યસ્થી.

કોરોના વાઈરસને લઈને ૨૧ દીવસનું લોકડાઉન આપવામાં આવ્યુ છે ત્યારે શ્રમજીવી પરિવારોની આવક બંધ થઈ જતાં તેઓ જે મકાન માં રહેતા હતા તેનું ભાડું આપવાની સાથે ખાવા પીવાની તકલીફ પડતા આ તમામ લોકો મોટી સંખ્યામાં પોતાના વતન તરફ હિજરત કરવા લાગ્યા છે ત્યારે લોકો જે રીતે ટ્રેન અને બસ બંધ હોવા છતાંય લોકો પગપાળા પોતાના વતન તરફ જવા લાગ્યા છે ત્યારે આવા લોકોની હિજરત અટકાવા માટે સુરત પોલીસ આગળ આવી છે.

સુરત પોલીસ કમિશનરે જાહેરાત કરી છે કે મકાન કે કોઈ પણ વ્યક્તિને ભાડા માટે તકલીફ હોય તો પોલીસ કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવો જેને લઈને પોલીસ મકાન માલિકને મળી ભાડુઆત અને મકાન માલિક વચ્ચે મધ્યસ્થી કરીને મકાન માલિક ભાડું નહીં માંગે તેવી મદદ કરાવશે અને આ સંકટ પૂરતો હલ કાઢી આપશે.

સુરતમાં લોક ડાઉનના અમલ માટે આરપીએફની આઠ કંપની તૈનાત

ભાગળ સહિતના વિસ્તારોમાં રેપીડ એકશન ફોર્સનો બંદોબસ્ત

સુરત

સુરતમાં અત્યાર સુધીમાં કોરોનાના આઠ જેટલા પોઝીટીવ દર્દીઓ નોંધાઈ ચૂક્યાં છે જ્યારે શહેરમાં વધુ ૧૧ શંકાસ્પદ દર્દી સામે આવ્યા હતા. જોકે, મહાવીર હોસ્પિટલના ૩ કર્મચારીઓ સહિત નોંધાયેલા ૧૧ શંકાસ્પદ દર્દીઓ પૈકી ૨ દર્દી સહિત ૧૦નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જ્યારે હાલમાં દાખલ ૬ પોઝિટિવ દર્દીઓ પૈકીના ૪ની સ્થિતી હાલ સ્ટેબલ હોવાનું તેમ જ ૨ દર્દીની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં પોલીસ અને ફાયર બિગેડની સાથો સાથો હવે રેપીડ એકશન ફોર્સની ટીમોને પણ રસ્તા પર ઉતારીને લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે ઊભી કરાયેલી કોરોના હોસ્પિટલ ખાતે સફાઈ કામદારને સેનિટાઈઝર અને માસ્ક જેવી વસ્તુઓ ન આપવામાં આવતા હોબાળો મચાવ્યો હતો.ભાગળ સહિતના વિસ્તારોમાં આરએએફની ટીમનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. શહેરમાં પોલીસની સહાયતા માટે અને રસ્તા પર વધુ લોકો ન નીકળે તથા સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે હેતુથી શહેરમાં આરએએફનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આઠ આરએએફની ટીમ શહેરમાં સુરક્ષા વ્યવસ્થા માટે ગોઠવી દેવામાં આવી છે.

નવસારી જિલ્લામાં કોરોના વાઈરસનો એક પણ કેસ પોઝિટિવ નોંધાયો નથી

નાગરિકો કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકશે

નવસારી

નોવેલ કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને અટકાવવા માટે નવસારી જિલ્લામાં જિલ્લા કલેકટરશ્રી આદ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર દ્વારા અસરકાર વ્યાપક પગલાં લેવામાં આવ્યા છે.

નવસારી જિલ્લામાં કોરોના વાયરસની માહિતી માટે કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. જિલ્લાના નાગરિકો ૦૨૬૩૭-૨૩૩૦૦૨, ૦૨૬૩૭-૨૫૯૪૦૧ અને ટોલ ફ્રી નંબર ૧૦૭૭ ઉપર સંપર્ક કરી શકશે. કોરોના મહામારી સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા કરાઈ છે. કોરોના વાયરસના પગલે લોકોમાં જાગૃતિ આવે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હોર્ડિંગ્સ, બેનર, પેમ્ફલેટ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા છે.

કવોરોન્ટાઈન અને આઈસોલેશન સાથે જોડાયેલ તમામને તાલીમ આપવામાં આવી છે. આ ઉપરાંત કોરોનાનું મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોરોના વાયરસની મહામારી સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક પગલાં લેવામાં આવેલ છે. જિલ્લા પ્રશાશન દ્વારા લોકોને ઘરની બહાર ન નીકળવા ખાસ અપીલ કરવામાં આવે છે.

કોરોના વાઈરસ સામે સાવચેતી જરૂરી તકલીફ હોય તો ૧૦૪ પર ફોન કરવો

ટેલીફોન પર તુરંત યોગ્ય માર્ગદર્શન મળી શકશે

સુરત

સુરત શહેરમાં કોરોના સામેના જંગમાં હાલ એવી સ્થિતિ છે કે, બાજી હજુ પણ આપણા હાથમાં છે. જરૂર છે તો માત્ર સાવચેતી અને સમજદારી દાખવવાની. જો કોઈ વ્યક્તિને તાવ-શરદી-ખાંસી-શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો હોય તો તેઓ ૧૦૪ ઉપર ફોન કરીને સેલ્ફ ડિક્લેરેશન કરે. ફોન પર જ તમારું રજીસ્ટ્રેશન થઈ જશે. તમને તરત જ યોગ્ય માર્ગદર્શન મળી જશે. આરોગ્યની એક ટીમ તુરંત જ તમારા ઘરે આવશે અને તમને ચેક કરશે. જો તમને હોમ કોરોન્ટાઈન કરવાની જરૂર છે તો આવું કરશે અથવા તો સામાન્ય તકલીફ હોય તો તે પ્રમાણે દવા આપશે. આમ કરવાથી તમને તો સમયસર સારવાર મળી જ રહેશે. તમને જાણીને સારું લાગશે કે છેલ્લા બે દિવસથી સુરતમાં એક પણ પોઝિટિવ કેસ નથી. અત્યારસુધી ૭ પોઝિટિવ કેસ નોંધાયા છે, જેમાંથી ૬ લોકો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને તેમની હાલત સ્થિર છે. શહેરમાં અત્યારસુધી ૬૩ કેસ નોંધાયા હતા, જેમાંથી ૫૪ નેગેટિવ આવ્યા છે અને બે પેન્ડિંગ છે. આ લોકોના સંપર્કમાં આવેલા લોકો, વિદેશથી આવેલા લોકો મળીને કુલ ૪૩૩૧ લોકો હાલ કોરોન્ટાઈન છે. હવે જરૂર છે તો માત્ર ઘરમાં જ રહીને કોરોનાના સંક્રમણથી બચવાની. શહેરમાં હજુ કેટલાક એવા જૂજ લોકો હોઈ શકે કે જેઓ કોરોના કેરિયર છે પણ તેઓ ઓળખી શકાયા નથી. આવા લોકોથી દૂર રહીને આપણે કોરોનાને હરાવી શકીએ છીએ.

ગુજરાતમાં હાલમાં પ્રવાસી પક્ષી પ્રજાતિ સંરક્ષણનુ આયોજન થયુ હતુ

વન્ય જીવ સંરક્ષણ દરેકની જવાબદારી

વન્ય જીવોની સુરક્ષા દરેક વ્યક્તિની જવાબદારી રહેલી છે. આના માટેના પ્રયાસ દરેક વ્યક્તિ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનામાં જ ૧૩માં પ્રવાસી પક્ષી પ્રજાતિ સંરક્ષણ સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં દસ પ્રવાસી પ્રજાતિઓના નામ વૈશ્વિક વન્ય જીવ સમજુતીમાં ઉમેરી દેવામાં આવ્યા હતા. જ્યારે ભારતની ત્રણ પ્રજાતિઓના નામ આ યાદીમાં ઉમેરી દેવામાં આવ્યા હતા. ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ અટલે કે ગોડાવણની સંખ્યા છેલ્લા આશરે ૪૦ વર્ષમાં ઝડપથી ઘટી રહી છે. હવે તેના અસ્તિત્વની સામે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. તેમના સંરક્ષણની વધારે જરૂરિયાત દેખાઈ રહી છે. ૧૩માં સંમેલનમાં આ બાબત કબુલ કરવામાં આવી હતી કે દુનિયાભરમાં કુદરતને બચાવી લેવા માટે પ્રવાસી પ્રજાતિઓની સંરક્ષણની ભૂમિકા મહત્વપૂર્ણ રહેલી છે. પ્રથમ વખત અનેક મોટી અને લોકપ્રિય હસ્તીઓને વન્ય જીવોની સાથે જોડવામાં આવી છે. અભિનેતા રણદીપ હુડાને જળમાં રહેનાર પ્રજાતિઓની સુરક્ષા માટે જવાબદારી સોંપવામાં આવી છે. ઈયાન રેડમંડને જમીની પ્રજાતિઓ તેમજ સાશા ડેંચને પક્ષીઓની પ્રજાતિઓને બચાવી લેવા માટેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. હાલમાં જ ગુજરાતના ગાંધીનગરમાં આયોજિત સંમેલનમાં ૧૦૦થી વધારે દેશોના ૨૫૦૦થી વધારે પ્રવાસી પ્રજાતિઓના સંબંધમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બાબતને પણ પ્રાથમિકતા આપવામાં આવી હતી કે કઈ પ્રવાસી પ્રજાતિઓને વધુ પ્રાથમિકતા આપવામાં આવે. ફેબ્રુઆરી મહિનામાં સંયુક્ત રાષ્ટ્રના સમર્થનથી આયોજિત આ સંમેલનનુ આયોજન ભારતમાં કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમના તારણો ખુબ રસપ્રદ રહ્યા હતા. ભારતની ત્રણ પ્રજાતિઓને આ યાદી સાથે જોડાવામાં આવી



હતી. એશિયન હાથી, ગોડાવણ અને બંગાળ ફ્લોરિકન એટલે કે બંગાળ બસ્ટર્ડ નો સમાવેશ થાય છે. આનો અર્થ એ થયો કે ભવિષ્યમાં તેમના જીવનને વધુ સુધારી દેવાની જરૂર દેખાઈ રહી છે. હવે આગામી પગલુ રાષ્ટ્રીય ઉર્જા તેમજ જૈવ વિવિધતા નીતિ હેઠળ એવી પ્રજાતિઓનુ સંરક્ષણ કરવાનુ રહેશે જે જેમના ગેરકાયદે શિકાર પર પ્રતિબંધની બાબત સામેલ છે. આવા ક્ષેત્રોમાં નવા માર્ગો અને પુલના નિર્માણની કામગીરી પર બ્રેક મુકવાની બાબતનો સમાવેશ થાય છે. ફ્લાયઓવરના નિર્માણના કામને આવા વિસ્તારમાં રોકી દેવામાં આવનાર છે. જ્યાં આ પ્રકારના પશુ પછી જોવામાં આવે છે ત્યાં કેટલાક સાવચેતીના પગલા લેવામાં આવનાર છે. આવા વિસ્તારોને માનવી સંસ્કૃતિના એક હિસ્સા તરીકે બનાવી દેવામાં આવનાર છે. વન્ય જીવોના મહત્વને સારી રીતે સમજી શકાય તે દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. આ તમામ ભલામણના કારણે ૨૦૨૦-૩૦ માટે નવા વૈશ્વિક જૈવ વિવિધતા પ્રારૂપ બનાવવામાં મદદ મળી શકે છે. આને આ વર્ષે ઓક્ટોબરમાં જ સુચિત આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં રજૂ કરવામાં આવનાર છે. સામાન્ય રીતે જોવામાં આવે તો મોટા ભાગની પ્રજાતિઓ પર હાલમાં સંકટ દેખાય છે. ગુજરાતમાં આયોજિત કાર્યક્રમમાં કાર્યકારી સચિવ ફ્રેન્કલેએ કહ્યુ હતુ કે આ પ્રજાતિઓની સમીક્ષા રિપોર્ટને ચેતવણી તરીકે લેવામાં આવે તે જરૂરી છે. પ્રવાસી પ્રજાતિઓના વર્તમાન સ્તર પર એક ફ્લેગશીપ રિપોર્ટ તૈયાર કરવાની જરૂરિયાત કાર્યક્રમમાં અનુભવ કરવામાં આવી હતી. જમીની સ્તર પર આખરે શુ થઈ રહ્યુ છે તે બાબતને સમજી શકાય છે. સાથે સાથે આના કારણે એવી સુચના પણ મળતી રહેશે કે આખરે સારી બાબત માટે શુ કરી શકાય છે. કાર્યક્રમમાં ગાંધીનગર ઘોષણાપત્રને સ્વીકાર કરીને કેટલીક નવી બાબતો કરવામાં આવી હતી. આગામી સપ્તાહમાં રોમમાં યોજાનાર બેઠકમાં આ વિષય પર ચર્ચા કરવામાં આવનાર છે. વિવિધ પ્રજાતિઓને વર્તમાન સ્થિતી સાથે જોડીને કઈ રીતે રાખી શકાય તેના પર આ બેઠકમાં ચર્ચા કરવામાં આવનાર છે. તમામ લોકોને આ અંગે માહિતી નથી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત વૈશ્વિક પ્રવાસી પછી પ્રજાતિઓ અંગેની સભાને સંબોધવામાં આવી હતી. મોદીએ આ કાર્યક્રમમાં વિડિયો કોન્ફરન્સ મારફતે સંબોધનમાં કહ્યુ હતુ કે ભારતમાં વન્ય જીવોની સુરક્ષાની જુની પરંપરા રહેલી છે. ભારતને આગામી ત્રણ વર્ષ માટે અધ્યક્ષ તરીકેની જવાબદારી આપવામાં આવી છે. મોદીએ જાહેરાત કરી હતી કે મધ્ય એશિયન હવાઈ માર્ગ મારફતે અવરજવર કરતા પ્રવાસી પછીઓના સંબંધમાં વધારે માહિતી મેળવી લેવાની જરૂર છે.

ગ્રેટ ઈન્ડિયન વેડિંગ ફૂડનું મોર્ડન મેકઓવર!

સમયની સાથે સાથે જીવનના અમૂલ્ય પ્રસંગ-લગ્નના વ્યવસ્થાપનમાં પણ પરિવર્તન આવવા લાગ્યા છે. ડેસ્ટિનેશન વેડિંગની હજુ થોડા સમય પહેલાં જ બોલબાલ હતી, પણ હવે તે સ્ટાઇલ પણ જૂની થઇ ગઇ છે અને હવે તેને સ્થાને કોમ્પેક્ટ વેન્યૂ પર આજના યુવાનયુવતી નજર ઠરવા લાગી છે અને તેથી તેઓ બંગલા પર નજર ઠેરવી રહ્યા છે. બંગલો ભાડે રાખી તેને બહારથી આકર્ષક લાઇટિંગ અને અન્ય સાજસજાવટથી ભવ્ય બનાવી ત્યાં જ લગ્ન કરવાની સ્ટાઇલ લોકોને તેમાંય ખાસ કરીને લગ્ન કરનારા કપલ્સ-આવા સ્થાન પર વધુ પસંદગી ઢોળી રહ્યા છે.

અરે, લગ્ન સ્થળની સાથોસાથ લગ્નના ભોજન સમારોહનું પણ મોડર્ન મેકઓવર થઇ રહ્યું છે. લગ્નજ્યારે ગાંઢ સંબંધની ઘટના બની રહી છે અને કપડાં પણ અવનવી ડિઝાઇનના પ્રતીક સમા બની રહ્યા છે તો પછી નવયુગલની પર્સનાલિટીના પ્રતિબિંબ સમા વિવિધ વાનગીઓમના મેનૂ શા માટે પાછળ રહી જાય ? લગ્ન કરનારા યુવક-યુવતી તેમના લગ્નમાં આવી શોભામાં અભિવૃદ્ધિ કરનારા મિત્રો, સ્નેહી-સંબંધીઓ અને નિકટના સંબંધીઓને કોઇપણ પ્રકારની ગૂંચવણ વિનાના ફન્કી મેનુની વાનગીને અનુસરી રહ્યા છે, જેથી કરીને કોઇએ મુંઝવણ કે મુશ્કેલીમાં ન મુકાવું પડે એટલા સરળ મેનુ લોકપ્રિય બની રહ્યા છે. ભોજનના મેનુમાં કોઇ પણ પ્રકારની મર્યાદા કે નિયંત્રણ નથી મુકવામાં આવતું. જો તેમની પારિવારિક વાનગીઓ બનાવવામાં આવી હોય તોય, તેમનો મૂળ આઇડિયા તો ભોજન અને વાગની વધુ એથેન્ટિક બને એ જ હોય છે. લોકોને એ વાતની જાણ હોય છે





કે દરેક ડિશમાં કેવા પ્રકારની વાનગી હાલમાં પીરસવામાં આવે છે, એમ મુંબઈની એક જાણિતી કેટરીંગ સેવાના અગ્રણીનું કહેવું છે. લગ્નના ભોજન સમારોહમાં કેવો ટ્રેન્ડ ચાલે છે એ જોઇએ. આજકાલ લોકો વિવિધ પ્રદેશ કે પ્રાંતથી પણ આગળ વધી જુદા જુદા દેશોની વાનગીઓને વધુ મહત્વ આપી રહ્યા છે. શ્રીલંકન સ્ટાઇલના મિનિ અપ્પમ્સ ઉપર ગુઆકામોલે છાંટવામાં આવ્યા હોય છે અને ચેટ્ટિનાડ પનીર, ગરમાગરમ માસા કોર્ન અને ફાલાફેલના બાઉલમાં અન્ય વાનગી પીરસવામાં આવી હોય. લોકો વૈશ્વિક ડિશ અને તેમાં પીરસાયેલા અવનવા દેશની વાનગીઓ ભણી વધુ ધ્યાન કેન્દ્રીત કરતાં હોય છે. ઘણા લાકોને દક્ષિણ - પૂર્વ એશિયન ફૂડ વધુ પસંડ પડે છે અને એ ધ્યાનમાં રાખીને વેજ-વાનગીઓ ભણી ખેંચાય જાય છે. એવું તેઓ કહે છે, સાથે ઉમેરે છે કે અગાઉ આપણે તંદુર કાઉન્ટરનો આગ્રહ રાખતા જેથી કરીને લોકોએ ભણી વધુ આવે અને તેના ભોજનની જયાફત ઉડાડે, પણ આજે આ બધુ જૂનું થઇ ગયું છે. લોકો હવે હેલ્ધીયર વિકલ્પ પર નજર નાંખે છે. આવી વાનગીઓ લગ્ન સમારોહમાં પીરસવામાં આવે એવું લોકો ઇચ્છે છે.' સામાન્ય રીતે લગ્ન સમારોહમાં ભોજન આરોગનારા એની દરકાર નથી કરતાં કે તેઓ શું આરોગી રહ્યા છે, પણ એમાં ફેરફાર આવ્યો છે કેમ કે તે જુએ છે, એમ જણાવ્યું એક કેટરિંગ સર્વિસના અગ્રણીએ. પેટ જ ભરે એવું ભોજન નહીં લગ્નની તમામ પ્રક્રિયાને પહોંચી વળે એવા નિષ્ણાત થઇ ગયા છે આજનાયુવાનો ! દિલ્હીની એક કેટરિંગ સેવાના અગ્રણીએ કહ્યું, પ્રિ-વેડિંગ સમારોહમાં યુવાનોને મહેંદી અને કોકેટેલ પસંદ નથી. મેં જોયું છે કે આજના યુવાનો માટે આ સૌથી મોટો પ્રસંગ છે અને તેઓ તેને કેવી રીતે લોકોને સમર્પિત કરવા ઇચ્છતા હોય, એવું કરવા વધુ આગ્રહી હોય છે. રિસેપ્શન અને વેડિંગમાં યોજનારા ભોજન સમારોહમાં વડીલોનાં મનનું વજન વધુ પડે છે. આમ છતાં, મહેમાનો માટે વૈશ્વિક વાગનીઓ પીરસવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

લોકો જાણે છે કે ભોજન માત્ર ભરવા માટે નથી. બાર્બરાક્યુ આધારિત કેટરિંગ સેવા અમે પૂરી પાડીએ છીએ, જેમાં જાળી પર શેકીને વાનગી પીરસવી અથવા સ્ટાઇડર્સ, હોટ ડોગ્સ, સ્લાડ અને હેવી ફિંગર ફૂડ પૂરા પાડવા, એવું કહેવું છે, દિલ્હીના કેટરીંગ સેવાના અગ્રણીઓનું ! લો-કાર્બ ભોજનની માગ ભોજનના મર્મજ્ઞોનું આ વિશિષ્ટ અનુકૂળ જૂથ ફ્રાન્સથી નવ વર્ષ પહેલા ભારત આવેલા એક શેફ અમીલ ગુરીનના સ્ટોલ ભણીજવાનું વધુ પસંદ કરે છે, કેમ કે આ શેફ લગ્ન સમારોહ અને પાર્ટીઓમાં ફ્રેન્ચ ફૂડ પીરસવામાં અવ્વલ છે. શેફ અમીલ કહે છે, 'આજે ભારતીયો વધુને વધુ પ્રવાસ કરે છે મેં જોયું છે કે ભારતીયજનોમાં જિજ્ઞાસાવૃત્તિ ગજબની હોય છે. અને વધુ ને વધુ હોય છે. તેઓ ઘણા જાગરુક હોય છે. આ સાથે તેઓ ઉમેરે છે, લો કાર્બન ફૂડ અને કોટો સેક્શન સહિત લગ્ન સમારોહમાં ડાયેટ -કાઉન્ટર વધુ લોકપ્રિય બની રહ્યા છે. ને તેનું કારણ છે આધુનિક અન્ન સંસ્કૃતિમાં આવેલું પરિવર્તન છે.

'મેનુ સંતુલિત ભોજનનું હોય તેની વધુ

માગ રહે છે અને અમે તેને પૂરું પાડીએ છીએ. જો કે આનો અર્થ એ પણ નથી કે આખુ મેનુ જ ગ્લુટેન-ફ્રી, હોય અને વેજ ફૂડ જ ઉપલબ્ધ હોય. કેટલીક સ્વાદિષ્ટ વસ્તુ સાથેનો ટોસ્ટનો ટુકડો, મિની પેસ્ટ્રીઝ અને ફિંગર ફૂડ તો દરેક મેનુમાં હોવા જ જોઇએ, એમ તેમણે જણાવ્યું. પારિવારિક, પણ ફેન્સી ફૂડ ચેન્નઇની એક કેટરિંગ સેવાના અગ્રણી કહે છે, 'આ આધુનિક ટ્રેન્ડ માત્ર માર્કેટ્સમાં જ નહીં, પણ તેમાં વૈશ્વિક નોંધાયો છે. મેં વર્ષો પહેલાં કુકીંગ શરૂ કર્યું હતું, ત્યારે માર્કેટ સાવ ભિન્ન હતી. લોકોને એકસરખુ દેખાતુ ભોજન ગમતુ નથી, તેઓ તેના પર નજર પણ નથી નાખતા. તેમને કંઇક ભિન્ન જોઇએ છે. ઘણાને તો ફાઇવ-કોર્સ એટલે શું એની પણ ખબર નથી હોતી, પણ આજે એવું નથી. લોકો ઘણું બધુ જાણે છે. હવે કંઇ એવું કે લોકોને માત્ર ભારતીય અને ચાઇનીઝ વાનગીઓ જ ભાવે. લોકોને તો સુશી અને ડમ્પલિંગ્સ સાથે પણ પરિક્ષણ કરવાનું પસંદ પડે છે, જે તેમના માટે એક ફન હોય છે.

ડાયેટરી રિસ્ટ્રિક્શન બાજુએ રહ્યા.

કપલ્સને તે જીભને ભાવે એવું સ્વાદિષ્ટ કમ્ફર્ટ ફૂડ જે જોતા જ ગમી જાય તેને આરોગવું વધુ ગમે છે. ઘણા લોકો અન્ન સાથે પરીક્ષણ કરે છે તો બધા લોકો જૂની શાળાના વિદ્યાર્થીની જેમ ભોજન આરોગતા હોય છે. તેઓ આવા ફૂડ અંગેની જાણકારી ઇન્સ્ટાગ્રામ પર મુકવા ઇચ્છથા હોય છે. તાજેતરના એક લગ્ન પ્રસંગે મે આધુનિક ભારતીય વાનગીઓ પર મારું ધ્યાન કેન્દ્રીય કર્યું. આમાં ટ્રિક એ હોય છે કે ફેન્સી અને ફેમિલીય ફ્લેવર ઉપર બરાબર સમતુલન જળવાયેલું હોય છે, એમ તેમણે સ્મિતવેરતા જણાવ્યું.

ક્વીરડી ફૂડ !

ફ્યુઝન ફૂડને એક પ્લેટમાં ગોઠવવામાં આવે તો એ રેગ્યુલર કમ્ફર્ટ ફૂડની પ્લેટ સહેલાઇથી બની શકે છે. આ અંગે એક શેફ કહે છે કે આ બીજું કંઇ જ નથી, પણ ચાટની એક પ્લેટ બની જાય છે. થાઇ સ્ટાઇલની પાનીપુરી, ટેમ્પુરા, સ્ટાઇલની સ્વીટ પોટેટો ચાટ, જે બધુ આપણા મેનુમાં તો આવે જ છે. ભવિષ્યના વેડિંગમાં સ્પેશિયાલિટી ચીઝ કાઉન્ટર પર આ એક વાનગી બની જાય તો આપણને તેની નવાઇ ન થવી જોઇએ. ઘણા કપલ્સ એવા હોય છે જેઓ તેમના મેનુમાં સેળભેળ કરે છે. આવું ઘણી વાર બને છે અને અંતે તે નવી વાનગી બનીને માર્કેટમાં આવી જાય છે. એવું તેમનું કહેવું છે. આમ, આપણું ભારતીય ભોજન, જે ઝડપભેર મોર્ડન મેકઓવર કરી રહ્યું છે, તે અંગે આથી વધુ દાખલા આપવાની જરૂર નથી કે ઇન્ડિયન વેડિંગ ફૂડ પોતે જ એક ખાનગી છાપ અને સ્વાદ આપે છે. આમ, ફુડનું મોર્ડન મેકઓવર ખરેખર આવકાર્ય અને પ્રશંસનીય છે.



હાલમાં અમદાવાદ પોલીસ લોકડાઉનમાં કાબિલેતારીફ ફરજ અદા કરી રહી છે. પોલીસ લોકોનું ધ્યાન રાખવાની સાથેસાથે પોતાનું અને પરિવારજનોનું ધ્યાન રાખવા પણ એટલી જ તકેદારી રાખી રહી છે. લોકડાઉનમાં ફરજ બજાવી રહેલા પોલીસકર્મીઓ માટે અમદાવાદના સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જમવાની વ્યવસ્થા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ કરવામાં આવી હતી. આ વ્યવસ્થામાં ધ્યા રાખવામાં આવ્યું હતું કે ભોજન માટે આવનાર તમામ પોલીસકર્મીઓ એકબીજાથી એક મીટરનું અંતર રાખી જમી શકે. પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ પોલીસકર્મીઓ અલગ અલગ જગ્યાએ ફરજ બજાવતા હોય છે અને આ કારણોસર પોલીસકર્મીઓ દ્વારા આ તકેદારી રાખવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓને ૧૫૦૦ રૂપિયા આપશે કોરોના સંકટ: ગુજરાત સરકાર ૩.૨૫ લાખ બાળકોને કરશે આર્થિક મદદ

ગાંધીનગર

જીવલેણ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે ગુજરાતની રાજ્ય સરકારે ૩.૨૫ લાખ વિદ્યાર્થીઓને ૧૫૦૦ રૂપિયા આપશે.

ગુજરાતની આશ્રમશાળા, સમરસ હોસ્ટેલ અને બાળ સંરક્ષણ ગૃહમાં રહેતા વિદ્યાર્થીઓ જે હાલ પોતપોતાના ઘરે ગયા છે. તેમને રાજ્ય સરકાર એપ્રિલ મહિનાના ખર્ચ પેઠે ૧૫૦૦ રૂપિયા આપશે. આ રકમ તેમના વાલીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવશે.

આ અંગે નાયબ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. બાળ સંભાળ ગૃહમાં રહેતા બાળકોને પણ સહાય મળશે. રાજ્યમાં દિવ્યાંગ છાત્રાલયમાં રહેતા, અભ્યાસ કરતા અને હાલ ઘરે ગયેલા ૧૧ હજાર દિવ્યાંગ બાળકોને સહાય કરવામાં આવશે.

એક અંદાજ પ્રમાણે રાજ્યમાં ૧૧ હજાર જેટલા દિવ્યાંગ બાળકો છે. આ સિવાય જે વિદ્યાર્થીઓ બાળ સંભાળ ગૃહમાં રહે છે તેમને પણ આ પ્રમાણે ૧૫૦૦ રૂપિયાની સહાય કરવામાં આવશે.

લોકડાઉનથી રાજ્ય સરકારની તિજોરીને ૩થી ૪ હજાર કરોડના નુકસાનની શક્યતા

ગાંધીનગર

કોવિડ ૧૯ને ફેલાતો અટકાવવા માટે લેવાયેલા લોકડાઉનના નિર્ણયના કારણે રાજ્ય સરકારની તિજોરીને ૩ હજારથી ૪ હજાર કરોડ સુધીનું નુકસાન થઈ શકે છે, તેમ સરકારના સૂત્રોએ જણાવ્યું. મેન્યુફેક્ચરિંગથી લઈને સર્વિસ સેક્ટર સંપૂર્ણ રીતે શટડાઉન છે, આ સિવાય ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીની આવકમાં પણ ઘટાડો થયો છે, તેમ સૂત્રોએ જણાવ્યું.

નાણાકીય વર્ષનો અંતિમ મહિનો હોવાથી માર્ચમાં રેવન્યૂ કલેક્શન વધે છે. પરંતુ આ વખતે જીએસટી કલેક્શનમાં તીવ્ર ઘટાડો થશે તેવી શક્યતા છે. શટડાઉનના કારણે રિયલ એસ્ટેટ તેમજ અન્ય સેક્ટર બંધ હોવાથી સ્ટેમ્પ ડ્યૂટી તેમજ રજિસ્ટ્રેશન ફીની આવક પણ ઘટી છે', તેમ સરકારના વરિષ્ઠ અધિકારીએ કહ્યું. તેમણે કહ્યું કે, સરકારને વ્હીકલના વેચાણથી થતી આવકમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

અધિકારીએ કહ્યું કે, સરકાર તરફથી મળતી સહાયમાં ઘટાડો થવાની શક્યતાને નકારી શકાય નહીં, કારણ કે કેન્દ્ર સરકારને પણ આવકમાં સમાન ઘટાડાનો સામનો કરવો પડશે. 'લોકડાઉન ખતમ થયા બાદ જ આ બાબતો સ્પષ્ટ થશે', તેમ અધિકારીએ કહ્યું.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, લોકડાઉનની અસર લોકડાઉનના સમયગાળા પછીના ૮ મહિના સુધી દેખાઈ શકે છે, તેથી થોડા સમય માટે રાજ્ય સરકારની આવકને ફટકો પડશે. 'રાજ્યના આયોજિત ખર્ચને ભંડોળ આપવા માટે રાજ્ય સરકારે વધું નાણાનું ઋણ લેવું પડી શકે છે કારણ કે બજેટની ફાળવણીની જાહેરાત થઈ ચૂકી છે', તેમ અધિકારીએ જણાવ્યું.

લોકડાઉન વચ્ચે રાજ્યમાં અકસ્માત વધ્યા: એક જ દિવસમાં ૯ લોકોના મોત

ગાંધીનગર

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ૧૪ એપ્રિલ સુધી દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ લોકડાઉન દરમિયાન ગુજરાતમાં અકસ્માતો વધી ગયા છે. રાજ્યમાં એક દિવસમા અલગ-અલગ ૩ અકસ્માતમાં કુલ ૯ લોકોના મોત થયા છે.

અમેરલીમાં કાર અકસ્માતમાં ૪ના મોત

રાજુલાના વાવેરા અને ચાંદલિયા ડુંગર વચ્ચે કારને અકસ્માત નડ્યો હતો. જેમાં ૩ લોકોના ઘટનાસ્થળે જ્યારે એકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ હરિદ્વારથી પરત આવતી વખતે અકસ્માત સર્જાયો હતો. બનાવની જાણ થતા રાજુલા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તમામને હોસ્પિટલ ખસેડાયા હતા.

મહેસાણા-અમદાવાદ હાઈવે પર ટ્રક પલટી, ૩ના મોત

મહેસાણા-અમદાવાદ હાઈવે પર ખાંડથી ભરેલી ટ્રક પલટી મારતા ૩ લોકોના મોત થયા હતા. જ્યારે ટ્રકની કેબિનમા બેઠેલા બે વ્યક્તિઓને ઈજા થતા સારવાર માટે મહેસાણા સિવિલમા ખસેડ્યા હતા. મહેસાણા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો હતો.

ડીસા ટ્રકની ટક્કરે બે પોલીસકર્મીના મોત

બનાસકાંઠાના ડીસાના આખોલ પાસે બાઈક પર જઈ રહેલા બે પોલીસકર્મીઓને ટ્રકે ટક્કર મારતા તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા. મહાકાળી મંદિર સામે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં આ બન્ને પોલીસકર્મીના મોત થયા હતાં. આ ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ બન્ને પોલીસકર્મીઓના મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

ટ્રકે બાઈકને મારેલી ટક્કર એટલી જોરદાર હતી કે બન્નેના ઘટનાસ્થળે જ મોત થયા હતાં. આ ઘટનાની જાણ થતાં જ ડીસાના ધારાસભ્ય પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. ડીસા તાલુકા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજસ્થાનમાં ૪૫ ગુજરાતીઓ ફસાયા: સરકાર પાસે માંગી મદદની ગુહાર

અમદાવાદ

સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે, જેના પગલે જાહેર પરિવહન સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. જોકે, સરકારના આ નિર્ણયને પગલે અનેક લોકો ફસાયા છે. પાડોશી રાજ્ય રાજસ્થાનમાં જ ૪૫ જેટલા ગુજરાતીઓ ફસાયા છે. આ તમામ લોકોએ તેમને વતન પરત આવવાની વ્યવસ્થા કરી આપવા માટે રાજ્ય સરકાર સમક્ષ ગુહાર લગાવી છે.

અમદાવાદના શાહપુર, જમાલપુર અને દાણીલીમડા વિસ્તારના ૪૫ સભ્યો રાજસ્થાનના ટોક વિસ્તારમાં ફસાયા છે. આ પરિવાર જનતા કર્ફ્યૂ પહેલા રાજસ્થાન ગયો હતો. પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી અમદાવાદથી રાજસ્થાન ગયા હતા. પરંતુ અચાનક જનતા કર્ફ્યૂની જાહેરાત કરી દેવામાં આવી હતી. ત્યાર બાદ રાજસ્થાનમાં કેસ વધતા સરકાર દ્વારા તમામ બોર્ડર સીલ કરી દેવાનો આદેશ કરાયો હતો. આ કારણે આ લોકો ત્યાં જ ફસાયા છે.

ફસાયેલા લોકોએ ગુજરાત સરકારને મદદની અપીલ કરી. અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતા આ પરિવારની મહિલાઓ પણ એક જ રટણ કરી રહી છે કે અહીંથી અમને મુક્ત કરાવો. અહીં જમવાની કોઈ વ્યવસ્થા કે મેડિકલ સારવાર નથી.

૭૦૦ કિલોમીટર દૂર રહેલા લોકો હવે પોતાના વતન તરફ આવવા સરકાર સામે મદદની અપીલ કરી છે. મહત્વપૂર્ણ છે કે છેલ્લા એક સપ્તાહથી લોકોએ પોતાના ઘરોની વાટ પકડી છે.

ભાજપ ગરીબો, વૃદ્ધો અને જરૂરિયાતમંદોને ભોજન, રાશન કિટનું વિતરણ કરશે

સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓને પણ સાથે રાખી સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે આ સહાય રાજ્યના છેવાડાના માનવી સુધી પહોંચાડશે: જીતુ વાઘાણી

ગાંધીનગર

ગુજરા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટેની કટિબદ્ધતા સાથે નાગરિકોને અગવડ ન પડે તેની ચિંતા સાથે વિવિધ નિર્ણય લઈ રહી છે ત્યારે આ સંવેદનશીલ સમયમાં આપણે સૌ પણ આપણા ઘરે રહીને આ લડત માં સહભાગી થઈએ તે આવશ્યક છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના સૂચન મુજબ ૨૧ દિવસના લોકડાઉનના સમયગાળા દરમિયાન ગરીબો અને જરૂરિયાત મંદ પરિવારોને ભોજન, રાશન કિટ જેવી જરૂરી ચીજવસ્તુઓ ગુજરાતના તમામ જિલ્લાઓ-તાલુકા-મહાનગરમાં દરેક બુથ સુધી પહોંચે, કોઈ જરૂરિયાતમંદ વંચિત ન રહે તે સુનિશ્ચિત કરી ભાજપાના કાર્યકર્તાઓ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ તંત્રનો સહકાર લઈ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓને પણ સાથે રાખી આ સહાય રાજ્યના છેવાડાના માનવી સુધી પહોંચાડશે.

પ્રદેશ અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે, કાર્યકર્તાઓના ઘરે પાંચ વ્યક્તિ માટે ભોજન બનાવી ગરીબ, સીનીયર સીટીઝન અને અશક્ત વ્યક્તિઓને પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ ઉપરાંત ભોજન માટે જરૂરી કાચી સામગ્રી જેવી કે લોટ, અનાજ, દાળ, તેલ, શાકભાજી અને જરૂરી અન્ય ચીજોની કીટ બનાવી જરૂરીયાતમંદ સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવશે.

આ કાર્ય માટે પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ અને પ્રદેશ અગ્રણી મહેશભાઈ કસવાલાને પ્રદેશ ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ રાહત કામગીરીમાં મદદરૂપ થવા માટે જિલ્લા/મહાનગર, મંડલ અને શક્તિકેન્દ્ર દીઠ બે કાર્યકર્તાઓને ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવશે તેમજ સોશિયલ મીડિયા થકી વધારે ને વધારે લોકો સુધી મદદ પહોંચાડવા માટે આઈ.ટી સેલના બે કાર્યકર્તાઓને મંડલ દીઠ જવાબદારી સોંપવામાં આવશે તેમ વાઘાણીએ જણાવ્યું હતું.

કોરોનાનું ગ્રહણ: એશિયાનું સૌથી મોટું અલંગ શિપબ્રેકિંગ યાર્ડ બંધ થતાં કરોડોનું નુકશાન

ભાવનગર

સમગ્ર દેશમાં કોરોના વાયરસના કારણે જાહેર કરાયેલાં લોકડાઉનની અસર હવે ઉદ્યોગો પર જોવા મળી રહી છે. એક બાજુ ૨૧ દિવસનું લોકડાઉન જ્યારે બીજી તરફ ડોલર સામે તૂટતા રૂપિયા તેમજ મજૂરો પોતાના વતન તરફ જતા રહેતા એશિયાના સૌથી મોટા અલંગ ખાતેનો જહાજ ભાંગવાના ઉદ્યોગની આર્થિક કરોડરજ્જૂ તૂટી જવા પામી છે. જો કે તેમ છતાં ઉદ્યોગકારોએ લોકડાઉનને સમર્થન આપ્યું છે.

કોરોના વાયરસના કારણે રાજ્યના ઉદ્યોગો પર તેની અસર જોવા મળી રહી છે. લોકડાઉનના પગલે રાજ્યના ઉદ્યોગો બંધ હાલતમાં જોવા મળી રહ્યાં છે. ત્યારે ભાવનગરના અલંગમાં શિપબ્રેકિંગ ઉદ્યોગ પણ કપરી પરિસ્થિતિમાં છે.

જો કે હાલ અલંગ શિપબ્રેકિંગમાં લોકડાઉનના કારણે બંધ હાલતમાં જોવા મળી રહ્યો છે. જેમાં મજૂરોને સ્વ વેતન ચૂકવવાના કારણે જહાજ ભાંગવાના ઉદ્યોગને મોટું આર્થિક નુકસાન થયું છે. જો કે આ સ્થિતિમાં પણ અલંગના ઉદ્યોગકારોએ પ્રધાનમંત્રીના લોકડાઉનને સમર્થન આપ્યું છે. ઉદ્યોગકારોએ જણાવ્યું કે આ દેશ માટે જરૂરી પગલું છે.

ભાવનગરના અલંગ શિપયાર્ડમાં દર મહીને સરેરાશ ૨૫ થી ૪૦ જહાજો વિદેશથી આવે છે. પરંતુ હાલ એક માસથી એક પણ જહાજ આવ્યું નથી. અલંગમાં હજી ૧૮૦ જેટલા પ્લોટ છે. જ્યાં સામાન્ય રીતે ૧૦૦ જેટલા જહાજ ભાંગવાનું કામ થાય છે. પરંતુ હાલ આ તમામ જગ્યા સૂમસાન બની ગઈ છે. અલંગમાં ૨૫ હજારથી વધુ મજૂરો કામ કરી રહ્યાં છે.

લોકડાઉનથી અન્ય રાજ્યોમાંથી આવતા શાકભાજીની આવક ઘટી, લીંબુ-આદુ મોંઘા થયા

અમદાવાદ

લોકડાઉન છતાં ગુજરાતમાં પાકતા શાકભાજી સરળતાથી માર્કેટમાં મળી રહી છે, પરંતુ અન્ય રાજ્યોમાંથી આવતા આદુ, લીંબુ અને લીલા વટાણા સહિતના શાકભાજીની આવકમાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. શાક માર્કેટમાં વેપારીઓએ કહ્યું કે, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને કર્ણાટકથી શાકભાજી લઈને આવતા ટ્રક ઘટી રહ્યા છે. તેમને ડર છે કે માલ ઉતારીને પાછા જતા સમયે ટ્રક ખાલી હોવાથી પોલીસ તેમને હેરાન કરશે.

જમાલપુર એપીએમસીના એક વેપારીએ કહ્યું, ટ્રક જ્યારે શાકભાજી લઈને રાજ્યમાં દાખલ થાય છે, ત્યારે પોલીસ કે અધિકારીઓ દ્વારા રોકવામાં નથી આવતો. પરંતુ પાછા જતા સમયે શાકના વેચાણની રિસીપ્ટ બતાવવા છતાં પોલીસ તેમને પરેશાન કરતી હોય છે.

અન્ય વેપારીએ કહ્યું, અન્ય રાજ્યોમાંથી આવતા ટ્રકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. એપીએમસીમાં રોજ કરતા ૫૦ ટકા ઓછા આદુ, લીંબુ, લીલા વટાણા, કોથમીર અને કેપ્સિકમ આવી રહ્યા છે. જે કારણે આ શાકભાજીની કિંમત ઉંચે જઈ રહી છે. જોકે માર્કેટમાં રોજના ૩૨૦૦થી ૩૫૦૦ ક્વિન્ટલ શાકભાજી આવી રહ્યા છે, જે શહેરની રોજની ૩૦૦૦ ક્વિન્ટલની જરૂરિયાત સામે પૂરતા છે.

શાક માર્કેટમાં બટાટા અને ડુંગળીની આવકમાં સામાન્ય ઘટાડો થયો છે. જે કારણે બુધવારે ૧૦-૧૪ રૂપિયા કિલો વેચાતા બટાટાની કિંમત શુક્રવારે ૧૫-૧૮ રૂપિયા થઈ ગઈ હતી. વેપારીએ કહ્યું, આદુ બુધવાર સુધી માર્કેટમાં ૫૦ રૂપિયા કિલો હતુ જે શુક્રવારે હોલસેલ માર્કેટમાં ૬૨ રૂપિયાએ કિલો થઈ ગયું. બોપલમાં શાક વેચનારા અશ્વિન પ્રજાપતિએ કહ્યું, માર્કેટમાં લીંબુ અને આદુની અછત છે અને જો મળે છે તો પણ કિંમત વધારે છે.

કોરોના વાયરસ સંક્રમણની રાષ્ટ્રીય આપત્તિમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ કડક કાર્યવાહી થશે

વલસાડ

કોરોના વાયરસના ફેલાવાની પરિસ્થિતિ અત્યારે વૈશ્વિક મહામારી બની છે, ત્યારે આ સ્થિતિને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવામાં આવી છે. ૧૫ એપ્રિલ સુધી સમગ્ર રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.

આ આપત્તિમાંથી દેશના નાગરિકો અને સમગ્ર દેશને ઉગારી લેવા માટે લૉકડાઉન સહિતના નિયંત્રણોનું કડક પાલન થાય તે અત્યંત આવશ્યક હોવાથી કેન્દ્ર સરકાર દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, અને કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

આ રાષ્ટ્રીય આપત્તિ અંગે ખોટો ભય ફેલાય કે અફરાતફરી મચે તેવા સંકેત આપનાર ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરી શકાશે. સોશિયલ મિડીયાના માધ્યમથી ખોટી, ભયજનક અથવા અતિશયોક્તિ ભરેલી માહિતી ફેલાવનાર સામે પણ એક વર્ષની જેલ અથવા દંડ જેવી કડક કાર્યવાહી કરવામાં આવશે.

રાષ્ટ્રીય આપત્તિ દરમિયાન ભારત સરકાર અથવા રાજય સરકારના સત્તાધિકારી દ્વારા કોઇ પણ કંપની, ખાનગી પેઢી અથવા વ્યકિત પાસેથી આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા અથવા બચાવ કામગીરી હાથ ધરવા અથવા પુનર્વસન કરવા અંગે માનવબળ સહિતના સંશાધનોની માંગણી કરવામાં આવે અને તેવા સંશાધનો ઉપલબ્ધ હોવા છતાં તેવા આદેશોનું ઉલ્લંધન કરે તેવા કિસ્સામાં કાર્યવાહી કરી શકાય છે. એક વર્ષની જેલ અથવા દંડ કે બન્ને પ્રકારની સજા થઇ શકે છે. તે ઉપરાંત સક્ષમ અધિકારીની લેખિત મંજુરી વગર સોંપાયેલી ફરજોનો ઇન્કાર કરનાર કે ટાળનાર અધિકારી વિરૂધ્ધ પણ કાર્યવાહી થઇ શકે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ હેઠળની જોગવાઇઓનો ઉલ્લંધન કરનાર કોઇ પણ નાગરિકથી લઇને જાહેરસેવક તથા કોઇ કંપનીથી લઇને સરકારી વિભાગો વિરૂધ્ધ પણ કાર્યવાહી થઇ શકે છે. સરકારના કોઇ પણ અધિકારીને અથવા સરકારના સત્તાધિકારીઓ દ્વારા અધિકૃત કરવામાં આવેલા વ્યકિતઓને તેમની ફરજમાં રૂકાવટ કરનાર વિરૂધ્ધ પણ કાર્યવાહી કરી શકાય છે.

આપત્તિકાળમાં રાહત, મદદ, મરામત, પુનઃનિર્માણ વગેરે કાર્યોમાં ખોટી રીતે ફાયદો મેળવનાર કે ખોટો દાવો કરનારને તથા રાહત સામગ્રી કે રોકડનો પોતાના માટે ઉપયોગ કરનાર અથવા ગેરકાયદેસર ફાળવણી કરનાર અથવા કોઇ વ્યકિતને ઇરાદાપૂર્વક આવું દબાણ કરનાર વ્યકિતને બે વર્ષની કેદ અને દંડની કાર્યવાહી કરી શકાશે.

૩ કારખાનેદારોએ શ્રમિકોને જાહેર રસ્તા પર રઝળતા મૂકી દેતા પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ

રાજ્યભરમાં લોકડાઉન હોવા છતાં ગોંડલમાં સિમેન્ટ ઉદ્યોગના ૩ કારખાનેદારોએ મજૂરોને છુટ્ટા કરીને રોડ પર રઝળતા મૂકી દેતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ગોંડલના મોવિયા રોડ પર પશુ દવાખાના પાસે આવેલા હનિફભાઈ નાથાભાઈ ધાડા, ઈસ્માઈલભાઈ અબુભાઈ ધાડા અને અઝીઝભાઈ અલીભાઈ પતાણી દ્વારા પોતાના કારખાનાઓમાં કામ કરતા શ્રમિકોને જાહેર માર્ગો પર છૂટ્ટા મૂકી દેવાયા હોવાનું સિટી પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ. એન રામાનુજના ધ્યાને આવતા ત્રણેય કારખાનેદારો વિરૂદ્ધ આપીસી કલમ ૨૭૯ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નાયબ પોલીસ અધિક્ષક ઝાલાએ જણાવ્યું હતું કે, કારખાનેદારો સંપૂર્ણપણે જાણતા હતા કે, મજૂરોને જાહેરમાં છુટ્ટા મૂકવાથી કોરોના વાઈરસનો ચેપ ફેલાય તેમ છે, તેમ છતાં પણ કારખાનેદારો દ્વારા બેદરકારી દાખવી માનવતાને નેવે મૂકી મજૂરોને છૂટા કરી દેવામાં આવ્યા હોય તેથી આવા લોકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે અને જો આ લોકડાઉનના સમયમાં હજી પણ કોઈ કારખાનેદારો દ્વારા તેમના મજૂરોને છૂટ્ટા કરી રોડ પર ખુલ્લા મુકાશે તો કડક કાર્યવાહી હાથ ધરાશે.



કોરોના વાયરસે રાજ્યમાં ભરડો લીધો છે ત્યારે પોલીસ ખડેપગે રહીને લોકોની મદદ કરી રહી છે. લૉકડાઉનની સ્થિતિમાં પોલીસ પોતાના જીવ કે પરિવારની ચિંતા કાર્ય વગર રાત દિવસ ખડેપગે રહીને લૉકડાઉનનો કડક અમલ થાય તેવા પ્રયાસો કરી રહી છે. આ સાથે સાથે પોલીસ જરૂરિયાતમંદ લોકોની પણ ચિંતા કરી રહી છે. અનેક પરિવાર એવા છે કે જે રોજ કમાઈને રોજ ખાતા હોય છે. આવા પરિવારોને પોલીસ જમવાનું ઉપરાંત અનાજની કિટ પણ આપી રહી છે.

કોરાના વાઇરસ મહામારીની આપત્તીમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૫૧,૦૦,૦૦૦/- અર્પણ

જય શ્રી સ્વામિનારાયણ સાથે ઉપરોક્ત વિષય અન્વય સાદર જણાવાનું કે વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી ત્રસ્ત છે આ વૈશ્વિક મહામારીને ભારતમાં નિર્મળ કરવા આપના તરફથી થયેલ કુશળ કાર્યવાહીને પ્રજાજનોએ અમલમાં મુકી,જેની નોધ સમગ્ર વિશ્વમાં લીધી દેશ ઉપર આવી પડેલ આ આપત્તીના કપરા કાળમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર હમેશા દેશ સેવા માટે કટ્ટીબધ્ધ છે. ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વજીવ હિતાવહ' નો સંદેશ અને આર્ષદ્રા ઋષિમુનિઓની 'સર્વે સન્તુ નિરામયા'ની ઉમદા ભાવનાને ભુજ મંદિરે હંમેશા કેન્દ્રસ્થાને રાખી છે.

જે અન્વયે સહીયારા પ્રયાસથી કોરોના જેવી મહામારીને પરાસ્ત કરીને સામાન્ય જનજીવન સ્વસ્થ કરવા હેતુ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ. ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ વર્ષ જાદવજી ભગત, માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરના સ. ગુ. સ્વામી ભગવતુ જીવનદાસજી, અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરના સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, પ્રસાદી શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ. ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી , સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવન દાસજી, સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજી, ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતોની તથા મુખ્ય કોઠારી રામજીભાઈ વેકરીયા ઉપ-કોઠારી મુરજીભાઈ શીયાણી આદિ ટ્રસ્ટીમંડળની સામુહીક દેશ સેવા સ્વરૂપે રૂ.૫૧,૦૦,૦૦૦/- રૂપીયા મુખ્યમંત્રી રાહત ફંડમાં અર્પણ કર્યા.

લોકડાઉનની અસરઃ અમદાવાદમાં પ્રદૂષણ ઘટ્યુ,હવા શુદ્ધ બની

અમદાવાદ

સમગ્ર દેશમાં કોરના વાયરસના કારણે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે લૉકડાઉનના કારમે વાહનો અને ઉદ્યોગોને તાળા લાગી જતા અમદાવાદ સહીત દેશભરની હવા શુદ્ધ બની છે. એક્યુએમએસ એટલે કે એર ક્વોલેટી મોનિટરીગ સિસ્ટમ.ભારત સરકાર દ્વારા મુંબઈ, દિલ્હી,પુના અને અમદાવાદમાં એર ક્વોલેટી મોનિટરીગ સિસ્ટમ શરુ કરવામાં આવી છે.જેના કારણે મેગાસિટીની હવા કેટલી શુદ્ધ છે. તેની જાણકારી મળી શકે છે. જો કે કાર્બન ડાયક્સાઈડ, ઓઝોન થ્રી,નાઈટ્રોજન ડાયોક્સાઈડ ટુનું પ્રમાણ કેટલુ છે અને કેટલુ હોવુ જોઈએ.તેના પરથી એર ઈન્ડેક્ષ નક્કી કરવામાં આવ્યુ છે. એક્યુઆઈ એટલે કે એર ક્વોલેટી ઈન્ડેક્ષ અને જો ૦-થી ૧૦૦ સુધી એર ઈન્ડેક્ષ હોય તો શહેરની હવામાં શદ્ધ છે તેવુ માની શકાય..પરંતુ ૧૦૦ થી ઉપર એર ઈન્ડેક્ષ વધુ નોંધાય તો હવામાં પ્રદુષણનુ પ્રમાણ વધી જાય છે.અને ૨૦૦થી વધારે એર ઈન્ડેક્ષ નોંધાય તો હવામાં પ્રદુષણનો ખતરો વધી જાય છે.

હવામાં પ્રદુષણ વધવાનુ મુખ્ય કારણ છે કે શહેરી વિસ્તારમાં વધતા જતા વાહનો ,ફેકટરીઓ દ્વારા ફેલાતુ પ્રદુષણ અને ઘટતા જતા વુક્ષોનુ પ્રમાણ,લાખોની સંખ્યમાં વાહનો રોજ ઝેર ઓકી રહ્યા છે જેના કારણે શહેરમાં રોજ બરોજ હવામાં પ્રદુષણનુ પ્રમાણ વધતું હોય છે.

પરંતુ છેલ્લા ૭ દિવસથી વાહન વ્યવહાર બંધ છે.જેની અસર વાતાવરણ ઉપર જોવા મળી છે. અને હવા અતિ શુદ્ધ બની છે.અત્યારે અમદાવાદ શહેરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ માં નોંધપાત્ર સુધારો નોંધાયો છે.અને હવા શુદ્ધ બની ગઈ છે.જોકે દેશભરમાં લોકડાઉન છે અને તેની સીધી અસર વાતાવરણ ઉપર જોવા મળી છે.અમદાવાદ, દિલ્હી,પુના,મુંબઈ તમામ શહેરોની હવા અતિ શુદ્ધ બની છે.

ગુજરાત પોલીસ તથા પત્રકાર મિત્રોને વીમા કવચ આપવા થરાદ ધારાસભ્ય ની સી.એમ.ને રજુઆત

સમગ્ર વિશ્વ હાલ કોરોના વાયરસ સામે સતત ઝઝૂમી રહ્યો છે. જેમાં આરોગ્ય કર્મચારીઓ,પોલીસ કર્મચારીઓ તથા પત્રકાર મિત્રો પોતાના જીવના જોખમે આ મહા મારીમાં સમગ્ર દેશમાં પોતાની ફરજ અદા કરી રહ્યા છે. જે અંતર્ગત હાલમાં ભારત સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીઓ માટે ૫૦ લાખ રૂપિયાનું વીમા કવચ જાહેર કરવામાં આવેલ છે, જે ખુબજ સારી બાબત છે પરંતુ આરોગ્ય કર્મચારીઓ સાથે સાથે ગુજરાત પોલીસ તથા પત્રકાર મિત્રો પણ ખભા થી ખભો મીલાવી દિવસ-રાત જોયા વગર પોતાની સેવા આપી રહ્યા છે તમામ કર્મચારીઓનો જેટલો આભાર વ્યક્ત કરીએ એટલો ઓછો છે, તેથી આરોગ્ય કર્મચારીઓ સાથે ગુજરાત પોલીસ તથા પત્રકાર મિત્રોને પણ ૫૦ લોખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવે એજ તેમની સેવાની સાચી કદર કરી જણાશે.તેવી રજુઆત થરાદ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપુતે સી.એમ.સહિત ઉચ્ચ કક્ષાએ કરી છે.

જો રેશનીંગના દુકાનદારો પ્રમાણિક હોય તો પ્રહલાદ મોદી સરકારી માણસનો વિરોધ કેમ કરે છે.!

• બોલો, સંકટની ઘડીમાં સરકારી કામગીરીનો વડાપ્રધાનના ભાઈ દ્વારા જ અવરોધ.!!

• સરકારે કહ્યું કે દરેક રેશનીંગ દુકાને સરકારી માણસની હાજરીમાં પુરવઠો અપાશે,મોદીએ કહ્યું-ના..નહીંપક્યારેય નહીં.!

• રેશનીંગની દુકાનેથી ગરીબોને મફતમાં અપાનાર પુરવઠાની કામગીરી માટે સરકારે એક એક પ્રતિનિધિ મૂક્યો, પરંતુ મોદીએ ના પાડી.

ગાંધીનગર

કોરોનાની મહામારાથી લોકોને બચાવવા આખા દેશમમાં લોકડાઉનની ગંભીર પરિસ્થિતિ ચાલી રહી છે. લોકોને સતત ૨૧ દિવસ ઘરમાં જ રહેવા જણાવાયું છે ત્યારે ગરીબો અને અન્ય લોકોને ૩ મહિના સુધી વિના મૂલ્યે એનાજનો જથ્થો આપવાનું સરકારે જાહેર કરીને રેશનીંગની દુકાનદારોને આ પુરવઢો સરકારી ગોડાઉનમાંથી એકત્ર કરીને રેશનકાર્ડધારકોને સરકારીના એક પ્રતિનિધિની હાજરીમાં વિતરણ કરવાના આદેશનો કોઈ અન્ય નહીં પરંતુ લોકોને બચાવવા મથી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીએ વિરોધ કર્યો છે.!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદી અને ગુજરાત રાજ્ય ફેરપાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોશિયેએશનના પ્રમુખ છે. તેમણે એક ગુજરાતી ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં એવો આરોપ સરકાર સામે મૂક્યો કે સરકારે રેશનીંગની દુકાને સરકારના માણસની હાજરીમાં વિતરણ કરવા કહ્યું છે પરંત સરકારી માણસો યોગ્ય હોતા નથી, સરકારી માણસો ચોર હોય છે અને ભૂતકાળમાં ભૂકંપ અને અન્ય પૂરની સિથિતિ વખતે સરકારી ગોડાઉનમાંથી રાહત સામગ્રી ચોરાઈ ગયાના અહેવાલો જે તે વખતે પ્રસિધ્ધ થયા હતા.

પ્રહલાદ મોદી વડાપ્રધાનના ભાઈ છે. અને તેમના નામનો ઉપયોગ કરીને તાજેતરમાં જ જયપુર-અજમેર નેશનલ હાઈવે પર તેમને એસ્કોર્ટ નહીં મળતાં તેમણે હોબાળો મચાવ્યો હતો અને રોડ પર ધરણા પર બેસસી ગયા હતા,., રેશનીંગ દુકાનદારોના કમિશનમાં વધારો કરવા ગાંધીનગર ખાતે તેમણે રેલી વગેરે. પણ યોજી હતી. કોરોનાના કેર વચ્ચે બધુ જ બંધ છે. વિમાન-ટ્રેન-બસો બધુ જ બંધ છે. લોકો પોતાના ઘરોમાં પોતાનો જીવ બચાવવા બેઠા છે ત્યારે સરકારે અંદાજે ૮૦ કરોડ લોકોને ૩ મહિના સુધી અંગૂઠો (બોયોમેટ્રીક) માર્યા વગર મફત ઘંઉ-ચોખા-દાળ વગેરે. સરકારી કર્મચારીની હાજરીમાં આપવા એટલા માટે કહ્યું છે કે તેમાં કોઈ ગરબડ ના થાય અને ખરેખર જરૂરીયાતવાળા ગરીબો સુધી અનાજનો પુરવઠો પહોંચે.

વડાપ્રધાનના ભાઈનો રૂઆબ બતાવીને પ્રહલાદ મોદીએ એવી શેખી મારી છે કે અમારી દુકાને સરકારી માણસ ન જોઈએ. તેઓ સારા હોતા નથી. શું સરકારને અમારા ઉપર વિશ્વાસ નથીપ,એવો સવાલ તેમમએ કર્યો છે. સરકાર લોકોના કલ્યાણ માટે છે. હાલની પરિસ્થિતિમાં લોકો કઈ રીતે રહી રહ્યાં છે એ સરકાર જાણે જ છે તેથી તેમની વ્હારે સરકાર આવી છે અને લોકોને અનાજ આપવા માંગે છે ત્યારે વડાપ્રધાનના ભાઈના પેટમાં શેની ચૂંક આવે છે?

રેશનીંગ દુકાનેથી અંગૂઠો માર્યા વગર પુરવઠો આપવોનો હોય તો દેખીતી રીતે જ રેશનકાર્ડધારકોને જ અનાજનો જથ્થો મળવો જોઈએ. તેની નિગરાની માટે ગુજરાત સરકારે જો રેશનીંગની દુકાને પોતાનો એક માણસ ઉભો રાખે તો તેમાં દુકાનદારોને કોઈ વાંધો હોવો ના જોઈએ, સિવાય કે કોઈને કંઈક ખોટુ જ કરવાનું હોય તો.!

વડાપ્રધાનના ભાઈનો રૂઆબ છાંટીને સરકારી તંત્રને વખોડનાર પ્રહલાદ મોદી કોને બચાવવા માંગે છેપ? શું તેઓ ખોટુ કરનારાઓનો પક્ષ લઈ રહ્યાં છે કે શું પ.? જો રેશનીંગની દુકાનદારોને કંઈક ખોટુ ના કરવું હોય, કાર્ડધારકને જ સરકારી અનાજદનો જથ્થો મફતમાં આપવાનો હોય તો તેમને વાંધો હોવો ના જોઈએ, સીધી વાત છે. પણ સરકારી માણસ ના જોઈએપસરકારી માણસો સારા હોતા નથી, સરકારી ગોડાઉનમાંથી ભૂતકાળમાં રાહત સામગ્રી ચોરાઈ ગઈ હતીપએમ કહીને પ્રહલાદ મોદી સરકારી તંત્રને ભાંડી રહ્યાં છે. જો રેશનીંગના દુકાનદારો પ્રમાણિક હોય, કાંઈ જ ખોટુ કરતા ના હોય કે જક રૂપિયાનો પણ ભ્રષ્ટાચાર કરતા ના હોય તો તેમની દુકાને સરકારી માણસનો વિરોધ શું કામ કરવો જોઈએ.?

લાગણી એવી છે કે ખરેખર તો દુકાનદારોએ તેનું સ્વાગત કરવુ જોઈએ અને એમ કહેવું જોઈએ કે ભલે સરકારી માણસને તેમની દુકાને ઉભા રાખે, તેમને કોઈ વાંધો નથી કેમ કે તેમને કોઈ ખોટુ કરવુ નથી. પરંતુ એવુ હકારાત્મક વલણ સરકાર પ્રત્યે દર્શાવવાને બદલે સરકારી માણસે વિશે એલફેલ નિવેદન આપવા અને વડાપ્રધાનની આબરૂ પર છાંટા ઉડે તેવું કામ કરનાર પ્રહલાદ મોદી દ્વારા રેશનીંગ દુકાને કામગીરી પર દેખરેખ રાખનાર સરકારી માણસનો વિરોધ એ તર્કને માનવા પ્રોત્સાહિત કરે છે કે દાલ મેં કુછ કાલા નહીં હૈપ.યહાં તો પૂરી દાલ હી કાલી લગ રહી હૈ.!!

સંકટની આ ઘડીમાં વડાપ્રધાનના ભાઈએ વડાપ્રધાનની અને ગુજરાત સરકારની કામગીરીમાં સંપૂર્ણ સહયોગ આપવો જોઈએ અને પોતે દુકાને ઉભા રહીને અનાજ વગેરે.નો પુરવઠો લોકને મળે તેમા સહયોગ આપવાન બદલે રેશનીંગની દુકાને સરકારી માણસ ના જોઈએ એમ કહીને જેઓ ન સમજતા હોય તેમને પણ સમજમાં આવે કે તેઓ શા માટે વિરોધ કરી રહ્યાં છે..!!

લોકડાઉનનો ભંગ કરનાર ૩૫થી વધુ ગુના નોંધાયાઃ ૧૩૫થી વધુ લોકોની ધરપકડ

અમદાવાદ

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસથી બચવા માટે સમગ્ર ભારતમાં લોકડાઉનને પગલે રાજ્યમાં સીઆરપીસી-૧૪૪ કલમ લાગુ કરવામાં આવી છે. ઘરની બહાર કામ વગર ન નીકળવા લોકોને સૂચના આપવામાં આવી છે. છતાં કેટલાક લોકો ઘરની બહાર નીકળે છે. જેથી અમદાવાદ પોલીસે હવે કડક કાર્યવાહી કરી રહી છે. અમદાવાદના વિવિધ પોલીસ સ્ટેશનમાં જાહેરનામાં ભંગના ૩૫થી વધુ ગુના નોંધાયા છે અને ૧૩૫થી વધુ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તાર એવા નિકોલ, રામોલ, ગોમતીપુર,રખિયાલ, ઈસનપુરમાં પોલીસ આવા ટોળાશાહી કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરી રહી છે. જ્યારે પશ્ચિમ વિસ્તારમાં પાલડી, સેટેલાઈટ, સરખેજ સહિતના કેટલાક વિસ્તારોમાં પણ ટોળા કરીને ઉભેલા લોકો સામે કાર્યવાહી કરી છે.

અમદાવાદમાં અનેક લોકોને હોમકવોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. ૧૪ દિવસ માટે ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામા આવે છે છતાં કેટલાક લોકો બહાર નીકળનારા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા ગોયલ ઈન્ટરસિટી ફ્લેટમાં હોમક્વોરોન્ટાઈન કરાયેલી એક વ્યક્તિ ફ્લેટની નીચે ઉભેલો હતો તેને બહાર ન નીકળવા સૂચના હોવા છતાં બહાર નીકળતા રહીશોએ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરવામાં આવ્યો હતો. પોલીસે ૫૪ વર્ષીય વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

કોરોનાનો કહેર

બાલી હનીમૂન ટ્રીપમાં ગયેલા ૩ ગુજરાતી સહિત ૨૭ ભારતીય કપલ ફસાયા

ખેડા

ગુજરાત અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં હાલ, કોરોના વાયરસનો કહેર મચ્યો છે. ત્યારે ઈન્ડિનેશિયાના બાલી ટાપુ પર ગયેલા ગુજરાતના ૩ સહિત ભારતના ૨૭ કપલ ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થતાં ત્યાં જ ફસાયા છે. દેશના ૨૭ નવ પરણિત યુગલ ગત ૧૩મી માર્ચે મુંબઈથી મલિન્ડો એર લાઈનમાં ઈન્ડોનેશિયાના બાલી ટાપુ ગયા હતા.



હવે ૨૭ યુગલોની હનીમૂન ટ્રીપમાં કોરોનાનું વિઘ્ન આવ્યું છે, ત્યાં હાલ આ તમામ યુગલોને હોટલ પ્રશાસન હોટલ ખાલી કરવા દબાણ કરી રહ્યું છે. આ ૨૭ યુગલોમાં રાજસ્થાનના જયપુર અને હૈદરાબાદ, કેરળ, પંજાબ, આંધ્ર પ્રદેશ, મુંબઈ, પુનાસ દિલ્હી, તામિલનાડુ, મોહાલી, યુપી અને ગુજરાતના યુગલોનો સમાવેશ થાય છે.

આ ત્રણ યુગલોમાં ગુજરાતના મૂળ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ભાટેરા ગામનો એનઆરઆઈ યુવાન વિરલ ગોસ્વામી તેની પત્ની કાનન (જે મૂળ આણંદ મેફેરરોડની કાશીધામ સોસાયટીની રહેવાસી છે) છે. જ્યારે અન્ય બે ખેડા જિલ્લાના યુગલોમાં નવા બિલોદરા નડીઆદના રોબિન પટેલ અને નિધિ પટેલ તેમજ મયુર પટેલ અને નિરાલી પટેલ શ્રી સંતરામ ડેરી પાસે રામકૃપા સોસાયટીના રહીશ છે.

કેન્દ્ર સરકાર પાસે મદદની અપેક્ષા સાથે ખેડા જિલ્લાના નડીઆદના વિનોદ પટેલે આજે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણને તેમજ ખેડા કલેક્ટરને પણ રજૂઆત કરી છે.

કોરોનાનાં ડરથી વતન જવા ટ્રકમાં બેઠા, અકસ્માતમાં ત્રણનાં મોત

મહેસાણા

કોરોના વાયરસને કારણે વિશ્વમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યાં છે. ત્યારે સુરતના એક પરિવારનાં સભ્યો કોરોનાથી બચવા માટે એક ટ્રકમાં બેસીને પોતાના વતન જતા હતા. ત્યારે મહેસાણા અમદાવાદ હાઈવે પર અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે અન્ય ત્રણથી ચાર જણ ઈજાગ્રસ્ત થયા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, સુરતની ખાંડ મિલમાંથી ખાંડની બોરી ભરીને ટ્રક પાલનપુર તરફ આવતી હતી. ત્યારે સુરત નજીક લોકડાઉનના પગલે રાજસ્થાન તેમજ પાલનપુરના શ્રમિકો ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે ટ્રક તેમજ સ્થાનિક પોલીસે પણ માનવતા દાખવીને છથી સાત જેટલા લોકોને સુરતથી ટ્રકમાં પેસેન્જર તરીકે બેસાડવામાં આવ્યા હતા.

ત્યારે ખાંડ ભરેલી ટ્રક શુક્રવારનાં વહેલી સવારે અમદાવાદ-મહેસાણા હાઈવે પર જગુદણ નજીકથી પસાર થઈ રહી હતી. ત્યારે ટ્રક ચાલકને ઝોંકુ આવી જતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી. જેમાં બેઠેલા ત્રણ લોકોનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

આ સમાચાર સાંભળતા જ મૃતકોનાં પરિવારમાં શોક છવાઈ ગયો છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા સિવિલમા ખસેડ્યા હતા. મહેસાણા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો હતો.

યાર્ડમાં ખરીદદાર ન મળતા ખેડૂતોએ શાકભાજી રસ્તા પર ફેંકી દીધી

રાજકોટ

રાજકોટના માર્કેટિંગ યાર્ડમાં શાકભાજી વેચવા આવેલા ખેડૂતોને ખરીદદાર ન મળતા શાકભાજી બગડી ગયા છે. જેથી ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. આજે સવારે યાર્ડમાં ખેડૂતોએ શાકભાજી યાર્ડમાં જ ફેંકી દીધા હતા. એક તરફ જીવન જરૂરી વસ્તુ માટે લોકો ચિંતા કરીને માલ સામાન લેવા નીકળી રહ્યા છે, બીજી તરફ ખેડૂતોને શાકભાજી ફેંકી દેવી પડી રહી છે.

રાજકોટમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૮ પોઝિટવ કેસ નોંધાયા છે. શુક્રવારે રાજકોટમાંથી ૧૧ સેમ્પલ લેવાયા હતા. તેમાંથી આઠ નેગેટિવ અને ત્રણ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. ત્રણ પોઝિટિવ કેસ આવ્યા તેમાં ગુરુવારે દુબઈથી આવેલા યુવાનના મિત્રનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના પત્નીનો રિપોર્ટ પણ પોઝિટિવ જાહેર થયો છે. આ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે, તે બન્ને પણ દુબઈથી આવેલા યુવાનના મિત્ર જ છે. આમ દુબઈથી પરત રાજકોટ આવી યુવાને ચાર વ્યક્તિઓને ચેપ લગાડ્યો છે.

ગુજરાતમાં કોરોનાના વધુ ૬ કેસ પોઝિટિવ નોંધાયા

ગુજરાતમાં કોરોના વાયરસના કુલ દરદીઓની સંખ્યા ૫૩: ૯૩૮ સંકાસ્પદોના રિપોર્ટ નેગેટિવ: ડો. જયંતિ રાવ

સુરત

આરોગ્ય વિભાગના અગ્રસચિવશ્રી ડૉ. જયંતિ રવિએ જણાવ્યું છે કે, નોવેલ કોરોના વાયરસના આજે નવા ૬ કેસ પોઝીટીવ થયા છે. આમ રાજ્યમાં કુલ ૫૩ કેસ પોઝીટીવ નોંધાયા છે.

ડૉ. રવિએ વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં જે નવા છ કેસ પોઝીટીવ થયા છે તેમાં ૬૬ વર્ષના એક વડોદરાના પુરૂષ છે જે યુ.કેની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. ગાંધીનગરના ૮૧ વર્ષના એક પુરૂષ અને મહેસાણાના ૫૨ વર્ષના એક પુરૂષનો કેસ છે જે લોકલ ટ્રાન્સમિશનના લીધે છે. એજ રીતે અમદાવાદમાં ૭૦ વર્ષનાં એક પુરૂષનો કેસ છે જે આંતરરાજ્ય ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. અમદાવાદમાં જ એક ૪૫ વર્ષના બહેન અને એક ૩૩ વર્ષના બહેનનો કેસ પણ લોકલ ટ્રાન્સમિશનના પરિણામે નોંધાયો છે. આ સાથે રાજ્યમાં કુલ ૫૩ કેસ પોઝીટીવ થયા છે, જેમાં અમદાવાદમાં ૧૮, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૮, વડોદરામાં ૦૯, ગાંધીનગરમાં ૦૮, ભાવનગરમાં ૦૧ અને મહેસાણામાં ૦૧ કેસનો સમાવેશ થાય છે.

ડો. રવિએ ઉમેર્યું કે, રાજ્યમાં જે ૫૩ કેસ છે જે પૈકી ૧૪ દિવસના કોરોન્ટાઈનમાં રહેલા દર્દીઓના ટેસ્ટિંગ પ્રોટ્રોકોલ મુજબ બે વાર કરવામાં આવ્યા છે તેમાંના ત્રણ કેસના સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે, જે સારા અને રાહતના સમાચાર છે. સૌ નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી. જે લોકડાઉનનો સમયગાળો નિયત કરાયો છે તેનું સંપૂર્ણપણે આપણે પાલન કરવાનું છે. આપણે સૌએ સોશ્યલ ડિસ્ટન્સ એટલે કે સામાજિક અંતર જાળવવું અનિવાર્ય છે. આપણા ઘરમાં પણ વડીલો-વયસ્ક હોય તો તેની સંપૂર્ણ કાળજી રાખીને તેમની સાથે પણ સોશ્યલ ડિસ્ટન્સ રાખી લોકડાઉન પાળીએ. અનિવાર્ય સંજોગો સિવાય બહાર ન જઈએ એ અત્યંત જરૂરી છે.

ડૉ. રવિએ ઉમેર્યું હતું કે, ICMR કે જે સર્વોચ્ચ રેગ્યુલેટરી ઓથોરિટી છે જેના પ્રોટ્રોકોલ મુજબ જ કોરોનાના ટેસ્ટ થાય છે. જે મુજબ રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૯૩ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે, જે પૈકી ૯૩૮ સેમ્પલ નેગેટીવ આવ્યા છે, માત્ર ૫૩ કેસ પોઝીટીવ છે તેમજ બે રીપોર્ટમાં કન્ફર્મેટરી ટેસ્ટ ચાલી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ૨૦,૧૦૩ નાગરિકોને હોમ કોરોન્ટાઈનમાં રખાયા હતા તેમાં ઘટાડો થયો છે અને હવે ૧૯,૩૪૦ લોકોને જ હોમ કોરોન્ટાઈન હેઠળ છે જ્યારે સરકારી કોરોન્ટાઈનમાં ૬૫૭ લોકોને રખાયા છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે એ માટે આરોગ્ય સેનાનીઓ દ્વારા હોમ ટુ હોમ અને ટેલિફોનિક સર્વેલન્સ-ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે જે સંદર્ભે ૪ કરોડથી વધુ નાગરિકોને આવરી લેવાયા છે અને જેમાં તાવ, ઉધરસ કે અન્ય લક્ષણો જણાય તો સામેથી કોન્ટેક કરીને તેમને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

રાજ્યના ચાર મહાનગરોમાં કોવીડ-૧૯ની સ્પેશ્યલ હોસ્પિટલો કાર્યરત થઈ ગઈ છે તેમ જણાવી ડૉ. જયંતિ રવિએ ઉમેર્યું છે કે, આ ચારેય હોસ્પિટલમાં આઈશોલેશન વોર્ડ સહિત તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. હાલ સરકારીમાં ૬૬૦ અને ખાનગીમાં ૧૭૩૯ એમ કુલ મળી કુલ ૨૩૯૯ વેન્ટીલેટર્સ પણ ઉપલબ્ધ છે.

ડો. રવિએ ઉમેર્યું કે, રાજ્યમાં માસ્ક અને જરૂરી દવાઓનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે એટલે નાગરિકોએ સહેજ પણ ગભરાવવાની જરૂર નથી. એન-૯૫ માસ્ક રોજના ૩૦ હજાર અને ત્રિપલ લેયર માસ્ક રોજના ૩ લાખ આવે છે. જેનું વિતરણ કરાવામાં આવી રહ્યું છે. એજ રીતે આરોગ્ય કર્મીઓ કે જેઓ પોઝીટીવ કેસની સારવાર કરી રહ્યા છે તેઓ માટે પીપીઈ કીટ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વીપમેન્ટ) પણ ઉપલબ્ધ છે અને વધુ જથ્થો આજે વાયુસેનાના વિશેષ વિમાન દ્વારા દિલ્હીથી આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, નાગરિકોએ આરોગ્યલક્ષી કે તબીબી સેવાઓની જરૂર હોય તો ૧૦૪ હેલ્પલાઈન તથા મેડિકલ સિવાયની અન્ય ઈમરજન્સી માટે સ્ટેટ કંટ્રોલના ૧૦૭૦ નંબર પર તથા જિલ્લા કક્ષાએ ૧૦૭૭ નંબર પર સંપર્ક કરવાનો છે.

કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં કોરોના વાયરસ સામે તકેદારીના પગલાં

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા માટે ઘનિષ્ઠ પગલાંઓ લેવામાં આવી રહયાં છે. કપરાડા તાલુકાના ખુંટલી, આમધા, નળી મધની સહિત દરેક દૂધ મંડળીઓમાં દૂધ ભરવા માટે આવતા સભાસદોમાં એક મીટરનું અંતર જળવાઇ રહે તે માટે એક મીટર અંતરના ગોળ કુંડાળા કરવામાં આવ્યા છે, જેમાં સભાસદો સંપૂર્ણ તકેદારી રાખે છે અને શાંતિપૂર્ણ રીતે એકમીટરનું અંતર જાળવી લાઈનમાં ઊભા રહી વૈશ્વિક મહામારી સામેના જંગમાં સહયોગ આપી રહયા છે.

ખુંટલી ડેરીના મંત્રી દાનજીભાઇ જણાવે છે કે, અમારી ડેરી છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી છે. અમે બધાજ સભાસદોને હાથ સાબુથી ધોઈને દૂધ ભરવા આવવા જણાવ્યું છે, બધા હાથ ધોઈને આવે છે. અહીં દોરવામાં આવેલા કુંડાળામાં અંતર રાખીને ઊભા રહે છે. જેનુ સભાસદો પાલન પણ કરી રહયા છે. ડેરીમાં પણ સંપૂર્ણ સ્વચ્છતાનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે અને દૂધનું કલેકશન કરી વસુધારા ડેરીમાં પહોંચાડવામાં આવી રહયું છે.

આમધા દૂધ મંડળીના રમણભાઇ જણાવે છે કે, અહીંના સભાસદોને કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા અંગેની બધી જ રીતે માહિતગાર કર્યા છે, વારંવાર હાથ ધોવા અને ભીડવાળી જગ્યાએ ન જવાની જાણકારી આપવામાં આવી છે. ડેરીની બહાર એક મીટરના અંતરે ગોળ કુંડાળા કરવામાં આવ્યા છે, જેમાં દૂધ ભરવા માટે આવતા સભાસદો ઊભા રહી એક મીટરનું અંતર જાળવી રહયા છે.

ખુંટલી ગામની જ એક નાની બાળા ઇશા જણાવે છે કે, હું ચોથા ધોરણમાં ભણું છું. અમે ઘરના બધા જ સાબુથી હાથ ધોઈને ઘરમાં આવીએ છીએ. અમે ઘરે જ રહીને એકબીજા સાથે વાતો કરીએ છે અને સારાં-સારાં પુસ્તકોનું વાંચન કરીએ છીએ.

જીવન જરૂરી ચીજ-વસ્તુઓનું દાન કરવા જાહેર વિનંતી

સુરત

બહુજન સમાજ પાર્ટી સુરત જીલ્લા શહેર યુનિટ પાર્ટી ના પદાધિકારીઓ, પૂર્વપદાધિકારીઓ , કાર્યકર્તાઓ તેમજ શુભ ચિંતકો ને જણાવવાનું કે અતિયારે દેશ અને અને દુનિયા પર જે કોરોના વાયરસ ની આફત આવી છે જેને પહોંચી વળવા સરકાર શ્રી દ્વારા ૨૧ દિવસ નું લોક ડાઉન આપવામાં આવ્યું છે જેમાં આપણા બહુજનો ને આ ૨૧ દિવસ ના લોકડાઉન માં કોઈ જીવન જરૂરી ચીજ વસ્તુઓ ની અછત ના પડે અને દરેક ગરીબ વર્ગને ભોજન સમય સર મળી રહે તે માટે આપણી પાર્ટી તરફ થી જીવન જરૂરિયાત ની ચીજવસ્તુઓ નું મુફ્ત વિતરણ નું આયોજન કરેલ છે તો આપ સૌને નમ્ર અપીલ છે કે સમાજ ના દાતાઓ ને અપલી છે કે સમાજ સેવા માટેની આ અમૂલ્ય તક નો લાભ લઈ દાન આપી શકો છો અને ગરીબો ની મદદ કરી શકો છો (દાન માં અનાજ શાકભાજી કે રોકડ રકમ આપી શકો છો) દાન માટે જિલ્લા પ્રમુખ કે શહેર પ્રમુખ નો સમ્પર્ક કરી શકો છો.

કોરોના ગરજે !
વુહાન શહેરનો કાળ ગરજે !
ઈટલી નો યમરાજ ગરજે!
અમેરિકાનો દુશ્મન ગરજે!
ઈરાનનો કાળમુખો ગરજે!
કયાં ગરજે??
આકાશ માં ગરજે !
વાદળમાં ગરજે!
ટોળાંમાં ગરજે!
એકબીજાના મળવામાં ગરજે
પરદેશીઓના હાથોમાં ગરજે!
કોરોનાગ્રસ્ત ના શ્વાસમાં ગરજે
છીંક અને ઉધરસમાં ગરજે.,
ઉગમણો આથમણો ગરજે!
આરો ને આઘેરો ગરજે
થરથર કાંપે!
માણસ કાંપે જાનવર કાંપે
ઝાડ તણાં પાંદડા પણ કાંપે
મોટેરા કાંપે વૃદ્ધો કાંપે
બજારમાં ફરનારા કાંપે,
ઘોડિયે હીંચતા બાળકો પણ કાંપે
સૂતાં અને જાગતા સૌ કાંપે
જડ અને ચેતન સહુ કાંપે
કેવો ઝબૂકે ??
એરંડાના બીજ શો ઝબૂકે
ધતૂરાના ફેડવા શો ઝબૂકે
પાઈનેપલના ભેંગડા શો ઝબૂકે
ઓકટોપસના અંગ શો ઝબૂકે
ફૂલેરિનસની રચના શો ઝબૂકે
શીતળામાના ડાઘ શો ઝબૂકે
બહાદુરો ઊઠે!
બડકંદાર ભારતીયો ઊઠે
સેનેટાઈઝર લેતાં વીરો ઊઠે
આઈસોલેટેડ પરદેશીઓ ઊઠે
માસક પહેરેલાં બંદા ઊઠે
દાઢીવાળો નરબંકો ઊઠે
એના સહુ બિરાદરો ઊઠે
સેવાભાવી નર્સો ઊઠે
માનવતાવાદી ડોકટરો ઊઠે
મૂછેવળ દેનાર પોલીસો ઊઠે
કર્તવ્યનિષ્ઠ સફાઈકામદાર ઊઠે
ખોંખારો ખાઈ સેવકો ઊઠે
૧૩૦ કરોડ મા ભારતીના લાલ ઊઠે
માનું દૂધ પીનારા ઊઠે
ઘરમાં પૂરાઈ સાથ આપનાર ઊઠે
જાણે આભ મિનારા ઊઠ્યા
ઊભો રે'જે!
ત્રાડ પડી અમારી તું ઊભો રે'જે
ચીનના કુત્તા તું ઊભો રે'જે!
કાયર કુત્તા તું ઊભો રે'જે
પેટભરા! તું ઊભો રે'જે !
ભય થી ભાંગ્યો !
ચીન તને ડરાવનાર ભાંગ્યો
ભારતમાંથી કાયર ભાંગ્યો
દાઢીવાળાના ભયથી ભાંગ્યો
ભારતીયોની સમજદારીથી ભાંગ્યો
પ્રજાની હિંમત જોઈને ભાંગ્યો
દેશની એકતા જોઈને ભાંગ્યો
થાળી -ઘંટના નાદથી ભાંગ્યો
ખમીરવંતા ભારતીયોથી ભાંગ્યો
સહુના લોકડાઉનથી ભાંગ્યો
નમસ્તેના હુંકારથી ભાંગ્યો
ભારતમાતા કી જય

●

કોરોના વાઈરસ સામે લડવા આવી રીતે વધારો તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિ

1 એક વ્યક્તિ માટે 10 પાન તુલસીના એક ગ્લાસ પાણીમાં ધીમાં તાપે ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે ગળીને પીવું

• આ ઉકાળામાં સૂંઠ, આદુ, હળદર, અજમો, ગોળ જેવા રસોડાના ઔષધો પણ નાખી શકાય.

• આ ઉકાળો પીવાથી જઠરાગ્નિ તેજ થાય છે અને જઠરાગ્નિ તેજ થવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.

2 દરેક વ્યક્તિ માટે કાળી દ્રાક્ષના 10 દાણા રાત્રે પલાળી આખા દિવસ દરમિયાન 2-2 દાણા ચૂસવાથી ફાયદો થાય છે. કાળી દ્રાક્ષ દ્વારા રોગપ્રતિકારક શક્તિ ખૂબ આપે છે.

3 આવા સમયે રોજ એક વાર રાઈ તથા મીઠું અડધી અડધી ચમચી વાટીને ગરમ પાણીમાં નાસ લેવો જોઈએ.

4 દરેક લોકોએ પોતાના ઘરમાં રોજ સવાર સાંજ રાઈ, મીઠું, ગૂગળ, લોબાન, નગોડના પાન, સરસવ લીમડાના પાન, કપૂર, ગાયનું ઘી, ગાયનું છાણ, આમાંથી જેટલું ઉપલબ્ધ હોય તેટલાનો ધૂપ કરવામાં આવે તો હવાની શુદ્ધિ થતા કોરોના જેવા રોગ સામે રક્ષણ મળે છે તથા ફેલાતો અટકે છે.

5 આવા વાઈરસ ફેલાવા સમયે જો હળદર મીઠાના કોગળા જો સવાર સાંજ કરવામાં આવે અને ખાસ રાત્રે સૂતા પહેલા કરવા જોઈએ તો રક્ષણ મળે છે.

6 ગળામાં ચીકાશ કે ખારું લાગે તો સૂંઠ, મરી, પીપળ તથા હળદરનો સરખા ભાગે પાઉડર કરી મધ સાથે લેવાથી ચાટવાથી સૂકી ઉધરસમાં ફાયદો થાય છે અને કોરોના જેવા વાઈરસ સામે રક્ષણ મળે છે.

7 પીવાનું પાણીમાં થોડી ફટકડી ફેરવી અશુદ્ધિ તળિયે બેસે એટલે ઉકાળેલું પાણી જ પીવું.

8 આવા કોરોના જેવા સંક્રાંતિ કાળના સમયે હળવો-તાજો ઝડપથી પચે તેવો ખોરાક લેવો.

9 આ સમય ઘરે રહીને ધ્યાન, યોગ, પ્રાણાયામ દ્વારા તંદુરસ્તી મેળવવા માટેનો શ્રેષ્ઠ સમય છે.

ભેસ્તાન જ્ઞાનદેવ આશ્રમ દ્વારા જરૂરીયાતમંદોને ભોજનનું વિતરણ

૨૧ દિવસ સુધી જ્ઞાનદેવ આશ્રમ દ્વારા સુરતના વિવિધ વિસ્તારોમાં અન્નદાન

સુરત

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં ગરીબ અને નિમ્ન મધ્યમવર્ગીય લોકોને ભોજનની મુશ્કેલી વેઠવી ન પડે તે માટે સુરતના ભૈરવનગર, ભેસ્તાન ખાતે આવેલા જ્ઞાનદેવ ભક્ત મંડળ સેવા ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનદેવ આશ્રમ દ્વારા જરૂરિયાતમંદોને દરરોજ ૨૦૦ કિલો ભોજન તૈયાર કરીને વિવિધ વિસ્તારોમાં વિતરણ કરાઈ રહ્યું છે. ૨૧ દિવસ સુધી જ્ઞાનદેવ ભક્ત મંડલ સેવા ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનદેવ આશ્રમ દ્વારા સુરતના વિવિધ વિસ્તારોમાં અન્નદાનનો યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા ભેસ્તાન વિસ્તારમાં ગત ૨૩ માર્ચથી જ ભોજન વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી હરીશભાઈ બી. માળીએ સેવાકીય પ્રવૃત્તિ અંગે જણાવ્યું હતું કે, કોરોના વાઈરસ સામે દેશ એકજૂટ બની લડી રહ્યો છે. સમગ્ર દેશ આજે લોકડાઉનની પરિસ્થિતિમાંથી પસાર થી રહ્યો છે, ત્યારે ઘણાં ગરીબ પરિવારોને ભોજનની મુશ્કેલી ન પડે તે હેતુથી તા.૨૩ માર્ચથી જ ટ્રસ્ટના અન્નક્ષેત્રમાં દરરોજ ૨૦૦ કિલો ભોજન તૈયાર કરવામાં આવે છે. જેમાં ખીચડી કઢી, દાળભાત, પૂરી, બટાટા પૌવા, ઢોકળી, રોટલીઓ, સબ્જી, સુકી ભાજી બનાવવામાં આવે છે. દરરોજ આશરે ૧૦૦૦ થી પણ વધુ લોકો આ સેવાયજ્ઞનો લાભ લઈ રહ્યા છે. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ભેસ્તાનની ઝુંપડપટ્ટી, ગરીબોની ચાલીઓમાં સંસ્થાના વાહનમાં ભોજન લઈ જઈને પીરસવામાં આવે છે. ઉપરાંત, કોઈ પણ જરૂરિયાતમંદ લોકો પોતાની આજુબાજુ રહેતા ગરીબ લોકો માટે પાર્સલ લઈ જવા માંગતા હોય તો તેઓ પોતાના વાસણો લઈને સંસ્થામાં આવે છે, જેમને અમે રાજીખુશીથી ભોજન આપીએ છે. કોરોના વાઈરસના કારણે સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા સપ્તાહના બે દિવસના સ્થાને હવે દરરોજ ભંડારો કરવામાં આવે છે. આ ઉપરાંત વાહનમાં તૈયાર ખાદ્ય સામગ્રી લઈને આસપાસના વિસ્તારમાં પહોંચાડવામાં આવે છે.

વધુમાં હરીશભાઈએ જણાવ્યું કે, જ્ઞાનદેવ ભક્ત મંડળ સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી ભેસ્તાન વિસ્તારમાં દર ગુરૂવારે અને રવિવારે ભંડારાનું આયોજન કરવામાં આવે છે, જેમાં એક સાથે ૧૦ હજાર લોકોને ભોજન કરાવીએ છીએ એમ તેમણે ઉમેર્યું હતું.

ખાસ કરીને જ્ઞાનદેવ આશ્રમ ખાતે જરૂરિયાતવાળા લોકો પાર્સલ ઘરે લઈ જવા ઇચ્છતાં હોય તો તેમને પણ પાર્સલ આપવામાં આવે છે. પાર્સલ લેવા આવતાં લોકો સોશ્યલ ડિસ્ટન્સ જાળવી રાખે એ માટે નિશાનીઓ કરી એકબીજાથી ચોક્કસ અંતર જાળવી રાખે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરતમાં નવી ૨૫૦ બેડની હોસ્પિટલ માટે ૩૫૫ સ્ટાફની તાકીદે ભરતી

કરાર આધારીત મેડિકલ સ્ટાફ માટે ઉમદા તક

સુરત

રાજ્ય સરકારે કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં નવી સિવિલ હોસ્પિટલ ખાતે ઊભી કરવામાં આવેલી ૨૫૦ બેડની હોસ્પિટલ માટે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ૩૫૫ જગ્યાઓ માટે મેડિકલ સ્ટાફની ભરતી યોજાઈ રહી છે. કરાર આધારિત માસિક ફિક્સ વેતનની આ ભરતીમાં સ્પેશ્યાલીસ્ટ પલ્મોનોલોજિસ્ટ/ ફિજીશ્યની ૧૦ જગ્યાઓ, સ્પેશ્યાલીસ્ટ એનેસ્થેટીસ્ટની પાંચ, મેડિકલ ઓફિસર (એમ.બી.બી.એસ.)ની ૬૦ જગ્યાઓ, સ્ટાફ નર્સની ૨૫૦ અને ફ્યુનની ૩૦ જગ્યાઓ માટે તા. ૨૮ મી માર્ચના રોજ હેલ્પ સેન્ટર, સેન્ટ્રલ લાઈબ્રેરી હેઠળ, ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ ખાતે વોક ઈન ઈન્ટરવ્યું યોજાશે. સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ વાગ્યા દરમિયાન ઉમેદવારોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. નિયત લાયકાત ધરાવતાં મેડિકલ ક્ષેત્રના ઉમેદવારો અને સહાયક સ્ટાફ માટે આરોગ્ય ક્ષેત્રમાં કામ કરવાની ઉમદા તક ઊભી થઈ છે.

આરોગ્ય કર્મચારીઓ માટે ભરતી યોજાઈ

સુરત

કોરોનાની મહામારીને ધ્યાને લઇ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ માટે કોવિડ-૧૯ અંતર્ગત ઉભી થનાર ૨૦૦ બેડની હોસ્પિટલમાં એનએચએમ અંતર્ગત કરાર આધારિત માસિક ફીક્સ વેતનથી નિમણૂંક આપવા બાબતની જાહેર ખબાર સંદર્ભે ગત રોજ એમબીબીએસની પોસ્ટ માટે ૪૧, એનેસ્થેટીસ્ટ માટે ૨, ફિઝિયન માટે ૧, પેડિએટ્રીક માટે ૨ અને જીએનએમ નર્સ માટે ૧૩૨ ઉમેદવારો વોર્ક-ઈન ઈન્ટરવ્યુમાં ઉપસ્થિતિ રહ્યા હતા અને તેઓની પસંદગી કરવામાં આવેલ છે.

સુરત જિલ્લામાં ૯,૯૦,૯૫૮ લોકોનું સિકનીંગ: ૫૦.૫૮ ટકા કામગીરી પૂર્ણ

જિલ્લા પંચાયત દ્વારા કોરોના વાઈરસ સામે સાવચેતીના પગલારૂપે ડોર ટુ ડોર સર્વેની કામગીરી પૂરજોશમાં

સુરત

સમગ્ર ગુજરાત રાજ્યમાં વાઈરસ સામે સાવચેતીના પગલારૂપે દસ હજારથી વધારે ફિમેલ હેલ્થ વર્કરો ડોર ટુ ડોર સર્વે કરી રહ્યા છે, ત્યારે લોકોના આરોગ્યની સંભાળ લેવા અને કોરોના વાઈરસના સંક્રમણને રોકી શકાય તે માટે આરોગ્ય તંત્ર સાબદું છે. જિલ્લા પંચાયત દ્વારા પણ ડોર ટુ ડોર સર્વેની કામગીરી અવિરતપણે થઈ રહી છે. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા મહુવા તાલુકામાં ૧,૩૮,૮૯૧ લોકો, પલસાણા ૪૮,૧૪૦, કામરેજ તાલુકામાં ૧,૯૧,૦૫૧, ઓલપાડના ૧,૨૮,૭૧૭, ઉમરપાડાના ૫૪,૬૯૨, ચોર્યાસીના ૪૩,૭૭૩ લોકોનું સ્કિનીગ પૂર્ણ કરવામાં આવ્યું છે. જયારે માંડવી તાલુકાના ૧,૦૬,૩૫૧, માંગરોળના ૧,૧૧,૮૮૦ તેમજ બારડોલીના ૮૬,૪૬૩ મળી કૂલ ૯,૦૯,૯૫૮ લોકોનું સ્કિનીગ કરી સર્વેની ૫૦.૫૮ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી હસમુખ ચૌધરીએ જણાવ્યું હતું કે, આપણા ઘરોમાં વૃદ્ધો- વડીલો હોય તેમણે વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. કોરોના વાઈરસ વૃદ્ધ લોકો પર વધુ અસર કરતો હોવાથી તેનું સંક્રમણ ન ફેલાય તે માટે ઘરમાં પણ આ વડીલો ક્વોરેન્ટાઈનમાં રહે એ વિશેષ આવકાર્ય છે. રાજ્ય સરકાર ચુસ્તપણે ક્વોરેન્ટાઈનનું કડક પાલન થાય તેવા પ્રયત્નો કરે છે. અમુક લોકો હોમ ક્વોરેન્ટાઈનનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે કાયદાકીય પગલા ભરવામાં આવી રહ્યા છે. લોકો નિયમોનું ઉલ્લંઘન ન કરે તો આપણે કોરોનાના દર્દીઓની સંખ્યા ઓછી રાખવામાં સફળ રહી શકીશું, અને કોરોનાનો ચેપ ફેલાતો અટકાવી શકીશું.

શ્રી ચૌધરીએ ડોર ટુ ડોર સર્વે દરમિયાન આરોગ્ય કર્મીઓને પૂરતો સહયોગ આપવા જિલ્લાના નાગરિકોને અનુરોધ કર્યો હતો

લોકડાઉન ટાણે આદર્શનિવાસી શાળા ખાતે આશરો લઈ રહેલા ૩૦૦ શ્રમજીવીઓની નાંદોદ ધારાસભ્ય પી.ડી. વસાવાએ મુલાકાત લીધી





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાઇરસને લઈ દેશભરમાં લોકડાઉન ની સ્થિતિ સર્જાયા બાદ શ્રમજીવી વર્ગ ઉપર સૌથી વધુ અસર થઈ છે ત્યારે રાજપીપળા ખાતે પણ સુરત તરફથી પગપાળા આવેલ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છોટાઉદેપુર સહિતના ૩૦૦ થી વધુ આશ્રિત શ્રમજીવીઓને આદર્શ નિવાસી શાળા ખાતે રાખવામાં આવ્યા છે.નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાને આ બાબતની જાણ થતાં આદર્શ નિવાસી શાળા ખાતે પહોંચી વિવિધ રાજ્યો ના લોકોની મુલાકાત લીધી હતી.

આ અંગે તેમણે જણાવ્યું કે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર ની કામગીરી ખૂબ સારી છે જિલ્લા કલેકટર મનોજ કોઠારી સાથે વાત કરતા તેમણે આ તમામ મજૂરોને પોતાના વતન મોકલવા સુવિધા કરી હોવાની પણ વાત કરી હતી ઉપરાંત નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ ની કામગીરી પણ ખૂબ પ્રશંસનીય છે તેમ જણાવ્યું હતું.

નોવેલ કોરોના વાયરસ (OVID-19) ને ફેલાતો અટકાવવા ભરૂચ પોલીસ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી:

ભારત સરકાર દ્વારા આપેલ લોકડાઉનને ૧૦૦% સફળ બનાવવા તેમજ જાહેર જનતાને કોઇ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે હેતુથી ભરૂચ પોલીસ દ્વારા કરાઈ કાર્યવાહી

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લામાં નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા તેમજ ભરૂચ જિલ્લામાં ૧૦૦% લોકડાઉન કરાવવા માટે સીક્રેટ વાઈઝ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે અને વિવિધ આવશ્યક ચીજ વસ્તુઓનુ વિતરણ વ્યવસ્થામાં સોશીયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ભરૂચ પોલીસ દ્વારા કુલ ૧૦ ઓટો રીક્ષા મારફતે તથા સરકારી વાહનોના મેગાફોન દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરી લોકોને કોઈપણ પ્રકારના ગભરાટ વગર તમામ ચીજવસ્તુઓ સરળતાથી મળી રહેશે તે સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

જીલ્લામાં લોકડાઉન સમયથી આજદિન સુધી ભરૂચ જીલ્લાના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં જાહેરનામા ભંગ બદલ તા.૨૭/૦૩/૨૦૨૦ ના રોજ કુલ ૨૩ ગુનાઓ દાખલ કરવામાં આવેલ જેમા કુલ ૩૪ લોકોની ધરપકડ કરવામાં આવેલ છે. તેમજ લોકડાઉનની ચુસ્ત અમલવારી કરવા માટે બિન જરૂરી કરતા લોકો સામે કડક કાર્યવાહી કરી કુલ ૧૩૨ વાહનો ડીટેન કરવામાં આવેલ છે. તેમજ ભરૂચમાં કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓ જેઓને હોમ કોરન્ટાઈન સલાહ આપવામાં આવેલ છે તેવા કુલ ૩૧૬ વ્યક્તિઓને ભરૂચ પોલીસ દ્વારા ચેક કરવામાં આવેલ છે. ભરૂચ જીલ્લાની તમામ જનતાને જણાવવામાં આવે છે કે કોઇ પણ મુશ્કેલીના સમયે પોલીસની મદદની જરૂર હોઇ તો ભરૂચ જીલ્લા પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૦૨૬૪૨-૨૨૩૩૦૩ તથા ૧૦૦ ઉપર સંપર્ક કરી શકે છે.

સિવિલ હોસ્પિટલમાં લોકોને ઉભા રહેવા સર્કલ બનાવાયા

સુરતમાં ૬૦ કલાકમાં એક પણ કેસ પોઝોટિવ ન નોંધાતા લોકોમાં હાશકારો

સુરત

કોરોના વાઈરસના પોઝિટીવ દર્દીઓમાં છેલ્લા ૬૦ કલાક કરતાં વધુ સમયથી વધારો નથી નોંધાયો. જેથી તંત્રમાં હાશકારાની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે હેતુથી સિવિલ હોસ્પિટલમાં દરેક જગ્યાએ સર્કલ બનાવવામાં આવ્યાં છે. જેથી લોકો તેના સર્કલમાં ઉભા રહી શકે.

સિવિલ હોસ્પિટલની તમામ ઓપીડી, લેબોરેટરી, કેસ બારી અને દવા બારી સહિત ના વિભાગ બહાર ગોળ સર્કલ બનાવાયા છે.કોરોના વાઈરસથી બચવા હોસ્પિટલ તંત્રનો પ્રયાસ છે. સિક્યુરોટી ગાર્ડન જવાનો દર્દીઓ ને ગોળાકારમાં ઉભા રાખવાની જવાબદારી ઉપાડી છે. સર્કલની બહાર ગયા તો ગેટ બહાર જશો એ જ એક છેલ્લો રસ્તો અખત્યાર કરવામાં આવી રહ્યો હોવાથી લોકો પણ નિયમનું પાલન કરી રહ્યાં છે.

લોકો સ્વયં શિસ્તનું પાલન નહીં કરે તો કડક પગલા ભરાશે

નવસારી કલેક્ટર શ્રી આદ્રા અગ્રવાલે નગરજનોને કરી અપીલ

નવસારી

નવસારી જિલ્લા કલેકટરશ્રી આદ્રા અગ્રવાલે નવસારીની જનતાને સંબોધન કરતા કહ્યું કે, હાલ સુધી તંત્ર અને પોલીસ દ્વારા અતિ સંયમપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે. જેના અનુસંધાને નવસારીના ઘણા નાગરિકો વધુ છૂટછાટ લઇ રહ્યા છે. ત્યારે લોકોને અગાઉ વિનંતી કરવામાં આવેલ છે કે કારણ વગર ઘરની બહાર ન નીકળશો, પરંતુ હજુ પણ અનેક લોકો બિનજરૂરી બહાર નીકળી રહ્યા છે. જ્યારે કે તંત્ર દ્વારા દરેક વિસ્તારોની કરિયાણાની દુકાન, દૂધની કે દવાની દુકાન, શાકભાજીની દુકાનોને પરમીશન આપવામાં આવી છે. ત્યારે હાલ જે લોકો નિયમોનું પાલન કરી રહ્યા નથી તે તેમના જીવનને જોખમમાં મુકી રહ્યા છે અને પરિવારને પણ જોખમમાં મુકી રહ્યા છે. મહામારીના સમયમાં આ રોગચાળો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે ત્યારે નવસારીની સ્થિતિને શાંતિપૂર્ણ રાખવા પોલીસ બળપ્રયોગ કરી રહી નથી પરંતુ જો આગળ પણ હવે લોકો નહીં સમજે તો તંત્રને અને પોલીસ અધિક્ષકશ્રીને જરૂર પડ્યે કડક કાર્યવાહી કરવી પડશે તેની સર્વે જનતા નોંધ લે અને સ્વયંશિસ્તથી ઘરમાં રહી કોરોનાથી પોતાના પરિવારને અને પોતાને મુક્ત રાખવાની પહેલ કરે.

નર્મદામાં માસ્કની અછત વચ્ચે ભાવમાં લૂંટ: રાજપીપળા સખી મંડળની બહેનોએ બનાવ્યા સસ્તા અને સારા માસ્ક



રાજપીપળા નગર પાલિકાની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના દ્વારા કામ કરતી સખી મંડળની બહેનોએ માસ્ક બનાવી ફક્ત ૧૦/-રૂપિયામાં વેચાણ શરૂ કર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના મહામારી વચ્ચે હાલ ઘણા સમય થી રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં મોઢા પર બાંધવાના માસ્ક ની અછત હોય કેટલીક દુકાનો પણ ભાવમાં લૂંટ ચાલતી હોવાની પણ બુમ ઉઠી હતી જોકે સરકારી હોસ્પિટકલો માં પણ હાલ માસ્ક નથી તેવી હાલત છે ત્યારે લોકો હાથ રૂમાલ કે અન્ય કપડું બાંધી ફરતા હોય તેવામાં રાજપીપળા નગર પાલીકા ના ચીફ ઓફિસર જયેશ પટેલે પાલીકા હસ્તક ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ માસ્ક બનાવવા બાબતે સૂચના આપતા આ યોજના હેઠળ કામ કરતી સખી મંડળની ૧૫ જેટલી બહેનોએ બીડું ઝડપી સારી ગુણવત્તાના માસ્ક બનાવવાની શરૂઆત કરી હોય ફક્ત ૧૦/-રૂપિયામાં એક માસ્કના ભાવે વેચાણ નક્કી કરતા હાલ તો આ માસ્ક સરકારી કચેરીઓની જરૂરીયાત મુજબના ઓર્ડર પર કામગીરી ચાલુ કરી છે. છતાં કોઈને જો આ માસ્ક ખરીદવા હોય તો સખી મંડળના કાર્યકર સરોજબેન-મો.નં. ૯૪૨૮૩૨૫૨૦૯ પર માસ્ક બાબતેના ઓર્ડર આપી શકે છે.

રામાયણ આધારિત કોરોના કથા

કોરોનાવટી

જો તું 'લક્ષ્મણરેખા' વટાવે ...
તો તને રામ પણ ન બચાવે...

ભલે મનનો 'મારીચ' કે સ્વભાવની 'શૂપર્ણખા' બોલાવે...
ભલે સમાજ રૂપી 'સુવર્ણમૃગ' લલચાવે...
ભલે 'ધર્મ કે કર્મ' ના નામે 'રાવણ' ફોસલાવે...
ભલે દયાનો 'દાનવ' કે આસ્થાનો 'અસુર' ભરમાવે...
ભલે 'જર' રૂપી 'જટાયુ'નું બલિદાન ગભરાવે...
પંચવટીની 'પર્ણકુટિ' જ તારા માટે 'કોરોનાવટી'

જો તું 'લક્ષ્મણરેખા' વટાવે ...
તો તને રામ પણ ન બચાવે...

- રાજેશ જાની, રાજકોટ

શબ્દો નો ભાવાર્થ:- મન = ઇચ્છાઓ, સ્વભાવ = આદતો, સમાજ = લોકચાહના, દયા = સેવાભાવ, આસ્થા = ધાર્મિકવૃતિ, લક્ષ્મણરેખા = લોકડાઉન, જર = પૈસા/આવક, પર્ણકુટી = આપણું ઘર, કોરોનાવટી = કોરોનાની દવા.

હવે ફરી એકવાર વાંચશો.

લોક ડાઉન વચ્ચે નવસારીમાં આવશ્યક સેવાઓ કાર્યરત

તમામ તાલુકામાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ

નવસારી

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID- ૧૯ ની ગંભીરતાને ધ્યાને લઇ સમગ્ર ભારત દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૨૩ ની મધરાતથી ૧૪ એપ્રિલ ૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યો છે. નવસારી જિલ્લામાં લોકડાઉનના કારણે લોકોને દુધ-ફળ અને શાકભાજી તેમજ કરિયાણુ સરળતાથી મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારશ્રીની ગાઇડ લાઈન મુજબ ચાલુ રહે અને લોકોને કોઇ અગવડ ન પડે તેવી વ્યવસ્થા જોવામાં આવી હતી. દુકાનદારો તેમજ ગ્રાહકો દ્વારા કોરોના વાઈરસ પ્રત્યે સાવધાની રાખવા માટે જરૂરી સૂચનાનું પાલન થઈ રહ્યું છે.

જિલ્લા કલેકટરશ્રી આદ્રા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ લોકોને સરળતાથી મળી રહે અને કોઈપણ પ્રકારની મુશ્કેલી ઉભી ન થાય તે રીતે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ લોકો બને ત્યાં સુધી કામકાજ સિવાય બહાર ન જાય અને વધુ લોકો ભેગા ન થાય તેવા સરકારશ્રીના નિયમોનું પાલન ખૂબ જરૂરી છે. જાહેરનામા અનુસાર ખોટી અફવાઓ ન ફેલાય તે માટે પણ પોલીસ વિભાગ સતર્કતાથી કામગીરી કરી રહ્યો છે. જેથી સોશ્યલ મીડિયામાં ખોટા મેસેજ ફોરવર્ડ કરનાર સામે કાર્યવાહી કરાશે.

કોરોના લોકડાઉન વચ્ચે પણ નર્મદા પોલીસની સેવાકીય કામગીરી : નર્મદા ટ્રાફિક પીએસઆઇ ગલચરની સેવાકીય કામગીરી જોવા મળી

સુરત થી પગપાળા આવતા કેટલાક શ્રમજીવીઓને ગાડીમાં બેસાડી આદર્શ નિવાસી શાળામાં પહોંચાડ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



કોરોના લોકડાઉન વચ્ચે કેટલાક મોટા શહેરોમાં જાહેરનામાંના ભંગ બદલ પોલીસ કડક વલણ અપનાવે છે એવા સમયે નર્મદા પોલીસની માનવતા જોવા મળી ત્યારે આ કામગીરી જોઈ કોઈનું પણ હૃદય પીગળી જાય એ સ્વાભાવિક છે.

જાણવા મળ્યા મુજબ હાલ લોકડાઉન લાગુ થતા બહાર ન શહેરોમાં મજૂરી કામ અર્થે ગયેલા હજારો શ્રમજીવીઓ વાહન વ્યવહાર બંધ થતાં પગપાળા વતન ની વાટ પકડી રહયા છે તેવામાં અમુક જિલ્લામાં તંત્ર એક સાથે આવતા આવા લોકોને અટકાવી રહી હોય ત્યારે આવી સ્થિતિમાં નર્મદા પોલીસે ખૂબ સંયમ અને માનવતા સાથે પોતાની ફરજ નિભાવી હોય સુરત થી નીકળી પગપાળા નાંદોદના વિશાલખાડી હાઈવે તરફ આવતા ૨૦૦ જેટલા શ્રમજીવી ઓમાં કેટલાક મધ્યપ્રદેશ,દાહોદ,ભાવનગર તરફના હોય ટ્રાફિક પીએસઆઇ કે. એલ. ગલચરની ફરજ દરમિયાન આ લોકો પર નજર પડતા તેમણે તથા તેમની પોલીસ ટીમે ચાહ નાસ્તો કરાવી લગભગ ૮૦ જેટલા શ્રમજીવીઓને રાજપીપળા નજીકની આદર્શ નિવાસી શાળામાં પોતાની ગાડીમાં પહોંચાડ્યા હતા.

આ શાળામાં નર્મદા વહીવટી તંત્ર દ્વારા શ્રમજીવી માટે રહેવા,જમવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે પગપાળા આવી રહેલા બાકીના શ્રમજીવીઓ ને પણ તંત્ર એ ત્યાં પહોંચાડતા હાલ ૨૦૦ જેવા લોકો ત્યાં આશ્રય લઈ રહ્યા છે.નર્મદા પોલીસે આવા તમામ લોકોને અહીયા લાવવા માટે વાહનો મોકલી વ્યવસ્થા ગોઠવી હતી.નર્મદા વહીવટી તંત્ર શ્રમજીવીઓ માટે આ તબક્કે આશીર્વાદરૂપ કામગીરી કરતું જોવા મળ્યું હતું.

લોકડાઉનમાં શ્રમજીવીના બાળકોની દશા દયનિય: નર્મદામાં આશ્રય લઈ રહેલો માસૂમ બાળક ક્યારે ઘરે પહોંચશે..?



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : લોકડાઉનમાં હાલ વાહન વહવહાર બંધ હોય મોટા શહેરો માંથી વતનની વાટ પકડી પગપાળા નીકળેલા શ્રમજીવી હાલ નર્મદા જિલ્લા વહીવટી તંત્રના આશ્રય સ્થાનમાં છે.ત્યાં રહેવા જમવાની સુવિધા આપી છે પરંતુ માતા સાથે ભોજન લઈ રહેલા આ નાદાન બાળકને કોરોના કે લોકડાઉન ની શી ખબર..?એના માટે તો ગમે તે સ્થાન હોય બે ટંક ભોજન અને મસ્તી જ મહત્વના હોય એ તેની મસ્તીમાં મસ્ત બની માતા સાથે બેસી ભોજન ખાઈ રહ્યો છે.એની વ્યથા કોણ સમજે...?! છેને કુદરતનો કમાલ....

MARKET 4U
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)